CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૧ ઓક્ટોબર ૨૦૨૩, બુધવાર
વિક્રમ સંવત ૨૦૭૯, ભાદરવો વદ બારસ

વર્ષ : ૧૫
અંક : ૭૬

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**ઈઝરાયેલ અને પેલેસ્ટાઈનના યુદ્ધનો ચોથો દિવસ :** ભારતના વડાપ્રધાન સાથે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ટેલિફોન પર વાત કરી વર્તમાન સ્થિતિની માહિતી આપી

# ભારત આતંકવાદના તમામ રૂપોની કડક ટીકા કરે છે : પીએમ મોદી

। નવી દિલ્હી, તા.૧૦ ।

ઈઝરાયેલ અને પેલેસ્ટાઈનના યુદ્ધનો આજે ચોથો દિવસ છે, ત્યારે ઈઝરાયેલના વડાપ્રધાન બેંજામિન નેતન્યાહૂએ આજે મંગળવારે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરી છે. પીએમ મોદીએ એક્સ પર લખ્યું કે, હું ઈઝરાયેલની વર્તમાન સ્થિતિ અંગે અપડેટ આપનાર વડાપ્રધાન નેતન્યાહૂનો ધન્યવાદ કરું છું. ભારતના લોકો આ મુશ્કેલ પરિસ્થિતિમાં ઈઝારયેલ સાથે મજબુતી સાથે ઉભો છે. ભારત આતંકવાદના તમામ રૂપોની કડક ટીકા કરે છે.

આતંકવાદી સંગઠન હમાસે શનિવારે ઈઝરાયેલ પર આડેધડ ગોળીબાર અને મિસાઈલ મારો ચલાવ્યો છે, ત્યારે પીએમ મોદીએ હુમલાની નિંદા કરી ઈઝરાયેલ સાથે એકતા દર્શાવી છે. મોદીએ આ ઘટનાને આતંકવાદી હુમલો કહી કડક ટીકા કરી છે. મોદીએ કહ્યું કે, ઈઝરાયેલમાં આતંકવાદી હુમલાનું જાણી દુઃખ થયું. હુમલામાં અસગ્રસ્ત પીડિતો અને તેમના



પરિવારજનો પ્રત્યે અમારી સંવેદના અને પ્રાર્થના છે. અમે આ વિકટ પરિસ્થિતિમાં ઈઝરાયેલ સાથે મજબુતી સાથે ઉભા છીએ. ભારતમાં ઈઝરાયેલના રાજદૂત નાઓર ગિલોને અગાઉ કહ્યું હતું કે, તેમના દેશને ભારતના મજબુત સમર્થનની જરૂર છે. તેમણે કહ્યું હતું કે, ભારત એક પ્રભાવશાળી દેશ છે અને તે આતંકવાદના પડકારને સમજે છે અને આ સંકટને પણ સારી રીતે જાણે છે. આ સમયે હમાસનો અત્યાચાર અટકાવવા અમને તમામ ક્ષમતા આપવી ખુબ જરૂરી છે. તેમણે કહ્યું હતું કે, અમને ભારત તરફથી ભારે સમર્થન મળ્યું છે. અમને આશા છે કે, વિશ્વના તમામ દેશો સેંકડો ઈઝરાયેલી નાગરિકો, મહિલાઓ, વૃદ્ધો અને બાળકોની નિર્દોષ હત્યા અને અપહરણની નિંદા કરશે. આ અસ્વિકાર્ય છે.


પેલેસ્ટાઈનના આતંકી સંગઠન હમાસે ઈઝરાયેલ પણ અણધારો હુમલો કરતા મધ્ય પૂર્વમાં યુધ્ધ ફાટી નિકળ્યું છે. જ્યારે પશ્ચિમી દેશોએ હમાસના હુમલાને લઈને ઈઝરાયેલને સમર્થન આપ્યું છે, ત્યારે પશ્ચિમ એશિયાના ઈસ્લામિક દેશો પેલેસ્ટાઈનના સમર્થનમાં એક સાથે ઉભા છે. દરમિયાન બંને દેશો વચ્ચેના યુદ્ધમાં અત્યાર સુધીમાં લગભગ ૧૬૦૦ લોકોના મોત થયા છે, તો સેંકડો લોકો ઈજાગ્રસ્ત પણ થયા છે. આ સ્થિતિ વચ્ચે હમાસે ધમકી આપી છે કે જો ગાઝા પટ્ટી પર હુમલા બંધ નહીં થાય તો તે ઈઝરાયેલના બંધકોને મારી નાખશે. હમાસ દ્વારા ઈઝરાયેલના ૩૦થી વધુ લોકોને બંધક બનાવીને રાખ્યા છે.

**ઈઝરાયેલ અને હમાસના યુધ્ધમાં વિશ્વમાં બન્ને પક્ષોને સમર્થન**

## ઈઝરાયેલ અને પેલેસ્ટાઈનના સમર્થક જૂથો વચ્ચે લંડનમાં અથડામણ થઇ

। લંડન, તા.૧૦ ।

ઈઝરાયેલ અને પેલેસ્ટાઈનના આતંકવાદી સંગઠન હમાસ વચ્ચે છેલ્લા ચાર દિવસથી યુદ્ધ ચાલી રહ્યું છે. યુદ્ધ શરુ થયા બાદથી વિશ્વભરમાં બંને પક્ષોના સમર્થનમાં દેખાવો થઈ રહ્યા છે. કોઈ ઈઝરાયેલનું સમર્થન કરી રહ્યું છે તો કોઈ પેલેસ્ટાઈનના સમર્થનમાં ઊભું છે. તેવી જ રીતે બ્રિટનમાં પણ યુદ્ધ બાદ બે જૂથો સામે આવી ગયા હતા, સોમવારે મોડી રાત્રે બંને પક્ષના જૂથો વચ્ચે અથડામણ થઈ હતી. આ ઘટના રાજધાની લંડનના હાઈ સ્ટ્રીટ કેન્સિંગ્ટન ટ્યુબ સ્ટેશન પર બની હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, લંડનમાં વિવિધ સ્થળોએ પેલેસ્ટાઈન અને ઈઝરાયેલના સમર્થનમાં પ્રદર્શન થઈ રહ્યા છે. કેટલીક



જગ્યાએ પ્રદર્શનો હિંસક બની રહ્યા છે. સોમવારે સાંજે લગભગ છ વાગ્યે, લંડનમાં ઈઝરાયેલી દૂતાવાસની બહાર ભીડ વધવા લાગી. હજારો દેખાવકારો પેલેસ્ટાઈનનો ધ્વજ લઈને ઈઝરાયેલ વિરુદ્ધ ધાર્મિક સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા. જ કેટલાક લોકોએ ઈઝરાયલ એમ્બેસી તરફ ફટાકડા ફોડવાનું શરૂ કર્યું. આ દરમિયાન ઈઝરાયેલ સમર્થકો અને પેલેસ્ટાઈન સમર્થકો વચ્ચે અથડામણ થઈ હતી. બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનકે હમાસને સમર્થન કરનારા લોકોને આતંકવાદી ગણાવ્યા હતા. સુનકે ટ્વીટ કર્યું કે જે લોકો હમાસને સમર્થન આપે છે તેઓ આ ભયાનક હુમલા માટે જવાબદાર છે. તેઓ આતંકવાદી છે. બ્રિટનના ગૃહ પ્રધાન સુએલા બ્રેવરમેને બ્રિટનમાં આતંકવાદ પ્રત્યે ઝીરો ટોલરન્સની ચેતવણી આપી હતી.

પોલીસનું કહેવું છે કે અથડામણની માહિતી મળતાં જ અમે ત્યાં પહોંચી ગયા. અમે બંને જૂથના લોકોને અલગ કર્યા. અમારી પ્રાથમિકતા વિસ્તારમાં શાંતિ જાળવવાની અને બને તેટલી વહેલી તકે તણાવનો અંત લાવવાની છે. મેટ્રોપોલિટન પોલીસે એક નિવેદનમાં કહ્યું કે બંને પક્ષો વચ્ચેની અથડામણ હવે સમાપ્ત થઈ ગઈ છે.



**હમાસે ઈઝરાયેલમાં વિનાસ વેર્યો**

## ઈઝરાયેલ-હમાસ યુધ્ધમાં માસૂમ નવજાત બાળકે પણ જીવ ગુમાવ્યો

**દાવો કરવામાં આવી રહ્યો છે કે આ પેલેસ્ટિનિયન વ્યક્તિ છે જેણે ઈઝરાયેલના હવાઈ હુમલામાં પોતાની માસૂમ પુત્રીને ગુમાવી છે**

। જેરૂસલેમ, તા.૧૦ ।

પેલેસ્ટાઈનના આતંકવાદી સંગઠન હમાસે ઈઝરાયેલનો વિનાશ વેર્યો છે. એવામાં આ યુદ્ધમાં એક હૃદય ચીરી નાંખતી તસવીર સામે આવી છે. જેમાં એક પિતા તેની માસૂમ નવજાત બાળકીના મૃતદેહને ગળે વળગીને ઉભા છે. જેને જોતા કોઈ પણ માણસ દુઃખી થઈ જાય. આ ઘટનાનો એક વિડીયો પણ વાયરલ થઈ રહ્યું છે. પેલેસ્ટિનિયન સમર્થકો દ્વારા શેર કરવામાં આવેલા આ વીડિયોમાં એક પિતા પોતાની નવજાત પુત્રીના મૃતદેહને ગળે લગાવી રહ્યા છે અને ખૂબ રડી રહ્યા છે. વીડિયોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે આ પેલેસ્ટિનિયન વ્યક્તિ છે જેણે ઈઝરાયેલના હવાઈ હુમલામાં પોતાની માસૂમ પુત્રીને ગુમાવી છે.

પેલેસ્ટાઇનના આતંકી સંગઠન હમાસે ઈઝરાયેલ પણ અણધારો હુમલો કરતા મધ્ય પૂર્વમાં યુધ્ધ ફાટી નિકળ્યું છે. જ્યારે પશ્ચિમી દેશોએ હમાસના હુમલાને લઈને ઈઝરાયેલને સમર્થન આપ્યું છે, ત્યારે પશ્ચિમ એશિયાના ઈસ્લામિક દેશો પેલેસ્ટાઈનના સમર્થનમાં એક સાથે ઉભા છે. દરમિયાન, ઈઝરાયેલમાં આ દર્દનાક હુમલાઓમાં અત્યાર સુધીમાં લગભગ ૯૦૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. ગાઝા પટ્ટી પર ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલા વળતા હુમલામાં ૬૯૦ લોકોએ જીવ ગુમાવ્યા હોવાનું સામે આવ્યું છે. આ સ્થિતિ વચ્ચે હમાસે ધમકી આપી છે કે જો ગાઝા પટ્ટી પર હુમલા બંધ નહીં થાય તો તે ઈઝરાયેલના બંધકોને મારી નાખશે. હમાસ દ્વારા ઈઝરાયેલના ૩૦થી વધુ લોકોને બંધક બનાવીને રાખ્યા છે.

## હમાસના હુમલા સામે ઈઝરાયેલને યુએ, યુકે, ફ્રાન્સ, જર્મની અને ઈટલીનો ટેકો

। તેલ અવીવ, તા.૧૦ ।

અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની અને ઈટલી હમાસના હુમલા બાદ ઈઝરાયલની સાથે આવી ગયા છે. આ દેશો તરફથી એક સંયુક્ત નિવેદન જાહેર કરી હમાસની નિંદા કરવામાં આવી છે અને કહેવામાં આવ્યું છે કે ઈઝરાયલને પોતાની રક્ષા કરવાનો સંપૂર્ણ અધિકાર છે. આ દેશોએ કહ્યું કે હમાસ તરફથી ઈઝરાયલ પર જે અચાનક હુમલો થયો ત્યારબાદ રક્ષાના પ્રયાસોમાં તેના તરફથી ઈઝરાયલને સંપૂર્ણ સમર્થન છે. ઈઝરાયલના પ્રધાનમંત્રી બેન્ઝામિન નેતન્યાહૂએ પણ પોતાના સંબંધોમાં દુનિયાભરના તે દેશોનો આભાર માન્યો જે ઈઝરાયલની સાથે ઉભા છે. શનિવારે હમાસ તરફથી ઈઝરાયલ પર જે આતંકી હુમલો કરવામાં આવ્યો, તેમાં ઈઝરાયલ તરફથી ૭૦૦ લોકોના મોત થયા છે. અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની અને ઈટલી તરફથી નિવેદન જાહેર કરવામાં આવ્યું છે, તેને ખુબ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. તેમાં કહેવામાં આવ્યંલ છે કે આ દેશ પેલેસ્ટાઈનની કાયદેસર આકાંક્ષાઓને ઓળખે છે પરંતુ હમાસ, તેના માટે ખુનખરાબા અને આતંક સિવાય કંઈ પ્રદાન કરતું નથી. સોમવારે ઈઝરાયલી પીએમ નેતન્યાહૂએ દેશની જનતાને સંબોધિત કરી હતી.

**ઈઝરાયેલ-હમાસ યુધ્ધ પર બ્રિટનના વડાપ્રધાનની ટિપ્પણી**

## હમાસ માત્ર આતંકવાદી, ઉગ્રવાદી કે સ્વતંત્રતા સેનાની નથી : સુનક

**બ્રિટનમાં પણ આ યુદ્ધથી બે ભાગ પડ્યા છે, જેમાં તણાવની સ્થિતિ સર્જાઈ હતી**

। લંડન, તા.૧૦ ।

પેલેસ્ટાઈનના આતંકવાદી સંગઠન હમાસે ઈઝરાયેલનો વિનાશ વેર્યો છે. એવામાં ચાર દિવસથી ચાલી રહેલા ઈઝરાયેલ-હમાસ વચ્ચેના આ યુદ્ધના પડઘા વિશ્વભરમાં સંભળાય રહ્યા છે. આ પડઘા બે ભાગમાં વિખરાયેલા છે જેમાં એક ભાગ ઈઝરાયેલ સમર્થક છે તો બીજો હમાસને સમર્થન આપે છે. એવામાં બ્રિટનમાં પણ આ યુદ્ધથી બે ભાગ પડ્યા છે. જેમાં આ બે ભાગોમાં તણાવની સ્થિતિ સર્જાય હતી. આ ઘટના બ્રિટનની રાજધાની લંડનનું હાઈ સ્ટ્રીટ કેન્સિંગ્ટન ટ્યુબ સ્ટેશનમાં બની હતી. આ ઘટનાને લઈને બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનાકે હમાસનું સમર્થન કરનારા લોકોને આતંકવાદી ગણાવ્યા હતા. સુનકે ટ્વીટ કર્યું કે, જે લોકો હમાસને સમર્થન આપે છે તેઓ આ હુમલા માટે સંપૂર્ણ જવાબદાર છે. તેઓ સ્વતંત્રતા સેનાની



નહીં પરંતુ આતંકવાદી છે. તે જ સમયે, બ્રિટનના ગૃહ પ્રધાન સુએલા બ્રેવરમેને બ્રિટનની સડકો પર આતંકવાદ પ્રત્યે ઝીરો ટોલરન્સનું આહ્વાન કર્યું હતું. મીડિયા અહેવાલો અનુસાર, લંડનમાં વિવિધ સ્થળોએ પેલેસ્ટાઈન અને ઈઝરાયેલના સમર્થનમાં પ્રદર્શન થઈ રહ્યા છે. કેટલીક જગ્યાએ પ્રદર્શનો હિંસક બની રહ્યા છે. ગઈકાલે લંડનમાં ઈઝરાયેલી દૂતાવાસની બહાર મોટી સંખ્યામાં ભીડ એકઠી થઈ હતી. હજારો દેખાવકારો પેલેસ્ટાઈનના ઝંડા લઈને ઈઝરાયેલ વિરુદ્ધ ધાર્મિક સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા.

## હમાસે યુદ્ધ શરૂ કર્યું, અમે ખતમ કરીશુ : નેતન્યાહુની ચેતવણી

। જેરૂસલેમ, તા.૧૦ ।

આતંકવાદી સંગઠન હમાસે ઈઝરાયેલ પર રોકેટ મારો કર્યા બાદ ૭મી ઓક્ટોબરથી ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. અહેવાલ મુજબ આ ૩ દિવસમાં પેલેસ્ટાઈનના ગાઝા અને વેસ્ટ બેંકમાં યુદ્ધના કારણે ૭૦૪ લોકોના મોત થયા છે અને ૨,૬૧૬ લોકો ઘાયલ થયા છે, જ્યારે ઈઝરાયેલમાં ૯૦૦ લોકોના મોત થયા છે અને ૩૮૦૦ લોકો ઘાયલ થયા છે. આ દરમિયાન ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ હમાસને કડક ચેતવણી આપતા કહ્યું કે ઈઝરાયેલે આ યુદ્ધ શરૂ નથી કર્યું પરંતુ અમે તેને ખતમ અમે કરીશું. ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહુએ એક સંબોધનમાં કહ્યું, ''ઈઝરાયેલ યુદ્ધની સ્થિતિમાં છે. અમે આ યુદ્ધ ઈચ્છતા ન હતા. આ યુદ્ધ અત્યંત ક્રૂર રીતે શરૂ કરવામાં આવ્યું હતું. જો કે ઈઝરાયેલે આ યુદ્ધ શરૂ કર્યું નથી, પરંતુ ઈઝરાયેલ તેનો અંત લાવશે.'' હમાસને ચેતવણી આપતા વડા પ્રધાન નેતન્યાહુએ કહ્યું કે હમાસને આની કિંમત ચૂકવવી પડશે અને જેને લાંબા સમય સુધી યાદ રાખવામાં આવશે. હમાસ સમજી જશે કે તેમણે અમારા પર હુમલો કરીને ઐતિહાસિક ભૂલ કરી છે. અમે એવી કિંમત વસુલીશું જેને હમાસ અને ઈઝરાયેલના અન્ય દુશ્મનો આવનારા દાયકાઓ સુધી યાદ રાખશે.

**ઈઝરાયેલ પોલીસે પણ એક વીડિયો એક્સ પર શેર કર્યો**

## ઈઝરાયેલ પોલીસે બે હથિયારધારી આતંકીઓને ઠાર કરવામાં આવ્યા

**હમાસ આતંકવાદીઓના હુમલા બાદ ઈઝરાયેલ પણ જડબાતોડ કાર્યવાહી કરી રહ્યું છે**

। જેરુસલેમ, તા.૧૦ ।

ઈઝરાયેલ અને હમાસના યુદ્ધનો આજે ચોથો દિવસ છે. હમાસ આતંકવાદીઓના હુમલા બાદ ઈઝરાયેલ પણ જડબાતોડ કાર્યવાહી કરી રહ્યું છે. સોશિયલ મીડિયા પર યુદ્ધના ઘણા ધ્રુજાવતા વીડિયો સામે આવી રહ્યા છે, ત્યારે ઈઝરાયેલ પોલીસે પણ એક વીડિયો એક્સ પર શેર કર્યો છે, જેમાં પોલીસ અને સરહદી પોલીસ અધિકારીઓની બહાદુરી જોવા મળી રહી છે. ઈઝરાયેલ પોલીસે સોશિયલ મીડિયા પર વીડિયોને શેર કરી લખ્યું કે, 'શનિવારે નેટિવોટ બહાર પોલીસ અને સરહદી પોલીસ અધિકારીઓએ બહાદુરીપૂર્વક ૨ હથિયારધારી આતંકવાદીઓને ઠાર કર્યા. અમે અમારા નાગરિકોને આતંકવાદથી બચાવવા તમામ પ્રયાસો ચાલુ રાખીશું. વીડિયોમાં સ્પષ્ટ જોવા મળી રહ્યું છે કે, પોલીસે



૨ હથિયારધારી આતંકવાદીઓ સામે બહાદુરીથી મુકાબલો કર્યો અને ઠાર કર્યા. પેલેસ્ટાઈનના આતંકી સંગઠન હમાસે ઈઝરાયેલ પણ અણધારો હુમલો કરતા મધ્ય પૂર્વમાં યુધ્ધ ફાટી નિકળ્યું છે. જ્યારે પશ્ચિમી દેશોએ હમાસના હુમલાને લઈને ઈઝરાયેલને સમર્થન આપ્યું છે, ત્યારે પશ્ચિમ એશિયાના ઈસ્લામિક દેશો પેલેસ્ટાઈનના સમર્થનમાં એક સાથે ઉભા છે. દરમિયાન બંને દેશો વચ્ચેના યુદ્ધમાં અત્યાર સુધીમાં લગભગ ૧૬૦૦ લોકોના મોત થયા છે, તો સેંકડો લોકો ઈજાગ્રસ્ત પણ થયા છે.




CMYK

### પરણિતા પરિવાર સાથે સેટલ થવા ગઈ હતી

# કેનેડા ગયેલો પરિવાર અઢી મહિનામાં ભારત આવી ગયો

## પરણિતાએ કહ્યું કેનેડામાં તમને સૌથી વધુ તમારો પરિવાર, તમારા લોકો, તહેવારો વગેરેની બહુ જ યાદ આવે છે

। અમદાવાદ, તા.૧૦ ।

તમે રૂપિયાવાળા હોવ કે મિડલ ક્લાસ ફેમિલીમાંથી હોવ, પરદેશમાં જવાનો નિર્ણય અને ત્યાં સેટલ થવું જરાય સરળ હોતું નથી. ભારતમાં બિઝનેસ વેલસેટ હોવા છતાં એક પરિવાર પોતાના બે બાળકો સાથે કેનેડા સેટલ થવા માટે ગયો પરંતુ અઢી મહિનામાં જ તેઓ પરત આવી ગયા હતા. હવે તેમની સાથે એવું તો શું થયું કે લોકો વિદેશ જવા માટે તલપાપડ થતા હોય છે અને તેમને તક મળી ગઈ, ઘર, ગાડી બધું સેટ થઈ ગયું છતાં પાછા ભારત આવવાનો નિર્ણય લેવો પડ્યો. આ અંગે રાધિકા શર્મા (નામ બદલ્યું છે)એ પોતાનો ત્યાં જવાનો, ત્યાં રહેવાનો, ત્યાના કાયદા વગેરે અંગે વાત કરી છે, જેમાં તેમણે કેનેડામાં રહેવાના જે અનુભવો કર્યા તેના સારા અને નરસા બન્ને પાસા પણ ગણાવ્યા છે. તો આવો તમને જણાવીએ કે એક પરિણીતાનો કેનેડામાં રહેવાનો અને ત્યા થયેલા અનુભવો વિશે શું કહેવું છે. તેમને કેનેડામાં કેટલીક બાબતો બહુ જ પસંદ પડી જ્યારે કેટલીક બાબતો તેમને બહુ ખટકતી પણ હતી જેના વિશે પણ તેમણે ખુલીને વાત કરી છે. જેમને કેનેડા જવું છે કે માત્ર ત્યાના કલચર, આબોહવા, કાયદા વગેરે વિશે જાણવું છે તેમને પણ અહીંથી ઘણું જાણવા મળશે. રાધિકાના પતિ ભારતમાં બિઝનેસમેન છે અને તેઓ ભારત અને કેનેડા બન્ને જગ્યા પર બિઝનેસ હેન્ડલ કરવાના હતા એટલે કે તેઓ થોડો સમય કેનેડામાં અને થોડો સમય ભારતમાં રહેવાના હતા. આવામાં પરિણીતા પોતાના બે બાળકો સાથે કેનેડામાં એકલી રહેતી હતી અને તેણે ત્યાં શું જોયું અને શું અનુભવ્યું તે વિશે વાત કરવાની સાથે તેમણે એક વાત સૌથી



મહત્વની એ જણાવી કે તેઓ કેનેડા ગયા તેના પહેલા બેકઅપ પ્લાન બનાવ્યો હતો અને એ જ પ્લાન પ્રમાણે તેઓ અઢી મહિના ત્યાં રહ્યા પછી પરત ભારત આવી ગયા હતા. રાધિકા કહે છે કે કેનેડામાં તમને સૌથી વધુ તમારો પરિવાર, તમારા લોકો, તહેવારો વગેરેની બહુ જ યાદ આવે છે. ભારત અને કેનેડાની સરખામણી કરવાના બદલે તેમણે ત્યાના સારા અને નરસા પાસા વિશે વાત કરીને જણાવ્યું કે અહીંના કાયદા અને નિયમોનું લોકો બરાબર રીતે પાલન કરે છે, આવામાં તમને ખોટી અડચણો નડતી નથી. તેમના માટે કેનેડા જવાનો પ્લસ પોઈન્ટ એ હતો કે તેમના સગા પહેલાથી જ ત્યાં રહેતા હતા, જેથી કરીને શરુઆતના જે કાગળિયા, ડ્રાઈવિંગ લાયન્સ, ભાડાનું ઘર વગેરે માટે મુશ્કેલીઓનો સામનો કરવાનો વારો નહોતો આવ્યો અને વારંવાર ઈન્ટરનેટ પર માહિતીઓ શોધવાની જરુર પડી નહોતી. પરંતુ તેમને સૌથી મુશ્કેલ એ બાબત લાગતી હતી કે અહીં બધું જ તમારે પોતાની જાતે કરવું પડે છે, અહીં ભારત જેવું નથી હોતું કે તમે નાના-નાના કામ માટે કોઈને ફોન કરીને કે અમુક રૂપિયા ચૂકવીને તે કરાવી શકો. કેનેડાની સારી બાબતો વિશે વાત કરીને રાધિકા જણાવે છે કે, અહીં સ્કૂલમાં એડમિશન લેવું, ભાડાનું ઘર લેવું વગેરે બહું અઘરું નથી, જો તમે પ્લાન તૈયાર રાખ્યો હોય તો બધું એકદમ સરળતાથી થઈ જાય છે. તેમણે જણાવ્યું કે અહીંનું ભણતર ભારતની સરખામણીમાં થોડું પાછળ છે એટલે કે તમારું બાળક કે પાંચમા ધોરણમાં ભણી લે છે તે અહીં ૬-૭ ધોરણમાં ભણાવવામાં આવે છે આ સિવાય અહીં ભારતનું બહુ ભારણ બાળકોના માથે આપવામાં આવતું નથી, હોમવર્ક જેવી સિસ્ટમ અહીં બહુ જ ઓછી જોવા મળે છે. કેનેડાના એક અનુભવને શેર કરીને તેમણે કહ્યું કે એક દિવસ તેઓ પોતાના પતિ સાથે ચાલવા નીકળ્યા હતા ત્યારે એક સ્કૂલની બસ ઉભી રહી અને તેણે પાર્કિંગ લાઈટ ચાલું કરી દીધી અને સ્ટોપનું બોર્ડ દર્શાવી દીધું હતું. આ જોઈને તે ચાર રસ્તા પરથી પસાર થતા તમામ વાહનો ઉભા રહી ગયા હતા, કારણ તેમના માટે એ સાઈન હતી કે કોઈ બાળક બસમાંથી ચઢી રહ્યું છે અથવા તો ઉતરી રહ્યું છે. આ બાળક રોડ ક્રોસ કરીને પસાર ન થઈ ગયું ત્યાં સુધી તમામ વાહનો બસથી દૂર ઉભા રહી ગયા હતા અને ત્યાની એ વાત બહુ જ પસંદ પડી કે તેઓ બાળકોને બહુ જ મહત્વ આપે છે, બાળકોના માતા-પિતા પણ તેમના બાળકો પર હાથ ઉપાડી શકતા નથી. તેમણે કહ્યું કે આવા કિસ્સામાં જ્યારે ભારતમાં કોઈ પણ બાળક રોડ ક્રોસ કરતું હોય કે રોડ ક્રોસ કરીને સ્કૂલે જવાનું હોય તો સતત ચિંતા રહેતી હોય છે, પરંતુ કેનેડામાં આ બાબત બહુ જ સારી જોવા મળી હતી. આ સિવાય કેનેડામાં સ્વાસ્થ્ય, ફૂડ, ચોખ્ખાઈ વગેરે બાબતો પણ તેમને ઘણી પસંદ પડી હતી.

### ડમી નંબરથી આપતા હતા શેર બજારની લાલચ

# મહેસાણામાં ડબ્બા કટિંગમાં ત્રણ શખ્સો ઝડપાઈ ગયા

। મહેસાણા, તા.૧૦ ।

મહેસાણાના ખેરાલુમાંથી ડબ્બા કટિંગ ઝડપાયુ છે, ખેરાલુ પોલીસે બાતમીના આધારે કાર્યવાહી કરતાં ડબ્બા કટિંગનો ધંધો કરતાં ત્રણને ઝડપી પાડ્યા છે, આ ત્રણેય શેર બજારના નામે લોકોને લોભામણી લાલચ આપીને પોતાનો ધંધો ચલાવતા હતા. મળતી માહિતી પ્રમાણે, ખેરાલુમાં છેલ્લા કેટલાક સમયથી ડબ્બા કટિંગનો ધંધો ચાલી રહ્યો હતો, જેની ખબર પોલીસે ખબર પડતાં, ખેરાલુ પોલીસે અચાનક રેડ કરી હતી, જેમાં ત્રણ આરોપીઓને રંગેહાથે ઝડપી પાડ્યા હતા. અહીં શેર બજારના નામે લોકોને લોભામણી લાલચ આપીને મોટો ધંધો કરવામાં આવતો હતો. આરોપીએ આ ધંધામાં ડમી સીમ કાર્ડનો ઉપયોગ કરતાં હતા, તેઓ ડમી સીમ કાર્ડ ખરીદીને તે નંબરથી લોકોને શેર બજારની લોભામણી લાલચ આપતા હતા. હાલ પોલીસે આ ત્રણેય પાસેથી ૧૧ મોબાઈલ સાથે કુલ ૭૮૫૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજો કર્યો કર્યો છે. શેર માર્કેટમાં આજે જોરદાર કડાકો જોવા મળ્યો છે. કારોબારી દિવસના અંતે મુખ્ય બન્ને ઈન્ડેક્સ નીચલા સ્તરે બંધ રહ્યાં આ સાથે જ રોકાણકારોના હજારો કરોડ રૂપિયા ધોવાઈ ગયા હતા. પશ્ચિમી એશિયામાં હમાસના હુમલા બાદ ઈઝરાયેલ અને પેલેસ્ટાઈનમાં યુદ્ધ શરૂ થઈ ગયુ છે, આ યુદ્ધની અસર ભારતીય શેર બજારો પર પડી રહી છે.

આજે દિવસના અંતે બીએસઈ ઈન્ડેક્સ સેન્સેક્સ ૦.૭૩ ટકાના ઘટાડા સાથે ૪૮૩.૨૪ તુટ્યો અને ૬૫,૫૧૨.૩૯ના સ્તરે બંધ રહ્યો હતો, તો વળી નિફ્ટીમાં પણ ઘટાડો જોવા મળ્યો, એનએસઈ નિફ્ટીમાં આજે ૦.૭૨ ટકાના ઘટાડા સાથે ૧૪૧.૧૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો અને નિફ્ટી ૧૯,૫૧૨.૩૫ના સ્તેર બંધ રહ્યો હતો. આમ દિવસના અંતે બન્ને મુખ્ય ઈન્ડેક્સ તુટ્યા હતા. ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધે ભારતીય શેરબજારમાં હલચલ મચાવી દીધી હતી.

યુદ્ધની ચિંતા અને કોમોડિટીના ભાવમાં વધારો થવાની આશંકા વચ્ચે વૈશ્વિક બજારમાં ઘટાડાને કારણે સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ સેશનમાં ભારતીય બજાર મોટા ઘટાડા સાથે બંધ થયું હતું. આજે બજાર બંધ સમયે BSE સેન્સેક્સ ૪૮૩ પોઈન્ટના ઘટાડા સાથે ૬૫,૫૧૨ પોઈન્ટ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ૧૪૧ પોઈન્ટના ઘટાડા સાથે ૧૯,૫૧૨ પોઈન્ટ પર બંધ રહ્યો હતો. આજના કારોબારમાં બજારમાં તમામ સેક્ટરના શેરોમાં ઘટાડો જોવા મળ્યો છે. સવારથી જ લીલા નિશાનમાં ટ્રેડ કરી રહેલો આઈટી ઈન્ડેક્સ પણ નીચે સરકી ગયો હતો. આજના કારોબારમાં બેક્કિંગ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ઓઈલ એન્ડ ગેસ, એનર્જી, ઓટો, આઈટી, ફાર્મા, હેલ્થકેર, મીડિયા, મેટલ્સ સેક્ટરના શેરો ઘટાડા સાથે બંધ થયા છે.

### પતિની નજર સામે જ પત્નીએ તોડ્યો દમ

# ટુ વ્હીલર સામે ઢોર આવી જતા અકસ્માત નિપજ્યો

## બીજા બનાવમાં રાજકોટ અમદાવાદ હાઈવે પર આવેલા તરઘડીયા ગામ પાસે રોડ અકસ્માતમાં મોત નીપજ્યુ છે

। રાજકોટ, તા.૧૦ ।

૪૦ વર્ષીય ચંદ્રિકા સિધ્ધપરાનું રાજકોટ ભાવનગર હાઈવે પર આવેલ તુલસી હોટલ પાસે રોડ અકસ્માતમાં મોત નીપજ્યું હોવાનું બનાવ સામે આવ્યો છે. ગાય આડી ઉતરતા મૃતકના પતિ મનુ સિદ્ધપરા દ્વારા મોટર સાયકલ પર કાબુ ગુમાવવામાં આવતા દંપતી મોટરસાયકલ સહિત રોડ પર પટકાયું હતું. જેના કારણે પત્ની ચંદ્રિકા સિધ્ધપરાને માથાના પાછળના ભાગમાં ગંભીર ઈજા પહોંચતા તેનું મૃત્યુ હોવાનું સામે આવ્યું છે. તો સાથે જ પતિ મનું સિધ્ધપરાને ડાબા હાથમાં ફ્રેકચર જેવી ઈજા પહોંચી હોવાનું પણ સામે આવ્યું છે. ત્યારે સમગ્ર મામલે મૃતકના ભાઈ રમેશ ભેસાણીયા (ઉવ.૪૦) દ્વારા આજીડેમ પોલીસ સ્ટેશન ખાતે બનેવી મનુ સિદ્ધપરા વિરુદ્ધ ૩૦૪ક, ૨૭૯, ૩૩૭, ૩૩૮ તેમજ મોટર વ્હિકલ એક્ટ અંતર્ગત ફરિયાદ નોંધાવવામાં આવી છે. દંપતી રવિવારના રોજ રાજકોટથી જંગવડ જતા હતા. તે દરમિયાન ગાય આડી ઉતરતા અકસ્માત સર્જાયો હોવાનું સામે આવ્યું છે. દંપતીને ઈજા પહોંચતા તાત્કાલિક અસરથી આટકોટ ખાતેની હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના હાજર તબીબે ચંદ્રિકા સિધ્ધપરાને મરણ ગયેલા જાહેર કર્યા હતા. પોલીસ તપાસ દરમિયાન સંતાનમાં એક પુત્ર અને પુત્રી હોવાનું સામે આવ્યું છે. જ્યારે કે, બીજા બનાવમાં ૬૮ વર્ષીય ભારતી પંડ્યાનું રાજકોટ અમદાવાદ હાઈવે પર આવેલા તરઘડીયા ગામ પાસે રોડ અકસ્માતમાં મોત નીપજ્યુ છે. રવિવારના રોજ બપોરના સવા બે વાગ્યાના અરસામાં આ અકસ્માત સર્જાયાનું સામે આવ્યુ છે. અમદાવાદના હાર્દિક જોશી પોતાની કારમાં અમદાવાદથી રાજકોટ આવી રહ્યા હતા. તે સમયે તેના માસી ભારતી પંડ્યા જીજ્ઞા રાજગુરુ અને ભારતીબેનનો દીકરો દિવ્ય ઉર્ફે બોની પંડ્યા કારમાં સવાર હતા. તે દરમિયાન ડંપર ચાલક દ્વારા હાઈવે રોડ પર કોઈપણ જાતના ટ્રાફિકને લગતા ચિન્હ કે પાર્કિંગ લાઈટ ચાલુ રાખ્યા વગર ઉભો રાખવામાં આવ્યો હતો. જેના કારણે ડમ્પર પાછળ કાર ભટકાતા ફરિયાદીને નાક તેમજ ખભા અને પાંસળીના ભાગે ફ્રેક્ચર જેવી ઈજા પહોંચી છે. જ્યારે કે માસી જિજ્ઞા રાજગુરુ તથા દિવ્ય ઉર્ફે બનીને નાની મોટી ઈજા પહોંચી છે.

પોલીસને આપેલી ફરિયાદમાં ફરિયાદીએ જણાવ્યું છે કે, તરઘડિયા ગામ ઉપર આવેલા ઓવર બ્રિજ પર પોતે ટ્રકને ઓવરટેક કરતા હતા. ત્યારે જમણી સાઈડના ભાગે ડમ્પર ઊભું હતું તેની સાથે કાર અથડાતા સમગ્ર અકસ્માત સર્જાયો છે. રાજકોટ શહેરની ખાનગી હોસ્પિટલમાં કેથલેબમાં ફરજ બજાવનારા ૪૫ વર્ષીય કમલેશ મકવાણા નામના વ્યક્તિનું હૃદય રોગના હુમલાના કારણે રવિવારના રોજ સાંજના સાડા સાત વાગ્યાના અરસામાં યુનિવર્સિટી રોડ પર મોત નીપજ્યું હોવાનો બનાવો સામે આવ્યો હતો. ત્યારે સમગ્ર મામલે યુનિવર્સિટી પોલીસ મથક ખાતે સીઆરપીસી ૧૭૪ મુજબ અકસ્માત મોત રજીસ્ટર્ડ કરવામાં આવી છે. મૃતક પોતાના મિત્ર સાથે ટુ વ્હીલર પર ફરવા માટે નીકળ્યા હતા. જે દરમિયાન તેમને અચાનક જ ચક્કર આવતા તેમને વાહન ઉભું રાખ્યું હતું.

### રિક્ષા અને ટ્રક વચ્ચેના અકસ્માતમાં છ લોકોના મોત

। દાહોદ, તા.૧૦ ।

રાજ્યમાં આજે વધુ એક ગોઝારો અકસ્માત સર્જાયો છે. ગરબાડામાં અલીરાજપુર હાઈવે પર રિક્ષા અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જેમાં છ લોકોનાં મોત નીપજ્યા છે. જ્યારે એક વ્યક્તિ ઘાયલ છે. અકસ્માતની જાણ થતા ગરબાડા પોલીસ ઘટના સ્થળે પહોંચીને વધુ કાર્યવાહી હાથ ધરી છે. હાલ ઈજાગ્રસ્તને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જ્યારે મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે લઈ જવાયા છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, ગરબાડાના અલીરાજપુર હાઈવે પરના પાટિયાઝોલ તળાવ પાસે રિક્ષા અને ટ્રક વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં એકસાથે છ લોકોના મોત નીપજ્યા છે જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ છે. આ મૃતકોમાં એક જ પરિવારના બે લોકો અને અન્ય ચાર લોકોના મોત નીપજતા અરેરાટી વ્યાપી ગઈ છે. એક રિક્ષામાં થોડા રૂપિયા વધારે મેળવવાની લહાયમાં ગેરકાયદેસર રીતે લોકોને વધારે સંખ્યામાં બેસાડવામાં આવે છે. આ રિક્ષામાં પણ વધારે લોકોને બેસાડ્યા હોવાનું માનવામાં આવી રહ્યુ છે. હાલ ગરબાડા પોલીસ અકસ્માતની જાણ થતાની સાથે ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આ અકસ્માતમાં પોલીસે ગુનો નોંધીને વધુ કાર્યવાહી કરવામાં આવી રહી છે. થોડા સમય પહેલા પણ દાહોદની ગરબાડા ચોકડી નજીક રિક્ષા અને ટ્રક વચ્ચે ગોઝારો અકસ્માત સર્જાયો હતો.

# વલસાડમાં માર્ગ અકસ્માતનો ભોગ બનનારની તમામ માહિતી માટે એપ તૈયાર કરવામાં આવી

## ક્યુઆરકોડ સ્કેન કરવાથી ક્યુઆરકોડ ઘરની તમામ જરૂરી વિગતો અપડેટ સાથે મળી રહેશે

। વલસાડ, તા.૧૦ ।

વલસાડ જિલ્લામાં વધી રહેલા રોડ અકસ્માતમાં ભોગ બનનાર, બેભાન કે ઈજાગ્રસ્ત વ્યક્તિની માહિતી મળી રહે તે માટે ઉમિયા સોશિયલ ટ્રસ્ટ દ્વારા વલસાડ રક્તદાન કેન્દ્રમાં વલસાડ પ્રોબેશન DYSP ના હસ્તે એપ લોન્ચ કરવામાં આવી હતી. ઉમિયા સોશિયલ ટ્રસ્ટમાં નોંધણી થયેલા ક્યુ આર કોડ સ્કેન કરવાથી ક્યુ આર કોડ ઘરની તમામ જરૂરી વિગતો અપડેટ સાથે મળી રહેશે. વલસાડ જિલ્લામાં વધી રહેલા અકસ્માતમાં ભોગ બનનાર બેભાન કે ઈજાગ્રસ્ત વ્યક્તિની માહિતી મળી રહે તે માટે ઉમિયા સોશિયલ ટ્રસ્ટ દ્વારા વલસાડના રક્તદાન કેન્દ્રમાં વલસાડ પ્રોબેશન DYSPના હસ્તે એક મહત્વની એપ લોન્ચ કરવામાં આવી હતી. વલસાડ જિલ્લામાં છેલ્લા નવ મહિનામાં અકસ્માતની ઘટનામાં ૨૨૦ જેટલા લોકોના મોત થયા છે. અકસ્માતની ઘટનાને ધ્યાનમાં રાખી વલસાડની ઉમિયા સોશિયલ ટ્રસ્ટના તમામ સભ્યોએ ભેગા મળી વલસાડના લોકોની ચિંતા કરી અકસ્માત સમયે ઈજાગ્રસ્ત અથવાતો બેભાન વ્યક્તિઓની વિગત તાત્કાલિક મળી રહે તે માટે અનેક મુશ્કેલીઓ વેઠવી પડતી હોય છે. ખાસ કરીને અકસ્માતના સમયે મોબાઈલ ફોનમાં રાખવામા આવેલો પેટર્ન લોક અથવા તો કોઈ પણ અન્ય લોકને કારણે જરૂરી વિગત મળી રહેતી નથી. જેને લઈને ભોગ બનનાર વ્યક્તિની જરૂરી માહિતી નહીં મળતા તેને સરકારી કે ખાનગી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવે છે.

# ગોંડલમાં ખેતરના કૂવામાંથી પ્રેમી પંખીડાનો મૃતદેહ મળ્યો

## પોલીસે બંને મૃતદેહનો ફોરેન્સિક પીએમ કરવાનો નિર્ણય કર્યો છે ફોરેન્સિક પીએમ રિપોર્ટ આવ્યા બાદ મોતનું ચોક્કસ કારણ જાણી શકાશે

। રાજકોટ, તા.૧૦ ।

રાજકોટ ગોંડલના ઉમવાડા રોડ પર તુલસી એગ્રીની બાજુના ખેતરના કૂવામાંથી યુવક યુવતિના મૃતદેહ મળ્યા હતા. ગૌશાળામાં કામ કરતા લાખાભાઈ વાલાભાઈ ધાનોયા (ઉ.વ.૨૨) અને માલીબેન ભોજાભાઈ ગુજરીયા (ઉ.વ.૧૯) ના મૃતદેહ મળ્યા હતા. કૂવાની બાજુમાંથી ઝેરી દવા અને ચંપલ સહિતની વસ્તુઓ મળી આવી હતી. મૃતક યુવક યુવતિ રાત્રીના ૨:૩૦ કલાકે બાઈક અને પગપાળા ખેતર નજીક આવ્યા હોવાના CCTV પણ સામે આવ્યા છે. ગોંડલ નગર પાલિક ફાયર બ્રિગેડે મૃતકોના મૃતદેહને કૂવામાંથી બહાર કાઢીને ગોંડલ સરકારી હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડ્યા હતા. પ્રેમી પંખીડાઓનું મોત ઝેરી દવા પીવાથી થયું કે કુવામાં ડૂબવાથી થયું તેનું ચોક્કસ કારણ જાણવા માટે પોલીસે બંને મૃતદેહનો ફોરેન્સિક પીએમ કરવાનો નિર્ણય કર્યો છે. ફોરેન્સિક પીએમ રિપોર્ટ આવ્યા બાદ મોતનું ચોક્કસ કારણ જાણી શકાશે. ગોંડલ ઉમવાડા રોડ પર આવેલા તુલસી એગ્રીની બાજુમાં આવેલા ખેતરના કુવામાં ભૂસકો મારીને પ્રેમી પંખીડાએ સજોડે આપઘાત કર્યો છે. મૃતક યુવક ધાનોયા લાખાભાઈ વાલાભાઈ (ઉ.વ. ૨૨) ઉમવાડા રોડ પર ગૌ શાળામાં ત્રણ વર્ષથી પશુપાલનનું કામ કરતા હતા. મૃતક યુવતી માલીબેન ભોજાભાઈ ગુજરીયા (ઉ.વ.૧૯) ગોંડલ તાલુકાના બિલિયાળા ગામે સિમમાં આવેલા ગૌ શાળામાં કામ કરતી હતી.

## વિશેષ લેખ

### વિશ્વ ટપાલનો ઈતિહાસ : પોસ્ટ એ વિશ્વનું સૌથી મોટું લોજિસ્ટિક્સ નેટવર્ક

# દર વર્ષે, ૧૫૦થી વધુ દેશો વિવિધ રીતે વિશ્વ પોસ્ટ દિવસની ઉજવણી કરે છે



સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ








સમયની સાથે ટપાલ વિભાગનું મહત્વ ઓછું થતું જણાય, પણ એવું નથી. જ્યારે આપણે કોઈ પણ સરનામે પાર્સલ અને સામાન મોકલવાની જરૂર પડે ત્યારે ટપાલ વિભાગ કામમાં આવે છે. સમગ્ર વિશ્વમાં પાર્સલ પહોંચાડવા ઉપરાંત, પોસ્ટલ વિભાગ હજુ પણ પૈસાનીચૂકવણી, મની ટ્રાન્સફર અને બચત વગેરેમાં તેની ઉપયોગિતા જાળવી રાખી છે. બદલાતા વાતાવરણમાં દર વર્ષે ૯ ઓક્ટોબરે યુનિવર્સલ પોસ્ટલ યુનિયન દ્વારા ઉજવવામાં આવતા વિશ્વ ટપાલ દિવસ પર ટપાલ વિભાગ અને તેની વ્યવસ્થા અને તેની ભૂમિકાનું મહત્વ સમજવાની વધુ જરૂર છે.

સેવાઓ પૂરી પાડવામાં ૧.૫ અબજ લોકોની ભૂમિકા વિશ્વના ઘણા દેશો આ અવસર પર નવી પોસ્ટલ પ્રોડક્ટ્સ અને સેવાઓ લોન્ચ કરે છે. પરંતુ આ દિવસ યાદ અપાવે છે કે વિશ્વમાં ટપાલ સેવાઓનું મહત્વ પહેલા કરતા વધારે થઈ ગયું છે. આજે પોસ્ટલ ઓપરેટરો મુખ્ય નાણાકીય સેવાઓ સહિત વિશ્વભરમાં ૧.૫ અબજ લોકોને સેવા આપે છે.

સમગ્ર વિશ્વમાં ૫૩ લાખ કર્મચારીઓ ટપાલ વિભાગની ૬.૫ લાખ કચેરીઓ સાથે જોડાયેલા છે, જે ખૂબ જ વિશાળ અને કાર્યક્ષમ નેટવર્ક છે. આના દ્વારા, વિશ્વના દેશો તેમની ઘણી યોજનાઓને સફળતાપૂર્વક અમલમાં મૂકવા સક્ષમ છે.

દર વર્ષે ૯ ઓક્ટોબરે વિશ્વ ટપાલ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ઈ.સ. ૧૮૭૪માં યુનિવર્સલ પોસ્ટલ યુનિયન (UPU) ની વર્ષગાંઠ નિમિત્તે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ટોક્યોમાં ઈ.સ. ૧૯૬૯ની યુનિવર્સલ પોસ્ટલ કોંગ્રેસ દ્વારા પહેલી વખત આ દિવસની જાહેરાત કરવામાં આવી હતી.

વિશ્વ પોસ્ટ દિવસનો હેતુ લોકો અને વ્યવસાયોના રોજિંદા જીવનમાં પોસ્ટની ભૂમિકા તેમજ વૈશ્વિક, સામાજિક અને આર્થિક વિકાસમાં તેના યોગદાન પ્રત્યે જાગૃતિ લાવવાનો છે. આ દિવસ લોકો અને વ્યવસાયોના રોજિંદા જીવનમાં પોસ્ટની ભૂમિકાની ઉજવણી કરે છે. પરિણામે, UPU ના સભ્ય દેશોને આ દિવસની ઉજવણી કરવા માટે તેમની પોતાની રાષ્ટ્રીય પ્રવૃત્તિઓનું આયોજન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે, જેમાં નવા પોસ્ટલ ઉત્પાદનો અને સેવાઓની રજૂઆત અથવા પ્રમોશનથી માંડીને પોસ્ટ ઓફિસ, મેઈલ સેન્ટર્સ અને પોસ્ટલ મ્યુઝિયમમાં ઊજવણી કરવા સુધીની દરેક બાબતોનો સમાવેશ થાય છે.

વિશ્વની પ્રથમ સત્તાવાર એર-મેઈલ ફ્લાઈટ ૧૮ ફેબ્રુઆરી, ૧૯૧૧ના રોજ ભારતમાં શરૂ થઈ હતી. ભારતીય પોસ્ટ ઓફિસ એક્ટ ૧૮૯૮ ને ૨૨ માર્ચ, ૧૮૯૮ના રોજ વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. તે ૧ જુલાઈ, ૧૮૯૮ના રોજ સક્રિય થયો હતો. સ્વતંત્ર ભારતમાં, ૨૧ નવેમ્બર ૧૯૪૭ના રોજ પ્રથમ સત્તાવાર ટપાલ ટિકિટ જારી કરવામાં આવી હતી. એ નવી ટિકિટમાં દેશભક્તોના 'જય હિંદ' નારા સાથે ભારતીય ધ્વજ દર્શાવવામાં આવી હતી પોસ્ટ એ વિશ્વનું સૌથી મોટું લોજિસ્ટિક્સ નેટવર્ક છે. દર વર્ષે, ૧૫૦થી વધુ દેશો વિવિધ રીતે વિશ્વ પોસ્ટ દિવસની ઉજવણી કરે છે. અમુક દેશોમાં, વિશ્વ પોસ્ટ દિવસને કાર્યકારી રજા તરીકે મનાવવામાં આવે છે. વિશ્વ પોસ્ટ દિવસ માટે ગત વર્ષે વર્ષ ૨૦૨૨ની થીમ 'પોસ્ટ ફોર પ્લેનેટ' હતી વિશ્વ પોસ્ટ દિવસ ૨૦૨૩ ની થીમ 'ટુગેધર ફોર ટ્રસ્ટ' છે.

**ભારતનો ઐતિહાસિક ટપાલ ઈતિહાસ**

ભારતનો ટપાલ ઈતિહાસ ભારતના જટિલ રાજકીય ઈતિહાસ સાથે ગાઢ રીતે જોડાયેલો છે. જેમ જેમ પોર્ટુગીઝ, ડચ, ફ્રેન્ચ, ડેનિશ અને બ્રિટિશ સંસ્થાનવાદીઓએ ભારતમાં સત્તા મેળવી, તેમ તેમ સ્વતંત્ર રાજ્યોની સાથે તેમની પોસ્ટલ સિસ્ટમ પણ અસ્તિત્વમાં આવી હતી. ભારતની ટપાલ સેવાઓમાં બ્રિટનની સંડોવણી અઢારમી સદીમાં શરૂ થઈ હતી. શરૂઆતમાં આ સેવાનું સંચાલન ઈસ્ટ ઈન્ડિયા કંપની દ્વારા કરવામાં આવતું હતું, જેણે ઈ.સ. ૧૭૬૪ અને ઈ.સ. ૧૭૬૬ વચ્ચે મુંબઈ, ચેન્નાઈ અને કલકત્તા (હવે કોલકાતા)માં પોસ્ટ ઓફિસની સ્થાપના કરી હતી.

ઈ.સ. ૧૭૭૩-૧૭૮૪ સુધીના બ્રિટિશ ભારતના ગવર્નર જનરલ વોરન હેસ્ટિંગ્સએ માર્ચ ૧૭૭૪માં જાહેર જનતા માટે પોસ્ટ ખોલી હતી. આ પહેલા પોસ્ટલ સિસ્ટમનો મુખ્ય હેતુ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના વ્યાપારી હિતોની સેવા કરવાનો હતો. શાસક સત્તાધિકારીની આર્થિક અને રાજકીય જરૂરિયાતો પૂરી કરવી એ ટપાલ સેવાના વિકાસમાં પ્રેરક બળ રહ્યું હતું. પોસ્ટ ઓફિસ એક્ટ (૧૮૩૭) એ સરકારને ઈસ્ટ ઈન્ડિયા કંપનીના પ્રદેશોમાં પત્રો પહોંચાડવાનો વિશિષ્ટ અધિકાર અનામત રાખ્યો હતો. ઈ.સ. ૧૮૫૦માં ભારતમાં પોસ્ટ ઓફિસના કામકાજ માટે એક રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. આ અહેવાલમાં એકલા વજન પર આધારિત સમાન પરના પોસ્ટેજ દરો રજૂ કરવામાં આવ્યા હતા (અગાઉના શુલ્કની ગણતરી વજન અને અંતર પર કરવામાં આવી હતી). આ દરમ્યાન પોસ્ટમાસ્ટરને સૂચનાઓનું મેન્યુઅલ પૂરું પાડવામાં આવે તેવી ભલામણ કરવામાં આવી હતી. આ અહેવાલની ભલામણોને કારણે ઈ.સ. ૧૮૫૪માં XVII અધિનિયમની રજૂઆત કરવામાં આવી હતી. જો કે તે સુધારાઓને મિશ્ર સફળતા મળી હતી અને કેટલાક ક્ષેત્રો ત્યારે પણ જૂની પ્રથાઓ પર ચાલતા હતા. અઢારમી સદીના ઉત્તરાર્ધથી રાજકીય સત્તા ઈસ્ટ ઈન્ડિયા કંપની પાસેથી ખસવા લાગી. આખરે ઈ.સ. ૧૮૫૮માં કંપનીને નાબૂદ કરવામાં આવી અને ભારત સીધું સંસદ દ્વારા શાસિત ક્રાઉન કોલોની બની ગયું હતું.

**ન્યૂઝ બ્રિફ**

## સૌથી વધારે વિકેટ અને રન બનાવનારામાં ન્યૂઝીલેન્ડના ખેલાડી ટોચ પર

। નવી દિલ્હી, તા.૧૦ ।

અત્યાર સુધી વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં ૯ મેચો રમાઈ ચુકી છે અને સૌથી વધુ રન બનાવનાર અને સૌથી વધુ વિકેટ લેનાર ખેલાડીઓમાં ન્યુઝીલેન્ડના ખેલાડીઓ ટોપ પર વિરાજમાન છે. ન્યુઝીલેન્ડની ટીમ પોઈન્ટ્સ ટેબલમાં પણ ટોપ પર છે. જો ભારતીય ક્રિકેટ ટીમની વાત કરીએ તો ભારતીય બેટ્સમેન કે બોલર આ લિસ્ટમાં ટોપ ૪માં પણ નથી. વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં સૌથી વધુ રન બનાવનાર ટોપ ૧૦ બેટ્સમેનોની વાત કરીએ તો આ લિસ્ટમાં માત્ર બે ભારતીય બેટ્સમેનો સામેલ છે. જયારે બોલરોમાં ટોપ ૫માં માત્ર એક ભારતીય બોલર સામેલ છે. વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં સૌથી વધુ રન બનાવનાર ખેલાડીની વાત કરીએ તો ન્યુઝીલેન્ડનો ઓપનર ડેવોન કોનવે ૧૮૪ રન સાથે ટોપ પર છે. જયારે તેનો સાથી ખેલાડી રચિન રવિન્દ્ર ૧૭૪ રન સાથે બીજા નંબરે છે. ત્રીજાથી લઈને પાંચમાં નંબર સુધી દક્ષિણ આફ્રિકાના બેટ્સમેનો છે. રાસી વાન ડેર ડુસેન ૧૦૮ રન સાથે ત્રીજા, એડન માર્કરમ ૧૦૬ રન સાથે ચોથા જયારે ક્વિન્ટન ડી કોક ૧૦૦ રન સાથે પાંચમાં નંબરે છે. આ લિસ્ટમાં કે.એલ રાહુલ ૯૭ રન સાથે છટ્ઠા જયારે વિરાટ કોહલી ૮૫ રન સાથે આઠમાં નંબરે છે. વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી.



કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને તેલંગાણા ભાજપના પ્રમુખ જી. કિશાન રેડ્ડી અને ભાજપના નેતા બંદી સંજય કુમારે આદિલાબાદમાં તેલંગાણાની વિધાનસભાની ચૂંટણી પહેલા જાહેર સભા કરવામાં આવી હતી.

### અફઘાનિસ્તાનમાં ભૂકંપે ભારે તારાજી સર્જી

## અફઘાનિસ્તાનમાં ભૂકંપમાં જાનહાનીનો આંકડો વધીને ૪૦૦૦ને પાર પહોંચ્યો

। કાબૂલ, તા.૧૦ ।

અફઘાનિસ્તાનમાં શનિવારે આવેલ ભારે ભૂકંપના આંચકાથી તારાજી સર્જાઈ હતી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ માહિતી આપતાં જણાવ્યું કે, અડધા કલાકના ગાળામાં જ દેશમાં છ વખત ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જેમાં ૨૦૦૦ જેટલો મૃત્યુઆંક નોંધાયો હતો જે આંકડો વધીને ૪૦૦૦ સુધી પહોંચ્યો છે. યુએસજીએસમુજબ, ધરતીકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાનના સૌથી મોટા શહેર હેરાતથી ૪૦ કિલોમીટર ઉત્તરપશ્ચિમમાં હતું. યુએનએ તો સૌથી પહેલાં ૧૦૦ના મૃત્યુ થયા હોવાનું જણાવ્યું હતું. પરંતુ તે પછી ઘણાં વધુ મૃત્યુ થયા હોવાની માહિતી મળતા યુએનની ‘કો-ઓર્ડીનેશન ઓફ હ્યુમેનિટેરિયન અફેર્સની ઓફીસે’ તત્કાળ સહાય મોકલવા તૈયારી શરૂ કરી દીધી હતી. ઉપરાંત એવા પણ અહેવાલો છે કે ભૂકંપથી ઘણી બિલ્ડીંગ જમીનમાં ધ્વસ્ત થઈ હતી તો મોટા ભાગની ઈમારતોને ભારે નુકશાનીની થઈ હોવાનું સામે આવ્યું છે.

### ભારતીય સેનાના પર્વતારોહકોનું એક જૂથ પર્વતારોહણ કરી રહ્યું હતું

## લદાખના માઉન્ટ કુન પર હિમસ્ખલન થતાં એક જવાનનું મોત, ત્રણ લાપતા

। લદાખ, તા.૧૦ ।

લદાખના માઉન્ટ કુન પર ભારતીય સેનાના પર્વતારોહકોનું એક જૂથ પર્વતારોહણ કરી રહ્યું હતું દરમિયાન થયેલા હિમસ્ખલનની ચપેટમાં આવતા એક સૈનિકનું મોત થયું હતું, જયારે ત્રણ સૈનિકો હજુ ગુમ છે. અહેવાલો મુજબ હાઈ એલ્ટિટ્યુડ વેલ્ફેર સ્કૂલ અને આર્મી



એડવેન્ચર વિંગની ૪૦ સૈનિકોની એક ટીમ લદાખમાં નિયમિત તાલીમ માટે માઉન્ટ કુન ગઈ હતી. ૮ ઓક્ટોબર રવિવારના રોજ તાલીમ દરમિયાન, ટીમ અચાનક થયેલા હિમપ્રપાતનો ભોગ બની હતી. સેના એક અધિકારીએ જણાવ્યું હતું કે લદાખમાં બરફના તોફાનમાં ચાર સૈનિકો ફસાયા હતા. બચાવ અભિયાન દરમિયાન એક સૈનિકનો મૃતદેહ મળી આવ્યો હતો. ખરાબ હવામાન અને ભારે હિમવર્ષા વચ્ચે

## કૃષિ, રિટેલ અને રીયલ એસ્ટેટને કર માળખામાં લાવવાની પાક.ને સલાહ

। ઈસ્લામાબાદ, તા.૧૦ ।

વિશ્વ બેંકે આર્થિક સંકટનો સામનો કરી રહેલા પાકિસ્તાનને તમામ ટેક્સ રાહતોને બંધ કરી અને કૃષિ, રિટેલ અને રીયલ એસ્ટેટને કર માળખામાં લાવવાની સલાહ આપી છે.

પાકિસ્તાની મીડિયા રિપોર્ટ અનુસાર જો આમ કરવામાં આવશે તો દેશની જીડીપીમાં ૩ ટકાનો વધારો થશે. સમાચાર પત્ર ‘ડૉન’ વિશ્વ બેંકના કન્ટ્રી ડિરેક્ટર નજી બેનહાસિન અને વરિષ્ઠ અર્થશાસ્ત્રી તોબિયાસ હક હવાલાને



ટાંકીને કહ્યું કે, દેશના અધિકાર ક્ષેત્રમાં આવતા ૨ મુખ્ય સેક્ટરો રિયલ એસ્ટેટ અને કૃષિ સેક્ટરના લોકો પાસે મોટાભાગે કરમુક્ત મિલકતો છે, તેથી સેવામાં સુધારો થઈ શકે અને કેન્દ્ર પર નાણાંકીય બોઝ ઘટે તે માટે આ બંને સેક્ટરો પર કર લાદવો જોઈએ. ડૉન સમાચાર પત્રે તોબિયાસ હકને ટાંકીને કહ્યું કે, બેંકના અંદાજ મુજબ જો કૃષિ આવક અને સંપત્તિ ટેક્સમાં યોગ્ય રીતે સુધારો કરી લાગુ કરવામાં આવે તો વાર્ષિક ધોરણે પાકિસ્તાનની જીડીપીમાં ત્રણ ટકાનો વધારો થઈ શકે છે, જે ત્રણ લાખ કરોડ રૂપિયાથી થોડું વધુ છે. તેમણે કહ્યું કે, દેશના કુલ જીડીપીમાંથી રિયલ એસ્ટેટનો બે ટકા અને કૃષિ સેક્ટરનો એક ટકા ફાળો હોવો જોઈએ.

### ભારતમાં વર્લ્ડકપ ૨૦૨૩ની ધમાકેદાર શરૂઆત થઇ ચુકી છે

# ભારત પાકિસ્તાનની મેચમાં ટીમ ઈન્ડિયા નહીં પહેરે ભગવો ડ્રેસ

### અમદાવાદ ખાતે રમાનારી મેચમાં ભારતીય ખેલાડીઓ ભગવા રંગના ડ્રેસમાં મેદાને ઉતરશે તેવા સમાચાર સોશ્યલ મીડિયામાં વાયરલ થયા

। નવી દિલ્હી, તા.૧૦ ।

ભારતમાં વર્લ્ડકપ ૨૦૨૩ની ધમાકેદાર શરૂઆત થઈ ચુકી છે. તેમજ ભારતે પોતાની વર્લ્ડકપ યાત્રા ઓસ્ટ્રેલિયા સામે જીત નોંધાવીને શરુ કરી છે. એક તરફ ફેન્સ વર્લ્ડકપને લઈને ઉત્સાહિત છે, તો બીજી તરફ ભારતીય ક્રિકેટરોને કેસરિયા આઉટફિટમાં જોતાં ફેંન્સમાં ચર્ચા ચાલી રહી છે કે પાકિસ્તાન સામે અમદાવાદ ખાતે રમાનારી મેચમાં ભારતીય ખેલાડીઓ ભગવા રંગના ડ્રેસમાં મેદાને ઉતરશે. ત્યારે BCCIએ આ બાબતે મહત્વનું નિવેદન આપીને ચર્ચાઓ પર પૂર્ણવિરામ મૂકી દીધું છે.

દાવો કરાઈ રહ્યો હતો કે, રોહિત શર્માની કેપ્ટનશીપ હેઠળની ભારતીય ટીમ આગામી ૧૪ ઓક્ટોબરે અમદાવાદમાં પાકિસ્તાન વિરુદ્ધ રમાનારી મેચમાં બ્લ્યુ કલર સિવાયની અન્ય કેસરી કીટમાં મેદાને ઉતરી શકે છે. ત્યારે BCCIએ આ અહેવાલોને નકારી કાઢ્યા છે. BCCIએ કહ્યું છે કે ભારતીય પુરુષ ક્રિકેટ ટીમ વર્લ્ડકપ ૨૦૨૩માં પાકિસ્તાન સામેની મેચમાં અલગ કીટ પહેરશે નહીં. BCCIના ખજાનચી આશિષ શેલારે જણાવ્યું કે, ટીમ ઈન્ડિયા પાકિસ્તાન સામેની મેચમાં ઓપ્શનલ કીટ પહેરશે



તેવા મીડિયા અહેવાલોને અમે ફગાવીએ છીએ. આ રિપોર્ટ્સ પાયાવિહોણા છે અને આ કોઈકની કલ્પનાં માત્ર છે. મેન ઈન બ્લુ ભારતના રંગોમાં રમશે– **Blue at ICC Crick[a] World Cup** ૨૦૨૩. જણાવી દઈએ કે વર્ષ ૨૦૧૯ના વર્લ્ડ કપ દરમિયાન ભારતીય ટીમે ઇંગ્લેન્ડ સામે ઓરેન્જ સ્લીવ્સવળી ડાર્ક બ્લુ શેડ્સની અલગ કીટ પહેરી હતી.

જોકે, આ વખતે આવું કંઈ કરવાની યોજના નથી. ઉલ્લેખનીય છે કે, ભારતીય ક્રિકેટ ટીમે રવિવારે ચેન્નાઈ ખાતે ઓસ્ટ્રેલિયા સામેની મેચમાં ૬ વિકેટે જીત મેળવી હતી. ઓસ્ટ્રેલિયાએ આપેલા ૨૦૦ રનના ટાર્ગેટનો પીછો કરતાં ભારતે નબળી શરૂઆત કરી હતી અને ૨ રને ૩ વિકેટ ગુમાવી હતી. જોકે, કે એલ રાહુલે અણનમ ૯૭ રન અને વિરાટ કોહલીએ ૮૫ રનની શાનદાર ઈનિંગની મદદથી ભારત મેચ જીતવામાં સફળ થયું હતું.

જ્યારે ભારતને જીતવા માટે ૨૩ રનની જરૂર હતી, ત્યારે જોશ હેઝલવુડની ઓવરમાં કોહલીએ પુલ શોટ મારવાનો પ્રયાસ દરમિયાન વિકેટ ગુમાવી હતી. ત્યાર બાદ હાર્દિક પંડ્યાએ રાહુલનો સાથ આપ્યો હતો અને ૧૧ રનની અણનમ ઈનિંગ રમી હતી. છેલ્લે રાહુલે વિનિંગ સિક્સર મારીને ટીમને જીત અપાવી હતી. તો ઓસ્ટ્રેલિયા તરફથી જોશ હેઝલવુડે ૩૮ રન આપીને ૩ વિકેટ્સ ઝડપી હતી. હવે ભારત બુધવારે દિલ્હી ખાતે અફઘાનિસ્તાન સામે આગામી મેચ રમશે. ગત અઠવાડિયે શરુ થયેલા વર્લ્ડકપમાં તમામ ૧૦ ટીમો એક-એક મેચ રમી ચુકી છે. જેમાં ન્યુઝીલેન્ડ, પાકિસ્તાન, બાંગ્લાદેશ, દક્ષિણ આફ્રિકા અને ભારત એક-એક મેચ જીતી ચૂક્યું છે. જણાવી દઈએ કે, ચેન્નાઈ ખાતે રમાયેલી ભારત ઓસ્ટ્રેલિયાની મેચ દરમિયાન જાર્વો તરીકે ઓળખાતો પીચ આક્રમણખોર ડેનિયલ જાર્વિસ મેદાનમાં સુરક્ષા ભંગ કરીને પહોંચી ગયો હતો અને ખેલાડીઓની નજીક જવાનો પ્રયાસ પણ કર્યો હતો. ત્યારબાદ સિક્યોરિટી ટીમે તેને મેદાનની બહાર ખદેડયો હતો અને ICCએ સ્ટેટમેન્ટ જાહેર કર્યું હતું કે, વર્લ્ડ કપ ટુર્નામેન્ટની આગામી કોઈપણ મેચમાં જાર્વોને ઘૂસવા દેવામાં નહીં આવે.

### ભારતીય ટીમે વન-ડે વર્લ્ડ કપમાં વિજયી શરૂઆત કરી

## કેએલ રાહુલના ૭ ઈનિંગ્સમાં ૧૦૧ની એવરેજથી ૪૦૨ રન, ગિલથી પાછળ

### ગિલે ૬ ઈનિંગ્સમાં ૮૧ની સરેરાશથી ૪૦૩ રનમાંર સદી અને ૨ અડધી સદી ફટકારી, જ્યારે વિરાટ કોહલીએ ૪ ઈનિંગમાં ૨૬૬ રન કર્યા છે

। નવી દિલ્હી, તા.૧૦ ।

ટીમ ઈન્ડિયાએ વર્લ્ડ કપ ૨૦૨૩ની શરૂઆત જીત સાથે કરી છે. રોહિત શર્માની કેપ્ટન્સીમાં ટીમે ઓસ્ટ્રેલિયાને ૬ વિકેટે હરાવ્યું હતું. ઓસ્ટ્રેલિયાની ટીમ પહેલા રમતા ૧૯૯ રન જ બનાવી શકી હતી. જવાબમાં ભારતીય ટીમે ૪ વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કરી લીધું હતું. કેએલ રાહુલ ૯૭ રન બનાવીને અણનમ રહ્યો, જ્યારે વિરાટ કોહલીએ પણ ૮૫ રનની મહત્વની ઈનિંગ રમી. ભારતીય ટીમ તેની બીજી મેચમાં ૧૧ ઓક્ટોબર બુધવારે અફઘાનિસ્તાન સામે ટકરાશે. આ મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાવાની છે. વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયાની જવાબદારી કેએલ રાહુલ પર રહેશે. ઈજામાંથી પરત ફર્યા બાદ તેણે અત્યાર સુધી શાનદાર પ્રદર્શન કર્યું છે. ૩૧ વર્ષીય કેએલ રાહુલ આઈપીએલ ૨૦૨૩ દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો. આ પછી તેણે સીધો એશિયા કપમાં પ્રવેશ કર્યો હતો. આવી સ્થિતિમાં તેના પ્રદર્શન પર સવાલો ઉઠી રહ્યા હતા, કારણ કે આ પહેલાં તે કંઈ ખાસ કરી શક્યો ન હતો. ટીમ મેનેજમેન્ટ તરફથી તેને નવી ભૂમિકા મળી છે. તે હવે વિકેટકીપર તરીકે રમી રહ્યો છે. ઈજા બાદ વાપસી કરતા રાહુલે અત્યાર સુધી ૭ ઈનિંગ્સમાં ૧૦૧ની એવરેજથી ૪૦૨ રન બનાવ્યા છે. ૧૧૧ રન અણનમ શ્રેષ્ઠ પ્રદર્શન છે. એક સદી અને ૩ અડધી સદી ફટકારી છે. સ્ટ્રાઈક રેટ ૯૨ રહ્યો છે. આ દરમિયાન તેણે વિરાટ કોહલી કરતા વધુ રન બનાવ્યા છે. જ્યારથી કેએલ રાહુલ ઈજા બાદ પરત ફર્યો છે, ત્યારથી તે રન બનાવવાના મામલે માત્ર શુભમન ગિલથી પાછળ છે.



રાહુલ એવરેજ અને રનના મામલે કેપ્ટન રોહિત શર્મા કરતા પણ આગળ છે. આ સમયગાળા દરમિયાન ગિલે ૬ ઈનિંગ્સમાં ૮૧ની સરેરાશથી ૪૦૩ રન બનાવ્યા છે. ૨ સદી અને ૨ અડધી સદી ફટકારી છે. જ્યારે વિરાટ કોહલીએ ૪ ઈનિંગમાં ૨૬૬ રન અને રોહિત શર્માએ ૫ ઈનિંગ્સમાં ૧૯૦ રન બનાવ્યા છે. ઓસ્ટ્રેલિયા સામે ચેન્નાઈમાં રમાયેલી મેચની વાત કરીએ તો એક સમયે ટીમ ૨ રનમાં ૩ વિકેટ ગુમાવીને સંઘર્ષ કરી રહી હતી. આ પછી રાહુલ અને વિરાટે સદીની ભાગીદારી કરીને ટીમની જીત સુનિશ્ચિત કરી હતી.

આઈપીએલટીમ લખનૌ સુપર જાયન્ટ્સના કેપ્ટન કેએલ રાહુલે અત્યાર સુધી વન-ડેની ૫૯ ઈનિંગ્સમાં ૫૦ની એવરેજથી ૨૩૮૮ રન બનાવ્યા છે. તેણે ૬ સદી અને ૧૬ અડધી સદી ફટકારી છે. એટલે કે તેણે ૨૨ વખત ૫૦થી વધુ રનની ઈનિંગ્સ રમી છે. ૧૧૨ રન તેનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. તેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં સદી ફટકારી છે. નંબર-૫ પર તેનો રેકોર્ડ પણ સારો છે. રાહુલે વન-ડેની ૨૧ ઈનિંગ્સમાં નંબર-૫ પર ૫૭ની એવરેજથી ૯૦૪ રન બનાવ્યા છે. એક સદી અને ૮ અડધી સદી ફટકારી છે. સ્ટ્રાઈક રેટ ૯૭ છે. કેએલ રાહુલને પણ ખરાબ પ્રદર્શનના કારણે ટીમમાંથી બહાર કરવો પડ્યો હતો.

## ૧૨૮ વર્ષ બાદ ક્રિકેટના ઓલિમ્પિક પ્રવેશની શક્યતા



। નવી દિલ્હી, તા.૧૦ ।

ક્રિકેટ ચાહકો માટે એક સારા સમાચાર આવી રહ્યા છે. ક્રિકેટને લોસ એન્જલસ ઓલિમ્પિકમાં સામેલ કરી શકાય છે. ક્રિકેટ ઉપરાંત ફ્લેગ ફૂટબોલ, બેઝબોલ અને સોફ્ટબોલનો પણ સમાવેશ કરી શકાય છે. વર્ષ ૨૦૨૮માં લોસ એન્જલસ ઓલિમ્પિક્સ યોજાવાની છે. મળેલા અહેવાલ મુજબ ક્રિકેટને લોસ એન્જલસ ઓલિમ્પિકમાં સામેલ કરવા માટે વિચારણા કરવામાં આવી રહી છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ (આઈઓસી)ના ૧૪૧મા સત્રમાં આની જાહેરાત કરવામાં આવશે. આ સત્ર મુંબઈમાં આયોજિત થવાનું છે. ક્રિકેટને ઓલિમ્પિકમાં ૧૨૮ વર્ષ પહેલા સામેલ કરવામાં આવ્યું હતું. વર્ષ ૧૯૦૦માં ઓલમ્પિકમાં ક્રિકેટને સામેલ કરવામાં આવ્યો હતો. મળેલા અહેવાલો મુજબ ઓલમ્પિકમાં મેન્સ અને વુમન્સની સ્પર્ધા ટી૨૦ના ફોર્મેટમાં થશે. એવું માનવામાં આવે છે કે ક્રિકેટને ઓલમ્પિકનો ભાગ બનાવીને, આઈઓસીદક્ષિણ એશિયાના પ્રેક્ષકોને આકર્ષવા અને બ્રોડકાસ્ટ કરારમાંથી મોટી કમાણી કરશે. ક્રિકેટના સમાવેશ સાથે પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪ના પ્રસારણ અધિકારો ૧૫૮.૬ કરોડ રૂપિયાની સામે ૨૦૨૮માં ૧૫૨૫ કરોડ રૂપિયા સુધી પહોંચી શકે છે.

### દિલ્હી એક્સસાઈઝ પોલિસી કેસમાં આપના સાંસદની મુશ્કેલી વધી

## આપના સાંસદ સંજયસિંહના કોર્ટે ૧૩ ઓક્ટોબર સુધી રિમાન્ડ લંબાવ્યા હતા

। નવી દિલ્હી, તા.૧૦ ।

દિલ્હી એક્સાઈઝ પોલિસી મામલે ધરપકડ કરવામાં આવેલ આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સંજય સિંહની ઈડી રિમાન્ડ કોર્ટે ૧૩ ઓક્ટોબર સુધી લંબાવી છે. ઈડીએ ૪ ઓક્ટોબરના રોજ સંજય સિંહની મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરી હતી. ત્યારબાદ તેમને પાંચ દિવસના ઈડી રિમાન્ડ પર મોકલવામાં આવ્યા હતા. સંજય સિંહના રિમાન્ડ પૂરા થતાં તેમને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં કોર્ટે તેમની ઈડી રિમાન્ડ લંબાવી દીધી છે. સુનાવણી દરમિયાન સંજય સિંહે કહ્યું કે, મને રાત્રે ૧૦:૩૦ વાગ્યે કહ્યું કે, તમને બહાર લઈ જવામાં આવી રહ્યા છે. તો તેમને પૂછવા પર જણાવ્યું કે, તમને તુગલક રોડ પોલીસ સ્ટેશન લઈ જવામાં આવી રહ્યા છે. ત્યારબાદ મેં ફરી સવાલ કર્યો કે, શું તેના માટે તમે જજની પર્મિશન લીધી છે? મારા અડવા પર તેમણે કહ્યું કે, મને લખીને આપો. મેં લખીને આપ્યું.

### દિલ્હી વકફ બોર્ડમાં ગેરરીતિ અને અન્ય ગોટાળા સંદર્ભે કાર્યવાહી

## આપના ધારાસભ્ય અમાનતુલ્લા ખાનના ઘરે ઈડીના દરોડા પડ્યા

### અમાનતુલ્લા ખાન પર દિલ્હી વકફ બોર્ડના અધ્યક્ષ તરીકે કામ કરતી વખતે નિયમોનું ઉલ્લંઘન કરીને ૩૨ લોકોની ભરતી કરવાનો આરોપ છે

। નવી દિલ્હી, તા.૧૦ ।

આમ આદમી પાર્ટી (આપ)ના નેતા સંજય સિંહની ધરપકડ બાદ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે હવે આપ ધારાસભ્ય અમાનતુલ્લા ખાનના ઘર પર દરોડા પાડ્યા છે. આજે ઈડીની ટીમ સવારે ધારાસભ્યના નિવાસસ્થાને પહોંચી હતી. ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (એસીબી) એ પણ આપ ધારાસભ્ય અમાનતુલ્લા વિરુદ્ધ દિલ્હી વકફ બોર્ડની કામગીરીમાં નાણાકીય ગેરરીતિ અને અન્ય ગોટાળાને લઈ કેસ નોંધ્યો હતો. ઈડીએ આ કેસમાં અમાનતુલ્લા વિરુદ્ધ કાર્યવાહી કરી છે. અમાનતુલ્લા ખાન પર દિલ્હી વકફ બોર્ડના અધ્યક્ષ તરીકે કામ કરતી વખતે નિયમોનું ઉલ્લંઘન કરીને ૩૨ લોકોની ભરતી કરવાનો આરોપ છે. આરોપ એવો હતો કે, દિલ્હી વકફ બોર્ડ તરીકે આપધારાસભ્યએ ભ્રષ્ટાચાર અને પક્ષપાત કર્યો હતો. આ સિવાય દિલ્હી વકફ બોર્ડની ઘણી મિલકતો ગેરકાયદેસર રીતે ભાડે આપવામાં આવી હતી.

## અલશીપોરામાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે ઘર્ષણમાં બે આતંકી ઠાર કરવામાં આવ્યા

। જમ્મુ, તા.૧૦ ।

ગઈકાલે મોડી રાતથી જમ્મુ-કાશ્મીરના શોપિયા જિલ્લાના અલશીપોરામાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે ઘર્ષણ ચાલી રહ્યું છે. એવામાં આજે વહેલી સવારે સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. ગઈકાલે રાતથી ચાલતા સંઘર્ષ વચ્ચે આજે સવારે સુરક્ષા દળોએ બે આતંકવાદીઓને ઠાર કર્યા છે. કાશ્મીર પોલીસ ઝોને એક્સ પર પોસ્ટ દ્વારા અલ્શીપોરામાં એન્કાઉન્ટરની માહિતી આપી હતી. એન્કાઉન્ટર બાદ જવાનો દ્વારા સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. આ પહેલા કુલગામ જિલ્લામાં બે આતંકીઓને ઠાર કરવામાં આવ્યા હતા. અગાઉ ૪ ઓક્ટોબરે જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લામાં સુરક્ષાદળો સાથેની અથડામણમાં હિઝબુલ મુજાહિદ્દીનના બે આતંકવાદીઓ માર્યા ગયા હતા. આ અંગે જમ્મુ-કાશ્મીર પોલીસે પુષ્ટિ કરી હતી. પોલીસે જણાવ્યું હતું કે માર્યા ગયેલા આતંકવાદીઓની ઓળખ બાસિત અમીન ભટ અને સાકિબ અહેમદ લોન તરીકે થઈ હતી. બંને કુલગામ જિલ્લાના રહેવાસી હતા. એક પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, તે અથડામણ દિવસ દરમિયાન શરૂ થઈ હતી જ્યારે સુરક્ષા દળોએ દક્ષિણ કાશ્મીરના કુલગામ જિલ્લામાં કુજ્જરમાં આતંકવાદીઓની હાજરી અંગેની સૂચનાને પગલે ઘેરાબંધી અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું.

## તંત્રી લેખ...

# કેમિકલ વધુ પ્રમાણમાં

દરરોજ ઉપયોગમાં લેવામાં આવતી ચીજોને લઈને વારંવારની ચેતવણી અને વિવિધ પગલા લેવામાં આવ્યા હોવા છતાં તેની કોઈ અસર દેખાતી નથી. કેમિકલ્સનુ પ્રમાણ નિયમિત રીતે ઉપયોગમાં લેવાતી ચીજોમાં વધારે રહે છે. આના કારણે શરીરને પ્રત્યક્ષ અથવા તો પરોક્ષ રીતે નુકસાન થાય છે. ખતરનાક કેમિકલ્સ ટ્રાઈક્લોસનની ઉપસ્થિતી શરીરને ધીમે ધીમે નુકસાન કરી રહી છે. ટોક્સિક લિન્કના એક રિપોર્ટમાં આ મુજબની વાત કરવામાં આવી છે. ટોક્સિક લિન્કે દિલ્હી એનસીઆરથી દરરોજ ઉપયોગમાં આવતી કેટલીક ચીજોને આવરી લઈને તેમાં ચકાસણી હાથ ધરી હતી. જેના આધાર પર કેટલાક નવા દાવા કરવામાં આવ્યા છે. રિપોર્ટમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે ટુથપેસ્ટ, હેયર કન્ડીશર , શેમ્પુ , શેવિંગ ક્રીમ, ડિઓ, શુઝ, વસ્ત્રો, કેપ્સુલ, વોટર બોટલ, અને બાળકોના રમકડામાં આ કેમિકલ્સ હોવાની વિગત સપાટી પર આવી છે. ટ્રાઈક્લોસન નામનના આ ખતરનાક કેમિકલ્સ અમારા શરીરમાં પહોંચીને શરીરના જુદા જુદા હિસ્સાને નુકસાન કરે છે. ફેંફસા અને આંતરડાને પણ નુકસાન કરે છે. જેના કારણે કેન્સરની બિમારીને આમંત્રણ મળે છે. રિપોર્ટમાં કેટલાક બ્રાન્ડના પાણીની બોટલના સેમ્પલ પણ લેવામાં આવ્યા હતા. જેમાં જાણવા મળ્યુ હતુ કે એક લીટર પાણીની બોટલમાં સરેરાશ ૩૨૫ પ્લાસ્ટિકના રજકણ મળી આવ્યા છે. આવી જ રીતે પ્લાસ્ટિકના લંચ બોક્સમાં ગરમ ભોજન રાખવાની સ્થિતીમાં તેમાં પણ પ્લાસ્ટિક મળે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે માર્ગ પર ગાડી ચલાવવાથી ટાયર ઘસાય છે. જેથી માઈક્રો પ્લાસ્ટિકના રજકણ પણ હવામાં આવી રહ્યા છે. જે શ્વાસ મારફતે શરીરમાં પ્રવેશ કરી રહ્યા છે. ટોક્સિક લિંકના ચીફ પ્રોગ્રામ કો ઓર્ડિનેટર પ્રિતિ મહેશે કહ્યુ છે કે કેમિકલ્સ શરીર આરોગ્ય અને પર્યાવરણ બંનેને નુકસાન કરે છે. ભારે નુકસાન થઈ રહ્યુ હોવા છતાં કોઈ પણ પ્રકારના અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી રહી નથી. તેના ઉપયોગના નિયંત્રણ માટે પણ કોઈ પગલા લેવામાં આવી રહ્યા નથી. હાલમાં જ ટુથપેસ્ટના સંબંધમાં અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. વ્યાપક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યા છે કે સવારે ઉઠીને અમે જે ટુથપેસ્ટથી બ્રશ કરી રહ્યા છીએ તે અમારી અંદર ઝેર પહોંચાડે છે. એક ટૂથપેસ્ટમાં નવ સિગારેટ જેટલું નિકોટીનનું પ્રમાણ હોઈ શકે છે. દિલ્હી સ્થિત ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ એન્ડ રિસર્ચે પોતાની તપાસમાં આ મુજબનો ઘટસ્ફોટ કર્યો છે. આ સંસ્થાએ કહ્યું છે કે તમામ ટુખપેસ્ટ બનાવટી કંપનીઓ લોકોના દાંતને ખરાબ કરવાની પ્રક્રિયામાં જોડાયેલી છે. આ સંસ્થાના પૂર્વ અધિકારી અને પ્રોફેસરે જણાવ્યું છે કે બજારમાં ઉપલબ્ધ તમામ ટોચની કંપનીઓના પેસ્ટને લઈને તપાસ કરવામાં આવી ચૂકી છે. આમાંથી ૧૧ પેસ્ટ અને દાતમંજનમાં નિકોટીનનું પ્રમાણ અપેક્ષા કરતાં વધારે જોવા મળ્યું છે. પેસ્ટમાં યુઝીનોલ અને ટારનું પ્રમાણ પણ ખૂબ મોટી માત્રામાં જોવા મળ્યું છે. ફ્લોરાઈડનું પ્રમાણ પણ મોટી માત્રામાં જોવા મળ્યું છે. ઘણા પેસ્ટ અને દાંતમંજનમાં ૧૮ મિલીગ્રામ સુધી નિકોટીનનું પ્રમાણ જોવા મળ્યું છે.

## પ્લાસ્ટિક જોખમરૂપ છે

પ્લાસ્ટિક વર્ષોના વર્ષો સુધી પડયું રહે તોય તેનો નાશ નથી થતો. તેનો ઉપયોગ જેટલો સરળ છે, તેનો નાશ કરવો એટલો જ મુશ્કેલ છે. જે પ્લાસ્ટિકના કારણે અમારુ જીવન વધારે સરળ અને વધારે સુવિધાજનક બની ગયુ છે તે જ પ્લાસ્ટિકના કારણે આજે વધુને વધુ ખતરો ઉભો થઈ રહ્યો છે. માટી અને પાણીની સ્થિતીને બગાડી દેવામાં તેની ભૂમિકા રહેલી છે. સાથે સાથે પ્લાસ્ટિકના કારણે અનેક જીવલેણ બિમારી પણ ફેલાઈ રહી છે. આ વખતે પર્યાવરણ દિવસની મંગળવારના દિવસે ઉજવણી કરવામા આવી હતી. આ દિવસે કેટલાક મોટી પહેલ પણ કરવામા આવી હતી. જે અસરકારક છે. સાથે સાથે સ્વાગતરૂપ છે. પ્લાસ્ટિક પ્રદુષણને રોકવા માટે ગઈકાલે તમામને કહેવામાં આવ્યુ હતુ. સરકારો, ઉદ્યોગો, જુદા જુદા સમુદાય અને સામાન્ય જનતાને પ્લાસ્ટિકના ઉપયોગને રોકી દેવા માટે કહેવામાં આવ્યુ હતુ. પર્યાવરણ દિવસના યજમાન દેશ તરીકે આ વખતે ભારત રહ્યા બાદ કેટલીક નવી પહેલ ભારત સરકાર દ્વારા કરવામાં આવી હતી. ખુબ ઓછા લોકોને આ અંગે માહિતી છે કે દુનિયાના સૌથી વધારે પ્લાસ્ટિકના ઉપયોગ કરનાર દેશોની યાદીમાં ભારત પાંચમા સ્થાને છે. પ્લાસ્ટિકના ખતરાને તો ખુબ પહેલા જ અમે ઓળખી ગયા હતા. જો કે આ સંબંધમાં જેટલી જાગૃતાની જરૂર હતી તેટલી જાગૃતા આવી ન હતી. હવે જ્યારે ખતરનાક બાબત સપાટી પર આવી છે ત્યારે અમે ધ્રુજી ગયા છીએ. જેથી પ્લાસ્ટિકની સામે જંગ છેડી દેવામાં આવ્યો છે. વિશ્વ પર્યાવરણના દિવસે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ખુબ સારી પહેલ કરવામાં આવી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક મહત્વના નિર્ણય હેઠળ અમદાવાદ શહેરમાં પાણીનાં પાઉચ અને પ્લાસ્ટિકની અન્ય ચીજો પર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવ્યો હતો. પાણીના પાઉચની સાથે સાથે ચા માટે વપરાતી પ્લાસ્ટિકની નાની પ્યાલીઓ, મસાલામાં વપરાતા પ્લાસ્ટીક સહિતની સંબંધિત પ્લાસ્ટિકના વપરાશ અને ઉપયોગ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ ફરમાવી દેવામાં આવ્યો હતો. શહેરના મેયર ગૌતમભાઈ શાહે આ અંગેની સત્તાવાર જાહેરાત કરી હતી. રાજકોટ બાદ હવે અમદાવાદ શહેરમાં પણ પ્લાસ્ટિકના કાગળમાં પેક કરીને આવતાં પાણીના પાઉચ પર પ્રતિબંધ મૂકી દેવાયા બાદ હવે આગામી દિવસોમાં રાજયના અન્ય શહેરોમાં પણ આ પ્રકારે પ્લાસ્ટિક પર પ્રતિબંધની શકયતાઓ પ્રવર્તી રહી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આ જાહેરાતને પગલે પાણીના પાઉચના વેપારીઓ અને પ્લાસ્ટિકના વેપારીઓ-દુકાનદારોમાં ભારે નારાજગીની લાગણી ફેલાઈ ગઈ હતી. જો કે, લોકોના આરોગ્યને ધ્યાનમાં લઈ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લેવાયેલા નિર્ણયની જાગૃત નાગરિકોમાં ભારે પ્રશંસા થઈ રહી છે. દરમ્યાન અમદાવાદ જિલ્લા કલેકટરે પણ કલેકટર કચેરીને પ્લાસ્કિટ ફ્રી ઝોન ઘોષિત કરતી જાહેરાત કરી હતી. કલેકટર કચેરીમાં સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી શણની બેગ આપવાની પણ તેમણે તત્પરતા દાખવી હતી અને આ માટે ખાસ વ્યવસ્થા કરવાની તૈયારી બતાવી હતી. આખરે નાગરિકોના આરોગ્યની સલામતીને ધ્યાનમાં રાખી રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તાત્કાલિક અસરથી પ્રતિબંધ અમલી કરવામાં આવ્યો હતો. પોલિથીન એ આપણાં રોજિંદા જીવનમાં અનેક રીતે ઉપયોગમાં લેવામાં આવતું હોય છે. બજારમાં ખાલી હાથે ગયા હોઈએ તોય શાકભાજીવાળો ફેરિયો પોલિથિન બેગમાં શાક આપશે જ એની ખાતરી થઈ ગઈ. પણ કોઈક સુવિ પ્લાસ્ટિકનો કચરો બાળવાથી ઝેરી વાયુ પેદા થાય છે જે કેન્સર જેવી ગંભીર બીમારી નોંતરે છે. એક કિલો પ્લાસ્ટિકનો કચરો બળે છે ત્યારે ત્રણ કિલો કાર્બન વાયુ નીકળે છે.પ્લાસ્ટિક માટીમાં મળ્યા પછી વર્ષો સુધી યથાવત્ રહે છે.

# ૨૦૦૦ની સાલમાં શરૂ થયેલ કેબીસી એટલે અમિતાભ કે અમિતાભ એટલે કેબીસી એવું એનું સજ્જડ પ્લેટફોર્મ બન્યું



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)




આજે ૧૧ ઓક્ટોબર, આ દિવસ સાથે સૌની ગમતી યાદ જોડાયેલી છે.લાખો લોકોનાં ચાહક અને લગભગ પચાસ સાઠ વર્ષથી સૌનાં દિલો પર રાજ કરવા વાળા, અને કેટલાય એવોર્ડથી સન્માનિત એવાં આજે પણ એક યુવાનને શરમાવે એવી સ્ફુર્તિથી કામ કરનારા, અને આપણાં સૌના લોક લાડીલા એવાં શ્રી અમિતાભ બચ્ચનને એમનાં ૮૨ મા જન્મ દિવસના ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ! ઈશ્વર તેમને સદાય આમ જ સ્વસ્થ અને આનંદિત રાખે. આજે પણ કેબીસીના મંચ પર આવે ત્યારે એમની આંખોમાં કેટલી ચમક હોય છે! એ ચમક એમણે કમાયેલી છે, માત્ર રુપિયા નથી કમાયા, લોકોની ચાહના કમાવી એ બહુ અઘરું કામ છે અને એ તેણે કરી બતાવ્યું છે.

યુગો યુગોથી માનવી અન્યના ગુણ અવગુણ થી પ્રભાવિત થઈ અને એ મુજબ જીવન જીવી પોતે પણ અન્યને પ્રભાવીત કરવા કોશિશ કરે છે. આંતરિક ગુણોને પહેલા મહત્વ આપવામાં આવતું, જ્યારે આજનો યુગ બાહ્ય એટીટ્યુડને માનનારો હોવાથી લોકો સેલિબ્રિટીની નકલ કરતા દેખાય છે. સેલિબ્રિટી જેવા ચશ્મા, સેલિબ્રિટી જેવા કપડાં, એમના જેવા જૂતાં, કે ચપ્પલ એમના જેવી બોલી વિગેરેથી તેઓ પણ અન્ય પર પોતાનો પ્રભાવ વધારવા કોશિશ કરતા હોય છે. એક યુગ હતો, જ્યારે સૌને રામ કૃષ્ણ અત્યંત પ્રિય હતાં, અને એમના જેવું જીવન બનાવવા સૌ પ્રયત્ન કરતાં. એટલે કે ગુણ સર્જન કરી પોતાની જાતને પણ એવી બનાવતાં. સમય બદલાઈ ગયો, અને લોકોના શોખ બદલાઈ ગયાં, તેમજ લોકોના રોલ મોડલ પણ બદલાઈ ગયા. એવું નથી કે લોકો આજે રામ કૃષ્ણને પસંદ કરતા નથી, કે તેને મહત્વ આપતા નથી. પ્રિય તો બધાને છે, પરંતુ એના જેવા આદર્શ જીવન માટે કષ્ટ ભોગવવું પડે, અને આજકાલ યુવાનોમાં સહનશીલતા ઘટતી જાય છે, એટલે એવી ઉપાધિમાં હાથે કરીને પડવું શું કામ!! એવી વિચારધારા પણ ખરી.આજે તો પદ પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધિ બધું જ રુપિયાથી મળી જાય છે, અરે સભા સરઘસમાં ભીડ પણ ખરીદાય છે, અને ચૂંટણીમાં પણ દાવેદાર વેંચાય કે ખરીદાય છે. એટલે એમ કહી શકાય કે રુપિયાથી બધું જ થાય! પણ એક વસ્તુ રુપિયાથી ખરીદી શકાતી નથી અને એ છે લોકપ્રિયતા! અમિતાભ બચ્ચનનું નામ એક એવું નામ છે જેણે વિશ્વના નકશામાં ભારતને પ્રસિદ્ધી અપાવી છે, એ સૌ કોઈએ સ્વીકારવું પડે. લંડનના તુસાદ મ્યુઝિયમમાં સૌથી પહેલાં ઈન્ડિયનનું સ્ટેચ્યુ મુકાયું હોય તો એ અમિતાભ બચ્ચન છે. કોઈ એવી હસ્તી કે જેને ઈન્ડિયન સિવાય પણ વિશ્વમાં કેટલાય પસંદ કરનાર, અને એને ફોલો કરવા વાળા છે, તો એ માત્ર અમિતાભ બચ્ચન છે. તે પુરુષાર્થ વાદી છે, અને આજે પણ ખૂબ મહેનત કરે છે,એ નવી નવી ટેકનોલોજી સાથે કદમ મિલાવીને ચાલે છે,એ માને છે, યુગ પરિવર્તન થઈ ગયું છે, આપણે જો આપણા જૂના વિચારોને પકડીને બેસીશું તો આપણે સમય સાથે ચાલી નહીં શકીએ. એક બાળક જેમ એને બધું જ શીખવું હોય છે, અને શીખવનાર કોઈ પણ હોય તો એ એમાં પોતાની મોટાઈ વચ્ચે લાવતા નથી. એની એક એક અદા પર માત્ર મહિલા નહીં પુરુષ આજે પણ પણ વારી જાય છે! જેને કહેવાય રીયલ હીરો ! એવી એમણે ઈમેજ ઊભી કરી છે. ફિલ્મના હીરો તરીકે એ કદાચ કોઈ ફિલ્મમાં ફલોપ ગયા હોય શકે, પણ લોક માનસમાં એની લોકપ્રિયતામાં કોઈ દિવસ આંચ આવી નથી. દેશના જાણીતા કવિ હરિવંશરાય બચ્ચન અને તેજી બચ્ચનના પુત્ર, પત્ની તરીકે સુંદર અને સંસ્કારી જયા બચ્ચન ભાદુરી, પુત્ર અભિષેક બચ્ચન અને પૂત્ર વધૂ એશ્વર્યા રાય બચ્ચન અને તેમની પુત્રી આરાધ્યા બચ્ચન. પુત્રી શ્વેતા નિખીલ નંદા, એમનાં બે સંતાન નવ્યા નંદા અને અગસ્ત્ય નંદા, આ એમનો અંગત પરિવાર છે, પરંતુ આપણે જોઈએ છીએ તેમ એ સૌ સાથે પોતાના અંગત સ્વજન હોય એમ જ મળે છે, અને એકદમ ભાવવાહી કે લાગણીશીલ સ્વભાવ ધરાવે છે. સદીના મહાનાયક, બીગ બી, એન્ગ્રી યંગ મેન, અને સુપરમેન, તરીકે જાણીતા એવા શ્રી અમિતાભ બચ્ચન એક એવું વ્યક્તિત્વ છે, જે ભારતની સાથે-સાથે વિદેશમાં પણ ખૂબ જ પ્રખ્યાત છે, દરેક વર્ગના માણસો, બાળક હોય કે વૃદ્ધ, બધા જ તેમને ખૂબ પસંદ કરે છે. તેના ચાહકો અસંખ્ય છે, દરેક લોકો તેમની શૈલી, તેમના અવાજ અને તેમના અભિનયના દિવાના છે. આટલું જ નહીં, તેમનો સ્વભાવ પણ ખૂબ સરળ છે અંગ્રેજીની સાથે સાથે તેમનું હિન્દી જ્ઞાન પણ ખૂબ જ સારું છે, જો આપણે એમ કહીએ કે તેઓ બોલિવૂડના એવા સ્તંભ છે કે બોલિવૂડની શરૂઆત તેમનાથી થાય છે, તો પણ કંઈ અતિશયોક્તિ નથી. તેઓ એક ખૂબ જ સારા અભિનેતા, ગાયક, લેખક, એક્ટર, દિગ્દર્શક અને તેનાથી પણ વધુ સારા વ્યક્તિ છે. તેમની પ્રથમ આવક માત્ર ત્રણસો રૂપિયા હતી જે આજે કરોડોમાં ફેરવાઈ ગઈ છે. શ્રી અમિતજીને અભ્યાસમાં રસ હતો, તેઓ ખૂબ જ સ્માર્ટ હતા. તેમણે તેમનું પ્રારંભિક શિક્ષણ જ્ઞાન પ્રબોધિની, બોયઝ હાઈસ્કૂલ, અલ્હાબાદમાંથી મેળવ્યું હતું. તે પછી તેમણે શેરવુડ કોલેજ, નૈનીતાલથી હાઈસ્કૂલ સુધીનું શિક્ષણ મેળવ્યું. આ પછી તેમણે દિલ્હીની કિરોરી મલ કોલેજમાંથી તેમનું ઉચ્ચ શિક્ષણ પૂર્ણ કર્યું, જ્યાં તેમણે વિજ્ઞાન અને કલામાં સ્નાતકની ડિગ્રી મેળવી. ડિગ્રી મેળવી લીધા બાદ દરેકના જીવનમાં જેમ શરૂ થાય છે, તેમ તેના જીવનમાં પણ કારકિર્દીનો એક મહત્વનો મોડ આવ્યો, અને જ્યાં તેમના સંઘર્ષ ધીરજ અને લોકપ્રિયતાને કારણે તેઓ આજ સુધીનાં મુકામે પહોંચ્યા. તેમણે ૧૯૬૯ની સાલમાં બોલિવૂડમાં પગ મૂક્યો હતો. તેમણે સૌ પ્રથમ વર્ષ ૧૯૬૯ માં ''ભુવન શોમ'' નામની ફિલ્મમાં પોતાનો અવાજ આપ્યો હતો. આ ફિલ્મને ઘણા એવોર્ડ પણ મળ્યા હતા. આ સાથે તેની કારકિર્દીની શરૂઆત મુખ્યત્વે સાત હિન્દુસ્તાનીથી થઈ હતી તેમણે ૧૯૬૯થી ૧૯૭૨ સુધી ખૂબ જ મહેનત કરી, પરંતુ એક પણ હિટ ફિલ્મ ન આપી શક્યા. વર્ષ ૧૯૭૩ માં, તેમણે ફિલ્મ ઝંજીરમાં કામ કર્યું, જેમાં તેમણે એક પ્રામાણિક પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે વિજય ખન્નાની ભૂમિકા ભજવી હતી, અને તેથી જ કહેવાય છે કે જંજીર ફિલ્મે તેમના નસીબની જંજીર પણ ખોલી નાખી, અને એ પછી તેમણે એક પછી એક સુપરહિટ ફિલ્મ આપી. પરંતુ સેલિબ્રિટીઓના જીવન પણ કંઈ સીધેસીધા જતા નથી, અને એમના જીવનમાં પણ એક એવો મુકામ આવ્યો કે નેવુંના દાયકામાં તેમના પર ઘણું દેવું હતું, તેમની મોટાભાગની ફિલ્મો પણ ફ્લોપ રહી હતી.

ત્યાર પછી વર્ષ ૨૦૦૦ માં, એક ટેલિવિઝન શોમાં હોસ્ટ તરીકે ઓફર આવી, જે તેમણે સ્વીકારી લીધી, શો હતો ''કૌન બનેગા કરોડપતિ''. આ શોની લોકપ્રિયતા એ તેમનું જીવન ફરી બદલી નાખ્યું, અને ત્યારથી આજ સુધી તેઓ આ શોને હોસ્ટ કરી રહ્યા છે. કેબીસી એટલે અમિતાભ કે અમિતાભ એટલે કેબીસી એવું સજ્જડ પ્લેટફોર્મ, ૧૯૮૨ માં કુલી ફિલ્મના શૂટિંગ દરમિયાન તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા, જેના માટે તેમના ચાહકોએ ખૂબ પ્રાર્થના કરી અને તેઓ ઠીક થઈ ગયા, તેમણે ફિલ્મમાં કામ કરવાનું બંધ કરી દીધું, ત્યારબાદ તેમને વર્ષ ૧૯૮૪માં સંસદમાં બોલિવૂડ સ્ટારડમ સીટ માટે પ્રસ્તાવ મળ્યો, અને તેમણે તે સ્વીકારી લીધો, પરંતુ કોઈ વિવાદમાં ફસાઈ જવાને કારણે તેમણે ૧૯૮૭ માં આ સીટ છોડી દીધી. ૪ માર્ચ ૨૦૨૨ માં તેમની ઝુંડ નામની એક ફિલ્મ રજૂ થઈ અને વિજય બારસે નામના એક વ્યાયામ શિક્ષકના જીવન ચરિત્ર પરથી આ ફિલ્મ બની છે, જે ગંદી વસ્તીમાં રહેતા યુવાનોના સ્પિરિટ અને આત્મવિશ્વાસને ઈન્ટરનેશનલ લેવલ સુધી લઈ જાય છે. તો આ છે સદીના મહાનાયકનું જીવન ચરિત્ર! એમણે પદ્મ ભૂષણ, પદ્મ વિભૂષણ અને પદ્મશ્રી જેવા રાષ્ટ્રીય ત્રણ પારિતોષિક પ્રાપ્ત કર્યા છે અને ૧૪ ફિલ્મ ફેર એવોર્ડથી સન્માનિત થયા છે. આ ઉપરાંત એ એક પાર્શ્વ ગાયક પણ છે,એ ભગવાનમાં બહુ શ્રદ્ધા ધરાવે છે, પૂર્ણ પણે શાકાહારી છે, અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કહેવાથી સાવ નિઃશુલ્ક આરબીઆઈના બ્રાંડ એમ્બેસેડર પણ બન્યા છે.

આ ઉપરાંત ગુજરાત ટુરિઝમના પણ એ બ્રાંડ એમ્બેસેડર છે. બહુ ઓછાં લોકો હોય છે, જેમને એમનાં જીવતા જ લોકપ્રિયતા સાંપડે છે! અને એ છે અમિતાભ બચ્ચન! જરા વિચારો! આપણે એક એવા ઈતિહાસનાં સાક્ષી કહેવાઈશું, કે આપણે એને જીવતાં જોયાં છે, અને એ વિચારીને પણ રોમાંચ થાય છે. અને એ આપણી વચ્ચે જ જીવતાં અને સૌની સાથે હળતા મળતાં જોયાં છે. પણ લોકપ્રિયતા એમ નેમ મળતી નથી અને એ પણ આ યુગમાં! તો આપણે એમનાં જીવનમાંથી સફળતા સંઘર્ષ વગર પ્રાપ્ત નથી. એ સૂત્રને ગ્રહણ કરી અને જીવી શકીએ એવું જીવન બનાવવાના સંકલ્પ સાથે એમનો જન્મ દિવસ ઉજવીએ.

# હૃદયમાં સાત્ત્વિક ભાવ જાગે, મન શુદ્ધ થાય, એટલે હૃદયમાંથી જ્ઞાન આપોઆપ પ્રગટ થાય છે



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા




માનવશરીરએ ઘડો છે. આ ઘડાને નવ છિદ્રો છે. ઘડામાં છિદ્રો હોય તો ઘડો ભરાય નહીં. એક-એક છિદ્રમાંથી અનેક વખત વિકાર વાસનાના વેગમાં જ્ઞાન વહી જાય છે. જ્ઞાન થવું એ અઘરું નથી પણ આવેલું જ્ઞાન ટકતું નથી જ્ઞાન ને ટકાવવા ઈન્દ્રિયોમાંથી વહી જતી બુદ્ધિશક્તિને અટકાવવાની છે. જ્ઞાનીઓ ઈન્દ્રિયોનેવિષયોમાં જતી અટકાવે છે. ત્યારે વૈષ્ણવો તેને પ્રભુના માર્ગમાં વાળે છે.આજે જ્ઞાન બધું પુસ્તક માં રહ્યું છે, મસ્તકમાં રહ્યું નથી. પુસ્તકોની પાછળ પડે એ વિદ્વાન અને પ્રભુ પ્રેમમાં પરમાત્માની પાછળ પડે તે સંત. વિદ્વાન શાસ્ત્ર પાછળ દોડે છે, ત્યારે શાસ્ત્ર સંતની પાછળ દોડે છે. શાસ્ત્રો વાંચીને જે બોલે તે વિદ્વાન, પ્રભુને રિઝવીને પ્રભુપ્રેમમાં પાગલ થયેલો જે બોલે તે સંત. ગીતાજીમાં ભગવાને કહ્યું છે કે, હૃદયમાં સાત્ત્વિક ભાવ જાગે,મન શુદ્ધ થાય, એટલે હૃદયમાંથી જ્ઞાન આપોઆપ પ્રગટ થાય છે. મીરાંબાઈ કોઈના ઘરે શાસ્ત્ર ભણવા ગયાં નથી. તુકારામ મહા રાજ પણ કોઈના ઘરે શાસ્ત્ર ભણવા ગયા નથી.જ્ઞાનનો શત્રુ છે હિરણ્યાક્ષ.ભાગવતમાં અવતારનો ક્રમ બતાવ્યો છે તેમાં પહેલાં હિરણ્યાક્ષનો વધ, પછી કપિલ ભગવાન આવે છે.તમારા મનને પૂછશો કે ઈશ્વરે મને જે સંપત્તિ- સુખ આપ્યાં છે તેને હું લાયક છું કે નહીં? તો જવાબ મળશે કે લાયક નથી. એટલા માટે થાય છે કે, મનુષ્ય માને છે કે પ્રભુ એ મને ઓછું આપ્યું છે. સ્વયંભુવ મનુની રાણીનું નામ શત રૂપા.મનુ મહારાજને ત્યાં બે બાળકો થયાં. તેમનાં નામો પ્રિયવ્રત અને ઉત્તાનપાદ,ત્રણ કન્યાઓ થઈ તેમનાં નામો આકૃતિ દેવહૂતિ તથા પ્રસૂતિ.તેમાં આકૃતિ રુચિને, દેવ હૂતિ કર્દમને અને પ્રસૂતિ દક્ષને પરણાવી. દેવહુતિનું લગ્ન કર્દમ ઋષિ સાથે થયું હતું. તેમને ત્યાં કપિલ ભગવાન પધાર્યા. વિદુરજી પ્રશ્ન કરે છે કે, હે મૈત્રેય જી, આ કપિલ ભગવાનની કથા મને કહો. મૈત્રેયજી કહે છે,કપિલ બ્રહ્મજ્ઞાન નું સ્વરૂપ છે. કર્દમ થશો તો તમારે ઘરે કપિલ આવશે. કર્દમ એટલે કરદમ. ઈન્દ્રિયોનું દમન કર. ઈન્દ્રિયોનું દમન કરે એ કર્દમ. કર્દમ એટલે જિતેન્દ્રિય શરીરમાં સત્ત્વ ગુણની વૃદ્ધિ થાય એટલે આપો આપ જ્ઞાનનો ઝરો ફૂટે છે, જ્ઞાન પ્રગટે છે. જ્ઞાનની પ્રાપ્તિ શરીરમાં સત્ત્વગુણ વધવાથી થાય છે. સત્ત્વગુણ શુદ્ધ આહાર, શુદ્ધ આચાર..શુદ્ધ વિચારથી વધે છે. સંયમથી-સદાચારથી સત્ત્વગુણ વધવાથી અંદરથી જ્ઞાન સ્ફુરણ થાય છે. જીભ સુધરે તો જીવન સુધરે છે.લૂલી માગે તે તેને આપશો નહીં. બે-ચાર મિનિટમાં ઊંઘ આવશે એમ લાગે ત્યારે જ પથારીમાં પડો. જિતેન્દ્રિય થવા માટે સરસ્વતીના કિનારે રહેવું પડશે. સરસ્વતીનો કિનારો એટલે સત્કર્મનો કિનારો. યમુનાજી ભક્તિનું સ્વરૂપ છે. ગંગા જ્ઞાનનું અને સરસ્વતી સત્કર્મનું સ્વરૂપ છે.

લક્ષ્ય વગરનો આદમી સઢ વગરના વહાણ જેવો છે.કર્દમ જિતેન્દ્રિય મહાત્મા છે. તેમણે ખૂબ તપશ્ચર્યા કરી. શરીરમાં હાડકાં જ બાકી રહ્યાં છે. કર્દમની તપશ્ચર્યા જોઈ પ્રભુ પ્રસન્ન થયા.આંખમાંથી હર્ષ ના આંસુ નીકળ્યાં. તેનું થયું બિંદુ સરોવર. સિદ્ધપુરની જાત્રા વખતે આ બિંદુ સરોવરમાં સ્નાન કરવું પડે છે. તમે ખૂબ ધ્યાન કરશો તો ભગવાન તમારા ઉપર પ્રસન્ન થશે, તમને દર્શન આપશે. ભગવાનનું ધ્યાન ન થાય તો વાંધો નહીં, પણ સાવધાન રહેજો કે તમારું મન સંસારના વિષયોમાં સ્થિર ન થાય. આંખ રતનનું જતન કરજો. આંખની શક્તિ વેડફી નાંખશો નહીં. સંસારનું સૌંદર્ય ક્ષણિક છે. પૈસા વધે એટલે લોકોમાં વિવેક એતો નથી. જગતની કોઈ વસ્તુ સુંદર નથી. વિકાર આંખમાં છે એટલે વસ્તુ સુંદર લાગે છે. મનુષ્ય સૌંદર્ય પાછળ પાગલ બને છે,પણ જે વ્યક્તિના સૌંદર્ય પાછળ પાગલ બન્યો હોય તેના મોઢા ઉપર બળિયા આવી જાય, તો તેનું મોઢું ગમતું નથી. શરીરની સુંદરતા નહીં, હૃદયની સુંદરતા જુઓ. જગત કરતાં પણ જગતનો સર્જન હાર સુંદર છે. લોકો સૌંદર્ય જોવા કાશ્મીર જાય છે, પણ કાશ્મીર બનાવનાર મારો શ્યામસુંદર કેટલો સુંદર હશે? એ તો નિત્યસુંદર છે તેવું માનજો.

ઠાકોરજીનાં દર્શન કરવાથી આંખ સફળ થાય છે. કર્દમ કહે છે, મહારાજ, તમારાં દર્શન કરવાથી મારી આંખ સફળ થઈ છે. નાથ તમને પ્રાપ્ત કરી સંસારસુખની માગણી કરે તે મૂર્ખ છે.પણ બ્રહ્મા જીએ આજ્ઞા કરી છે, તેથી લગ્ન કરવાની ઈચ્છા થઈ છે. મને પત્ની જોઈતી નથી. મારે ઘરમાં સત્સંગ જોઈએ છે. સ્ત્રીસંગ એ કામસંગ નહીં પણ સત્સંગ છે.ધર્મમાં આચ રણ માટે પત્ની છે એટલે તો પત્ની ને ધર્મપત્ની કહી છે. એકલો પષકે એકલી સ્ત્રી ધર્મ માર્ગમાં આગળ વધી શકતા નથી. એકલી નાવડી સંસારસાગર પાર કરી શકે નહીં. એકલો નાવિક પણ સંસાર સાગર પાર કરી શકે નહીં. સ્ત્રી એ નાવડી અને પુરુષએ નાવિક છે. એકને બીજાનો સાથ જોઈએ. પુરુષમાં વવેક હોય છે અને સ્ત્રીમાં સ્નેહ.વિવેક અને સ્નેહ મળશે તો ભક્તિ પ્રગટ થાય છે. પુરુષ એ જ્ઞાનસ્વરૂપ છે. સ્ત્રીનું હૃદય કોમળ હોવાથી તે સમર્પણ કરે છે.સ્ત્રી એ ક્રિયા શક્તિ છે. ઘણાંને આશ્ચર્ય થશે કે, કર્દમે આટલાં વર્ષોની તપશ્ચર્યા કરી ભગવાન પાસે મુક્તિ કેમ ન માગી? કર્દમે વિચાર્યું કે, હજારો જન્મોની કામવાસનાઓ સુષુપ્ત રીતે મનમાં રહેલી હોય છે, તેને સંતોષી મનુષ્ય ઉપર જે ત્રણ પ્રકારનાં ઋણ હોય છે, તેમાંથી મુક્ત થવું સારું અને તે પછી મુક્તિની ઈચ્છા રાખવી. ભગવાને કહ્યું, બે દિવસ પછી મનુમહારાજ તમારી પાસે આવશે અને પોતાની પુત્રી દેવહુતિ તમને આપશે. હું તમારે ત્યાં પુત્રરૂપે આવીશ. જગતને મારે સાંખ્ય શાસ્ત્રનો ઉપદેશ કરવાનો છે. એવું કહી શ્રીહરિ ત્યાંથી વિદાય થયા.

પતિ-પત્ની પવિત્ર જીવન ગાળે તો ભગવાનને ઈચ્છા થાય કે, હું તેમને ત્યાં જન્મ લઉં.નારદજી મનુ મહારાજ પાસે આવ્યા અને કહ્યું, તમે કર્દમને કન્યાદાન કરો. મનુ મહારાજ, શતરૂપા અને દેવ હુતિ સાથે કર્દમઋષિના આશ્રમમાંઆવે છે. કર્દમ વિવેકથી દેવહુતિની પરીક્ષા કરે છે. કર્દમઋષિએ આસનો બિછાવ્યાં છે, તે ઉપર બધાંને બેસવા કહે છે. મનુ, શતરૂપા ત્રણ બેસે છે. દેવહુતિ બેસતાં નથી. કર્દમે કહ્યું, આ ત્રીજું આસન દેવી તમારા માટે છે! દેવહુતિએ વિચાર કર્યો કે, ભવિષ્યમાં આ મારા પતિ થવાના છે. પતિએ પાથરેલ આસન ઉપર બેસું એ મારો ધર્મ નથી અને જો ન બેસું તો આસન આપનારનું અપમાન થાય છે. તેથી દેવહુતિ જમણો હાથ આસન ઉપર રાખી આસનની બાજુમાં બેસે છે. બિચારી જૂના જમાનાની હતી. આજકાલની હોત તો આસન ઉપર પહેલેથી જ જમાવી દેત. દીલમાં તો પત્નીઓ પતિઓને બાબાને ઝુલાવવાનો હુકમ કરે છે. છોકરાંઓને પતિને સોંપાને કરવા નીકળી જાય છે.આર્યનારીના સાચા સંસ્કાર આજે ભૂલાતા જાય છે. આજે છોકરીઓની પરીક્ષા કરવાની રીતો જદી બનતી જાય છે.કર્દમ વિચારે છે,છોકરી છે તો લાયક લગ્ન કરવામાં હરકત નથી. મનુમહારાજે કહ્યું, આ કન્યા હું આપને અર્પણ કરવા આવ્યો છું. કર્દમઋષિ બોલે છે, લગ્ન કરવાની મને ઈચ્છા છે. લગ્ન પહેલાં હું એક પ્રતિજ્ઞા કરવાનો છું. મારાં લગ્ન વિલાસ માટે નથી, પણ કામનો વિનાશ કરવા માટે છે. કામનો વિકાસ નહીં પણ કામનો વિનાશ એ મારા લગ્નનું પ્રયોજન છે. એટલે એક પુત્ર થયા પછી હું લૌકિક સંબંધનો ત્યાગ કરીશ અને સંન્યાસ લઈ લઈશ. વાચક ચાહક મિત્રો આપણે મૃતાત્મા પિતૃતર્પણ અર્પણ શ્રાધ્ધ પક્ષમાં શ્રદ્ધા આસ્થાપૂર્વક કરી રહયા છીએ. આ સમયમાં ભગવદ્ ગીતાનો ઉપદેશ કંઈક અલગ રીતે જોઈ રહયા છીએ. એમાં કોઈને કંઈ સમજવામાં ગેર સમજ થાય તો સુધારીને વાંચજો ખુશ રહો.

## એક્સપાયરી વાળી દવાની કિંમત વધી રહી છે




જ્યારે પણ ખરીદી કરવા જવાનું હોય ત્યારે ઘરના વડીલો એકની એક વાત વારંવાર કરેઃ જોજે, ઉતાવળમાં બધું આડેધડ લેતી નહીં, દરેક પ્રોડક્ટની એક્સપાયરી ડેઈટ વાંચજે. આમ, એક્સપાયરી ડેઈટ મારો પીછો છોડતી નથી. મારાં ચશ્માંના નંબર વધી ગયા છે, તે પણ આ ખૂબ જ નાના અક્ષરે છપાયેલ એક્સપાયરી વાંચીને જપ, એક વાર દાદીની દવા લઈ આવી ને દાદીને પીવા માટે આપી તો દાદી બોલ્યાં એક્સપાયરી બરાબર વાંચી હતી નેપ આજકાલ તો કંઈ કહેવાતું નથી. મને મનમાં તો એક વાર થઈ જ આવ્યું કે આજે તો પૂછી જ નાખું (સંભળાવી જ દઉં) કે દાદી, તમે લગ્ન કરેલાં ત્યારે દાદાની એક્સપાયરી વિશે તપાસ નહીં કરાવેલી તે દાદા તમારા કરતાં ૨૫ વરસે મોટા એટલે એમની એક્સપાયરી પણ ૫ અને તમે દાદા વગર વરસોથી એકલાં એકલાં હવે દવાની એક્સપાયરી જોયે રાખો છો. જો તમે લગ્નવેળાએ ઘરનાંનું ધ્યાન દોર્યું હોત તો પાછલી જિન્દગીમાં આમ સાવ એકલાંપ પણ ભાઈ, એ તો યુગ જ એવો હતોપ દીકરી ને ગાય, દોરે ત્યાં જાયપ મૂરતિયાનું મુખદર્શન પણ મ્હાયરામાં જ થતું અને એક્સપાયરી ક્યારની છે, તે પણ ત્યારે જ ખબર પડતી. હેંગર ઉપર લટકતા કોટ નીચેની કાયા જોયા પછી પણ આજનો યુગ જુઓ. આજે તો એક્સપાયરી માટે કન્યાઓ એટલી ટચી છે કે એ મૂરતિયો પોતાનાથી નાનો હોય તો ઉત્તમ. શાંતિથી વિચારીએ તો એના અનેક ફાયદાઓ કન્યાને છે. પહેલાં જે ફાયદા પતિદેવો ભોગવતા તે હવે પત્નીઓ ભોગવતી થઈ ગઈ છે. એક વાર દવાની દુકાને હું એક્સપાયરી ડેઈટ માટે રકઝક કરતી હતી કે આ તારીખ તો બિલોરી કાચથી પણ વંચાય એમ નથી. તમે આવી કંપનીની દવાઓ વેચવાની જ બંધ કરો. આ તો દર્દીની જિંદગી સાથે ખિલવાડ છેપ વગેરે વગેરે ઘણું બધું હું બોલી ગઈપ પછી જેવી મારી બોલવાની એક્સપાયરી પતી કે પેલા દુકાનના માલિકે બોલવાનું ચાલુ કર્યું કે, બહેન, હવે તો આ દેશમાં બધું જ હાઈબ્રીડ અને ભેળસેળવાળું થઈ ગયું છે. કોણ, કેમ, ક્યારે, કેવી રીતે, કઈ ઉંમરે, કઈ અવસ્થામાં ઊકલી જવાનું છે/ એક્સપાયરી પહેલાં કે એક્સપાયરી પછી, શું ખાવાથી કે શું પીવાથી ?

## માત્ર ૧ મિનિટમાં ઘરે બની જશે આ હોમમેડ લિપ સ્ક્રબ, કાળા હોઠને ૧૦ દિવસમાં ગુલાબી કરે છે

ડાર્ક હોઠ તમારી પર્સનાલિટી ખરાબ કરવાનું કામ કરે છે. પરંતુ આજે અમે તમને કેટલાક ઘરેલુ ઉપાયો વિશે જણાવીશું જેની મદદથી તમે સરળતાથી ડાર્ક હોઠને ગુલાબી કરી શકો છો. ડાર્ક હોઠ તમારી સુંદરતા બગાડવાનું કામ કરે છે. સ્મોકિંગ કરવાથી પણ હોઠ કાળા થઈ જાય છે. આ સાથે ઘણાં લોકોના હોઠ નેચરલી શ્યામ હોય છે. ડાર્ક હોઠ તમે લિપસ્ટિક કરો છો તો પ્રોપર રીતે સારી લાગતી નથી. આ માટે હોઠને ગુલાબી કરવા ખૂબ જરૂરી છે. હોઠને ગુલાબી કરવા માટે તમારે કોઈ ટ્રિટમેન્ટની જરૂર નથી, તમે કેટલાક ઘરેલુ ઉપાયોથી સરળતાથી હોઠને નેચરલી રીતે ગુલાબી કરી શકો છો. તમને એક વાત જાણીને નવાઈ લાગશે કે તમે વારંવાર જીભ હોઠ પર ફેરવો છો તો પણ કાળા થવા લાગે છે. આ સાથે પાણી ઓછુ પીઓ છો તો પણ આ સમસ્યા થાય છે. આમ તમારા હોઠ ડાર્ક છે તો આ ઘરેલુ ઉપાયો તમારા માટે બેસ્ટ છે. હોઠની ડાર્કનેસ દૂર કરવા માટે તમે ખાંડમાંથી લીપ સ્ક્રબ બનાવી શકો છો. આ લીપ સ્ક્રબ તમારા હોઠને ગુલાબી કરવાનું કામ કરે છે. આ માટે અડધી ચમચી મલાઈમાં અડધી ચમચી ખાંડ નાખો અને એક લીંબુનો રસ મિક્સ કરી દો. તો તૈયાર આ લીપ સ્ક્રબને હોઠ પર દરરોજ રાત્રે ઊંઘતા પહેલાં લગાવો. આમ કરવાથી ૧૦ દિવસમાં હોઠની ડાર્કનેસ ઓછી થઈ જશે અને ગુલાબી થશે. તમારા હોઠ કાળા થઈ ગયા છે તો દરરોજ રાત્રે ઊંઘતા પહેલાં હોઠ પર ૧૦ મિનિટ સુધી ગુલાબ જળથી મસાજ કરો. ગુલાબની પાંદડીથી પણ મસાજ કરી શકો છો.



આ ગુલાબ જળમાં તમે કેસર મિક્સ કરીને પણ હોઠ પર એપ્લાય કરી શકો છો. તમે જ્યારે સવારમાં બ્રશ કરો ત્યારે ટૂથબ્રશ ફેરવવાની આદત પાડો. ટૂથબ્રશની મદદથી તમે હોઠને ગુલાબી કરી શકો છો. આ માટે ટૂથબ્રશ લો અને હળવા હાથે હોઠ પર ઘસો. ગુલાબી અને મુલાયમ હોઠ દરેકની તમન્ના હોય છે. તે જોવામાં સારા લાગે છે સાથે જ તે તમારાં સ્વાસ્થ્ય અને આદત પણ દર્શાવે છે. જોકે સ્કિન ટોનની જેમ લિપ ટોનના પણ અલગ અલગ શેડ હોય છે, પરંતુ જો તમારા હોઠ અચાનક કાળા પડી જાય તો તે ચિંતાનો વિષય છે. આવો જાણીએ અચાનક હોઠ કાળા પડી જવાનું કારણ શું છે અને તેને કેવી રીતે દૂર કરી શકાય છે. પોષણની અછત અને સ્મોકિંગ જેવા અલગ અલગ કારણોને લીધે હોઠ કાળા પડી જાય છે. જેને ઘરે જ કેટલાક ઘરેલું ઉપચાર અપનાવીને ઠીક કરી શકાય છે. આ માટે તમે લીંબુ, મધ, એલોવેરા અને નારિયેળ તેલનો (કોકોનટ ઓયલ) ઉપયોગ કરી શકો છો. આજે અમે તમને કાળા હોઠ દૂર કરવાના આ ઉપાયો વિશે જણાવીશું.

મધ અને લીંબુને મિક્સ કરી લગાવવાથી તમારા હોઠ કોમળ બને છે. મધ અને લીંબુ લગાવવાથી હોઠની કાળાશ દૂર થાય છે. આ માટે તમારે એક ચમચી લીંબુના રસમાં મધ મિક્સ કરવું પડશે. બંનેને સારી રીતે મિક્સ કર્યા પછી તેને તમારા હોઠ પર ઓછામાં ઓછા ૧૫ થી ૨૦ મિનિટ સુધી સ્ક્રબ કરો. ત્યાર બાદ હોઠને પાણીથી ધોઈ લો. તમે તેને દિવસમાં એકવાર હોઠ પર લગાવી શકો છો. કોકોનટ ઓયલ (નારિયેળ તેલ) તમારા હોઠ માટે પણ ફાયદાકારક છે. નાળિયેર તેલમાં મોઈશ્ચરાઈઝિંગના ગુણધર્મો પણ છે, જે તમારા હોઠને નરમ રાખવામાં મદદ કરી શકે છે. તમને જણાવી દઈએ કે નારિયેળ તેલ તમારા હોઠને શુષ્ક અને કાળા થવાથી બચાવે છે. તમે તેને દિવસમાં બે વાર તમારા હોઠ પર લગાવી શકો છો. આ સિવાય તમે ખીરા કાકડી તમારા હોઠની કાળાશ દૂર કરવા માટે પણ ફાયદાકારક છે. ખીરા કાકડીમાં ભરપૂર માત્રામાં એન્ટીઓક્સીડેન્ટ હોય છે, જે કાળાશ દૂર કરવામાં ખૂબ જ ફાયદાકારક છે. કાકડીના ટુકડા કાપીને સારી રીતે પીસી લો. હવે આ પેસ્ટને હોઠ પર ૧૫ થી ૨૦ મિનિટ સુધી લગાવો અને ત્યારબાદ પાણીથી ધોઈ લો. હોઠ કાળા થવા પાછળ ઘણા કારણો હોઈ શકે છે. એક સામાન્ય કારણ સન ટેનિંગ છે. આ કારણે હોઠ ઝડપથી કાળા થઈ જાય છે. કેટલીક લિપસ્ટિક સૂર્યના સંપર્કમાં આવવા પર પણ રિએક્શન આપે છે. આ સિવાય સિગારેટમાં ટાર અને નિકોટિનની માત્રાને કારણે સ્મોકિંગ કરવાથી હોઠ કાળા પડી શકે છે.

## પુખ્તાવસ્થા(ટીનએજર)એ પરફેક્ટ લાઈફની પળોજણ

એક બાજુ વિહા એન્ડ ફ્રેન્ડ્સ ડિમ્પી સાથેના કકળાટ પછી અડધી સ્કુલને ભેગી કરી અત્યારે ઈનસાઈડ આઉટ ફિલ્મ જોવામાં મસ્ત અને વ્યસ્ત હતા ત્યારે સ્વાભાવિકપણે એકલી પડી ગયેલી ડિમ્પી પર હવે પોતાની માં એવી પૌલોમી પાસે ગયા વગર છૂટકો નહોતો. પૌલોમી જે ભૂતકાળમાં એક સફળ મોડલ રહી ચૂકેલી તે હવે વ્યવસાયે જેઓની પર્સનાલિટી ડેવલોપમેન્ટ માટે મેન્ટોર બનેલી એવી અતિશય ચાંપલાશની પ્રતિકૃતિ સમાન ચૌદેક વર્ષની ચેરીના રડારમાં ડિમ્પી અચાનક આવી પહોંચી. ચેરી એક સુંદર, હોંશિયાર, ધનવાન, સુખ-સગવડતાભર્યું રહેણાંક અને ખુશખુશાલ જીવન જીવતી ટીનએજર છે. હસતા-કૂદતાં સોળ વર્ષની જુવાન થયેલી ચેરીને અત્યાર સુધીના જીવનમાં નાની અમસ્તી પણ તકલીફ



ઉઠાવવી પડી નથી. સંપૂર્ણપણે તણાવરહિત જીવન પસાર કરતી ચેરી માને છે કે, પોતાની આસપાસના લોકોનું ધ્યાન રાખવું, અન્ય લોકોના પ્રેમ કે લગ્ન માટે યોગ્ય પાત્રની પસંદગી કરવી અથવા તો તેઓમાં ફેશન સેન્સ વિકસાવવાની તેણીમાં કુદરતી આવડત રહેલી છે. જાતને આવા 'મેકઓવર' ના કાર્યમાં કુશળ માનતી ચેરીના મનમાં એવું ઠસી જાય છે કે પોતે આ રીતે એક પ્રકારનું સત્કાર્ય કરી રહી છે જેનાથી તેણીને જીવનમાં આનંદ આવે છે પરંતુ અન્યોની જિંદગીઓમાં સુધાર લાવવાના પ્રયત્નોમાં પોતાની અંદર એકલતા છવાય ગઈ છે એનો ખ્યાલ તેણીને રહેતો નથી અને ચેરીને આ વાતનો કોઈ હાલ પૂરતો વસવસો કે ખટકો છે નહીં કારણકે, ચેરી જ્યાં રહે છે એ શહેરનો સૌથી ફેશન મેનિયાક, સ્ટાઈલીશ ધનાઢ્ય લોકોનો એરિયા છે. ચેરીની ખાસ ફ્રેન્ડ એવી ડોલી પણ એજ પ્રજાતિની ફરજંદ. તેઓ માને છે કે "અમે બેસ્ટ ફ્રેન્ડ્સ એટલા માટે છીએ કારણકે અમને બંન્નેને ખ્યાલ છે કે લોકો આપણી ઈર્ષ્યા કરે ત્યારે કેવું લાગે! ચેરી અને ડોલી એક એવી ધનાઢ્ય ટીનએજર્સ છે કે જેને ગાડી પાર્ક કરતાં શીખવું એ માત્ર એટલા માટે જરી નથી.

## કિડનીમાં જામેલી ગંદકી બહાર ફેંકી દેશે આ અમુક શાકભાજી



કિડનીની બીમારી ભવિષ્યમાં તમારા માટે ખતરનાક બની શકે છે. તેને દૂર કરવા માટે તમારા ડાયેટમાં એવી પાંચ શાકભાજી સામેલ કરો, જે કિડનીના કામને આરામથી પૂરૂ કરવામાં મદદ કરે અને ભવિષ્યમાં સ્ટોન ન બને. કિડનીની બીમારી માટે એવા ફૂડ સારા માનવામાં આવે છે, જેમાં પોટેશિયમની માત્રા ઓછી હોય. સાથે જ જેમાં એન્ટીઓક્સિડેંટ હોય છે, જે મુક્ત કણોને બેઅસર કરવામાં મદદ કરે છે. કિડનીની બીમારી વાળા લોકો માટે અહીં ૫ પ્રકારના શાકભાજી વિશે જણાવવામાં આવ્યું છે, જેને ખાવાથી પથરીની સમસ્યામાં રાહત મળશે. લાલ કેપ્સીકમ ઘણા વિટામિન્સ, એન્ટીઓક્સીડેન્ટ્સ અને ફાઈબરનો સારો સ્ત્રોત છે. આમાં પોટેશિયમ, ફોસ્ફરસ અને સોડિયમનું પ્રમાણ ઓછું હોય છે, તેથી જો તમને કિડનીની બીમારી છે તો હવેથી તેને ખાવાનું શરૂ કરો. દિવસમાં અડધો કપ લાલ કેપ્સીકમ ખાઓ. વિટામિન K, વિટામિન C અને ફાઈબરથી ભરપૂર કોબીજ વિટામિન B6 અને ફોલિક એસિડનો પણ સારો સ્ત્રોત છે. તેમાં પોટેશિયમ ઓછું હોય છે. જો તમે તેને તમારા ડાયાલિસિસ ડાયેટમાં સામેલ કરશો તો તમને ફાયદો થશે. લીલા પાંદડાવાળા શાકભાજી, જેમ કે પાલક અથવા કાલે, વિટામિન્સ અને ખનિજોથી ભરપૂર છે. તે કિડનીને સ્વસ્થ રાખવાનું કામ વધારે છે. આ શાકભાજીમાં એન્ટીઑકિસડન્ટો પણ હોય છે, જે કિડનીને લોહીને ફિલ્ટર કરવાનું કામ સરળ બનાવવામાં મદદ કરે છે. ડુંગળીમાં ફલેવોનોઈડ્સ અને ક્વેર્સેટિન નામનું એન્ટીઓક્સીડેન્ટ હોય છે, જે કિડનીને સ્વસ્થ રાખે છે. આ ઉપરાંત, તેમાં પોટેશિયમ પણ ઓછું હોય છે, જે કિડની માટે સારું માનવામાં આવે છે. ફુલાવર વિટામિન સીથી ભરપૂર છે અને તે ફોલેટ અને ફાઈબરનો સારો સ્ત્રોત છે. તેમાં એવા સંયોજનો છે જે લીવરમાં રહેલા ગંદા પદાર્થોને બેઅસર કરવામાં મદદ કરે છે. આજકાલ કિડનીના રોગો ખૂબ જ ઝડપથી વધી રહ્યાં છે. મોટા ભાગના લોકોને કિડની ડેમેજ થઈ રહી છે. ૫૦ ટકાથી વધુ કિડની ડેમેજ થઈ જાય એ પછી દર્દી તેની ટ્રીટમેન્ટ શરૂ કરે છે. આવું ન થાય એ માટે કેટલાંક ખૂબ જ પ્રાથમિક લક્ષણો વિશે પહેલાં જ જાણી લેવું જરૂરી છે. તમે જાતે જ શરીરમાં થતાં કેટલાક ફેરફારને ઓળખીને તમને કિડનીની સમસ્યા થવાની શક્યતા કેટલી છે તે જાણી શકો છો.

BOLLYWOOD NEWS FLASH

## બિકિની પહેરી રુહી સિંહે દરિયા કિનારે લગાવી આગ



। મુંબઈ, તા.૧૦ ।

કેલેન્ડર ગર્લ્સ અભિનેત્રી રુહી સિંહ હંમેશા તેના હોટ અને બોલ્ડ લુકથી ચાહકોને પ્રભાવિત કરે છે. તેની દરેક તસવીર જોઈને ચાહકો દંગ રહી જાય છે. અભિનેત્રીનો બિકિની લૂક ચર્ચામાં રહે છે. હાલમાં જ અભિનેત્રીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર બિકિનીમાં શાનદાર તસવીરો શેર કરી છે. રુહી સિંહનો બિકિની લૂક ઈન્સ્ટાગ્રામ પર વાયરલ થઈ રહ્યો છે. રુહી સિંહ બિકિનીમાં ખૂબ જ હોટ લાગી રહી છે. ચાહકો રુહી સિંહની હોટ તસવીરો જોઈ દંગ રહી ગયા છે, ચાહકો એક્ટ્રેસની આ બિકિની તસવીરો પર ફાયર ઈમોજી પોસ્ટ કરી રહ્યા છે. એક્ટ્રેસે શાનદાર બિકિની લૂકમાં પોતાનું ફિગર ફ્લોન્ટ કર્યું છે. ચાહકો રુહી સિંહની હોટ તસવીરો જોઈ દંગ રહી ગયા છે. ચાહકો એક્ટ્રેસની આ બિકિની તસવીરો પર ફાયર ઈમોજી પોસ્ટ કરી રહ્યા છે. અભિનેત્રીએ તેના આ કાતિલ બિકિની લૂકથી સોશિયલ મીડિયામાં આગ લગાવી છે. બોલિવૂડની સૌથી હોટ અભિનેત્રીઓમાંની એક રુહી સિંહે પોતાની સ્ટાઈલથી તેના ચાહકો દિવાના બનાવે છે. તમે પણ રુહી સિંહની હોટ તસવીરો જોઈ તેના પરથી નજર નહી હટાવી શકો.

## બિકિનીમાં શરવરી વાઘનો હોટ અંદાજ વાયરલ

। મુંબઈ, તા.૧૦ ।

એક્ટ્રેસ શરવરી વાઘ બોલીવૂડની જાણીતી એક્ટ્રેસ છે. અભિનેત્રી દરેક લૂકમાં ખૂબ જ સુંદર લાગે છે. હાલમાં એક્ટ્રેસ થાઈલેન્ડમાં વેકેશન એન્જોય કરી રહી છે. અભિનેત્રીએ અહીંથી ચાહકો માટે શાનદાર તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં શરવરી વાઘ બિકિનીમાં જોવા મળી રહી છે. શરવરીનો બિકિની લૂક જોઈ ચાહકો દંગ રહી ગયા છે. એક્ટ્રેસ યલ્લો બિકિનીમાં ફી ફી આઈસલેન્ડ ખાતે એન્જોય કરતી જોવા મળે છે. શરવરી વાઘની તસવીરોએ ચાહકોને દિવાના બનાવ્યા છે. મહારાષ્ટ્રીયન



પરિવારમાં જન્મેલી શરવરી વાઘ જાણીતી એક્ટ્રેસ છે. શરવરી વાઘે ૧૬ વર્ષની નાની ઉંમરે મોડલિંગ કરિયરની શરૂઆત કરી હતી. બાદમાં એક્ટ્રેસ ઘણી ટેલિવિઝન જાહેરાતોમાં જોવા મળી હતી. એક્ટ્રેસ થાઈલેન્ડમાં વેકેશન એન્જોય કરી રહી છે, અભિનેત્રીએ અહીંથી ચાહકો માટે શાનદાર તસવીરો શેર કરી છે. શરવરીએ 'પ્યાર કા પંચનામા ૨', 'બાજીરાવ મસ્તાની' અને 'સોનુ કે ટીટુ કી સ્વીટી' જેવી ફિલ્મોમાં આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે કામ કર્યું છે.

## બિગ બોસ-૧૭ ભાભીજી ઘર પર હૈ ફેમ સૌમ્યા ટંડનની એન્ટ્રી?



। મુંબઈ, તા.૧૦ ।

સલમાન ખાનના હોસ્ટ શો 'બિગ બોસ ૧૭'ને લઈને દર્શકોમાં હલચલ વધી ગઈ છે. આ શો ૧૫ ઓક્ટોબરે ટેલિવિઝન સ્ક્રીન પર પ્રિમિયર થશે. અહેવાલ છે કે આ વખતે શોમાં ઐશ્વર્યા શર્મા, અંકિતા લોખંડે, વિકી જૈન જેવા સ્પર્ધકો જોવા મળશે. જો કે, શોના નિર્માતાઓએ હજુ સુધી સ્પર્ધકોની યાદી સત્તાવાર રીતે જાહેર કરી નથી. દરમિયાન, સમાચાર છે કે 'ભાભી જી ઘર પર હૈં'ની પૂર્વ ગોરી મેમ એટલે કે સૌમ્યા ટંડન આ શોનો ભાગ હશે. હવે સૌમ્યાએ પણ આ અટકળો પર પોતાની પ્રતિક્રિયા આપી છે. સૌમ્યા ટંડને તેના તાજેતરના ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી છે. તેણીએ તે સમાચારોને ખોટા ગણાવ્યા છે જેમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે તે બિગ બોસ ૧૭નો ભાગ બનશે. આ અટકળો પર પોતાની પ્રતિક્રિયા આપતા સૌમ્યાએ લખ્યું, 'બિલકુલ સાચું નથી.' હવે અભિનેત્રીની આ પોસ્ટથી સાબિત થઈ ગયું છે કે તે આ શોનો ભાગ નહીં બને. તમને જણાવી દઈએ કે સૌમ્યા ટંડન ટીવી શો 'ભાબી જી ઘર પર હૈ' માટે દર્શકોમાં ફેમસ છે. તેણે આ શોમાં ગોરી મેમ એટલે કે અનિતા ભાભીનો રોલ કર્યો હતો. જો કે, તેણીએ તેણીની ગર્ભાવસ્થાને કારણે તેને અલવિદા કહ્યું. સૌમ્યા લાંબા સમયથી ટીવીની દુનિયાથી દૂર છે. ચાહકો તેને ફરીથી સ્ક્રીન પર જોવા માટે ઉત્સુક છે. આવી સ્થિતિમાં, એવી અટકળો હતી.

## સલમાન જેના માટે નહોતા તૈયાર, તે જ ફિલ્મ બની હતી બ્લોકબસ્ટર



। મુંબઈ, તા.૧૦ ।

સલમાન ખાન એ બોલિવૂડ સ્ટાર છે જે છેલ્લા ૪૦ વર્ષથી ઈન્ડસ્ટ્રી પર રાજ કરી રહ્યો છે. આ ૪ દાયકામાં તેણે ઘણી હિટ અને ઘણી ફ્લોપ ફિલ્મો આપી. એક સમય એવો પણ આવ્યો જ્યારે તેની ૧૦ ફિલ્મો બોક્સ ઓફિસ પર એક પછી એક ફ્લોપ ગઈ, પરંતુ સલમાન ખાનનું સ્ટારડમ એ જ રહ્યું. સલમાન ખાને પોતાના ફિલ્મી કરિયરની શરૂઆત ફિલ્મ 'બીવી હો તો ઐસી'થી કરી હતી. આ ફિલ્મથી તેને લાઈમલાઈટ તો મળી ન હતી, પરંતુ સૂરજ બડજાત્યાનું ધ્યાન તેના પર પડ્યું હતું. સૂરજ બડજાત્યા બોલિવૂડના પ્રખ્યાત નિર્દેશકોમાંથી એક છે. તેમણે ઘણી હિટ લવ સ્ટોરીઝ ડિરેક્ટ કરી છે. તેમણે ફિલ્મ 'મૈંને પ્યાર કિયા' માટે સલમાન ખાનને કાસ્ટ કર્યો હતો. પરંતુ શું તમે જાણો છો કે તે આ ફિલ્મ કરવા માંગતા ન હતા અને ભાઈજાને ડિરેક્ટરને પણ કહ્યું હતું કે ફિલ્મમાં કોને કાસ્ટ કરવામાં આવે. મૈને પ્યા'મૈંને પ્યાર કિયા' સલમાનના કરિયરની પહેલી ફિલ્મ હતી, જે જબરદસ્ત હિટ સાબિત થઈ અને તેને રાતોરાત ફિલ્મ સ્ટાર બનાવી દીધો. તાજેતરની ચેટમાં, સૂરજે ખુલાસો કર્યો હતો કે સલમાન 'પ્રેમ'ના રોલ માટે તૈયાર નહોતો અને તેણે ફિલ્મના મુખ્ય હીરો માટે એક મિત્રનું નામ સૂચવ્યું હતું. સૂરજ બડજાત્યા બોલિવૂડ બબલને કહે છે કે તેણે સલમાનને ફિલ્મમાં કેવી રીતે કાસ્ટ કર્યો. દિગ્દર્શકે કહ્યું કે તે 'બીવી હો તો ઐસી'માં પહેલાથી જ સાઈડ રોલ કરી રહ્યો હતો અને તે ફિલ્મ માટે નવોદિત કલાકાર ઈચ્છતો હતો. તે જાણતો હતો કે મારા મગજમાં સલમાન આ રોલ માટે ફિટ હતો. જ્યારે મેં તેને આ વાત કહી તો સલમાને કહ્યું - 'મને ન લો, તેને લઈ જાઓ'. બીજો કયો છોકરો કહેશે કે હું સારો નથી, બીજા કોઈને લઈ લો? હ્યુમન્સ ઑફ બોમ્બે સાથેની અગાઉની વાતચીતમાં, સૂરજે ખુલાસો કર્યો

## જિનલ જોશીએ હોટ ફિગર વાળી તસવીરોથી ચાહકોને દિવાના બનાવ્યા



। મુંબઈ, તા.૧૦ ।

મરાઠી એક્ટ્રેસ જિનલ જોશી તેની બિકિની તસવીરોને લઈ હંમેશા ચર્ચામાં રહે છે. જિનલ સારી રીતે જાણે છે કે ચાહકોને દિવાના કઈ રીતે બનાવવા. અભિનેત્રી દરરોજ પોતાના નવા લૂકથી ચાહકોને દિવાના બનાવે છે. અભિનેત્રીએ હાલમાં જ બ્લેક લૂકમાં ઈન્સ્ટાગ્રામ પર ખૂબ જ શાનદાર તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં જિનલ કેમેરાની સામે ખૂબ જ ગ્લેમરસ પોઝ આપતી જોવા મળે છે. જિનલ જોશી મરાઠી એક્ટ્રેસ છે, તે પોતાની હોટ તસવીરો શેર કરી સતત ચર્ચામાં રહે છે. એક્ટ્રેસ જિનલનો આ હોટ લૂક ઈન્સ્ટાગ્રામ પર ચર્ચામાં છે. જિનલે ખૂબ જ ગ્લેમરસ પોઝ આપ્યા છે. ચાહકો તેનો આ શાનદાર લૂક જોઈ વખાણ કરી રહ્યા છે. અભિનેત્રી કેમેરા સામે

### નિત્તા જીલેટીન ઇન્ડિયા લિમિટેડ કંપની દ્વારા

# ઝઘડિયા વખતપુરા આંગળવાડી ખાતે નિઃશુલ્ક મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું

| મલેક યસદાની ભરૂચ, તા.૧૦ |

ઝઘડિયા તાલુકાનાં વખતપુરા આંગળવાડી ખાતે નિત્તા જીલેટીન ઈન્ડિયા લિમિટેડ કંપની દ્વારા નિઃ શુલ્ક મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમા લગભગ ૧૫૦જેટલા ગ્રામજનોને નિશુલ્ક ફુલ બોડી ચેકઅપ સુવિધા આપવામા આવી હતી.

ઝઘડીયા તાલુકાના વખતપુરા ગામ ખાતે આવેલ આંગળવાડી ખાતે ઝઘડિયા જીઆઈડીસી મા આવેલ નિત્તાં જીલેટીન ઈન્ડિયા લિમિટેડ કંપની દ્વારા સંજીવની ઓક્યું પેશનલ હેલ્થ સેન્ટરના સહયોગ થી સીએસસાર અંતર્ગત નિઃશુલ્ક મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમા ૧૫૦જેટલા ગ્રામજનોના હદય રોગ, બ્લડપ્રેશર,ડાયાબિટીસ,કાનના રોગો, લોહી લેબોરેટરી,કાર્ડીયોલોજી, ફેફસાને લાગતાં રોગો, જેવા રોગોનું નિશુલ્ક મેડીકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમા કંપની ચિફ કેએસ મધુસૂદન, એચ આર વિશાલ મનોહર,




એચઆર ઓફિસર નિતેશ ચૌહાણ, મેડિકલ ટીમમા ડૉ.વિરેન્દ્રસિંહ પરમાર, સાહિલ બન્દલા, સફવાન પટેલ,આરઝુ બેન, સુઝાન બેન, નૈના બેન,શાન્તાબેન રાણા વગેરેએ ઉપસ્થિત રહી સેવા પુરી પાડી હતી. કેમ્પમાં ગ્રામજનોએ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવવામા મહત્વની ભુમિકા ભજવી હતી. ઉલ્લેખનીય છેકે નિત્તા જીલેટીન ઈન્ડિયા લિમિટેડ કંપની દ્વારા સમયાંતરે સીએસાર અંતર્ગત આરોગ્ય,શિક્ષણ જેવા મહત્વ પૂર્ણ વિષયો પર માનવ સેવાને લગતા કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવે છે.

# આણંદ ખોરાક અને ઔષધ નિયમન કચેરી દ્વારા પેટલાદમાં ૩૨ અને આણંદમાં ૨૦ ખાણીપીણીની લારીઓની તપાસ

| આણંદ, તા.૧૦ |

આણંદ જિલ્લાની ખોરાક અને ઔષધ નિયમન કચેરી દ્વારા આણંદ જિલ્લાના પેટલાદ લોકમેળા ખાતે ખાણીપીણીની ૩૨ અને આણંદ ગણેશ ચોકડી તેમજ અમુલ ડેરી રોડ પર આવેલી ખાણીપીણીની ૨૦ લારીઓની તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસમાં કુલ ૪૯ કિ.ગ્રા. બિનઆરોગ્યપ્રદ ખાદ્ય ચીજવસ્તુઓ જથ્થાનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. જેમાં પેટલાદમાં ૨૨ કિ.ગ્રા. જ્યારે આણંદમાં ૨૭ કિ.ગ્રા જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. વધુમાં તપાસ દરમિયાન લારીવાળાઓને સેનિટેશન અને હાઈજીન અંગે જરૂરી સુચનાઓ તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખોરાક અને ઔષધ નિયમન કચેરી દ્વારા



લારીવાળાઓને કેપ, એપ્રોન અને કીટનું સ્થળ ઉપર જ વિતરણ કરી તેનો ઉપયોગ કરવા તાકીદ કરવામાં આવી હતી. આગામી તહેવારોને અનુલક્ષીને આ પ્રકારની વધુ તપાસ હાથ ધરવામાં આવશે તેમ જિલ્લા ખોરાક અને ઔષધ નિયમન અધિકારીએ જણાવ્યું છે.

# કાભઈના મુવાડા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

### આતરસુંબાની વિવિધ સરકારી કચેરીઓની મુલાકાત લઈ બાળકોએ અભ્યાસિક જાણકારી મેળવી




| રાજેશ શર્મા આતરસુંબા, તા.૧૦ |

કપડવંજ તાલુકાના કાભઈના મુવાડા પ્રાથમિક શાળાના બાળકોએ શૈક્ષણિક અભ્યાસિક પ્રવાસના ભાગરૂપે આતરસુંબા પોલીસ સ્ટેશન, રેફરલ હોસ્પિટલ અને સામુહિક આરોગ્ય કેન્દ્ર, સી.એચ. સી., પોસ્ટ ઓફિસ, ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક, રાષ્ટ્રીય કૃત બેંક અને ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા કેનાલની આતરસુંબા વાત્રક રીવર સાયફન સાઈટની મુલાકાત કરી જીવન ઉપયોગી જાણકારી મેળવી હતી.

આ અભ્યાસિક પ્રવાસ દરમિયાન શાળાના ધો. ૧ થી ૫ તમામ બાળકોને આતરસુંબા પોલીસ મથકના પી.એસ.આઈ. બહેનશ્રી કિંજલબેન ચૌધરીએ બાળકોએ જીવનમાં કઈ કઈ બાબતોની સાવધાની રાખવી તે અંગે સમજ આપી જીવન ઉપયોગી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

પોલીસ સ્ટેશનના વિવિધ વિભાગોની મુલાકાત કરાવી પોલીસ સ્ટેશન પરિવાર દ્વારા બાળકોને ચોકલેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આતરસુંબા રેફરલ હોસ્પિટલ અને સામુહિક આરોગ્ય કેન્દ્રના સુપ્રિટેન્ડેન્ટ ડૉ. સંગીતાબેન જોષી અને રેફરલ હોસ્પિટલ પરિવાર દ્વારા સરકારી દવાખાનની મુલાકાત કરાવી જુદા જુદા વિભાગોથી માહિતગાર કરી સરળ ભાષામાં બાળકોને આરોગ્યલક્ષી સુવિધાઓની સમજ આપવામાં આવી હતી. આતરસુંબા પોસ્ટ ઓફિસની મુલાકાત દરમિયાન પોસ્ટ માસ્ટરશ્રી વિજયભાઈ ચૌહાણ દ્વારા પોસ્ટની કામગીરી, વિવિધ ટીકીટો, પોસ્ટકાર્ડ સહિતની સમજણ આપવામાં આવી હતી.

આતરસુંબા ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની મુલાકાત દરમિયાન મેનેજરશ્રી જિજ્ઞેશભાઈ પટેલ દ્વારા વિવિધ પ્રકારના ખાતા, પાસબુક, ચેકબુક, ફોર્મ, વિવિધ પ્રકારની લોન વિશે સમજણ આપવામાં આવી હતી. આતરસુંબા નર્મદા કેનાલની મુલાકાત દરમિયાન શાળાના આચાર્ય બહેનશ્રી કલ્પનાબેન અને કર્તવ્યનિષ્ઠ શિક્ષક શ્રી મનીષભાઈ પટેલ દ્વારા બાળકોને કેનાલનું મહત્વ સમજાવી જળ એજ જીવન છે. તે અંગે જીવન ઉપયોગી સુંદર માહિતી આપી હતી.

આ શૈક્ષણિક અભ્યાસ પ્રવાસ દરમિયાન કાભઈના મુવાડા એસેમસીના સદસ્ય શ્રી દિનેશભાઈ મંગળભાઈ પટેલ દ્વારા બાળકોને વાહનની સુવિધા કરી આપવામાં આવી હતી.

સમગ્ર અભ્યાસિક પ્રવાસની વિગત જાણી સમાપન સમયે બાળકોની રૂબરૂ મુલાકાત લઈ આતરસુંબાના સામાજ સેવક શ્રી રાજેશભાઈ શર્માએ શાળાના આચાર્ય બહેનશ્રી કલ્પનાબેન અને શિક્ષકશ્રી મનીષભાઈ પટેલ સહિત શાળા પરિવારની કામગીરીને બિરદાવી હતી.

### "મારી માટી, મારો દેશ - માટીને નમન, વીરોને વંદન"

# બોરસદ તાલુકાના સીસ્વા, ઉમલાવ, સારોલ, ગાજણા, વાલવોડ, ભાદરણીયા, વાંછીયેલ અને ભાદરણ ખાતે 'અમૃત કળશ' યાત્રા યોજાઇ

| મનીષ પ્રજાપતિ આણંદ, તા.૧૦ |

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલા આ અભિયાન દ્વારા નાગરિકોમાં દેશની એકતા, અખંડિતતાને વધુ પ્રબળ બનાવવાના હેતુથી સમગ્ર દેશની સાથે આણંદ જિલ્લામાં પણ 'અમૃત કળશ' યાત્રા યોજાઈ રહી છે. ત્યારે આજે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી રમણભાઈ સોલંકીની ઉપસ્થિતિમાં બોરસદ તાલુકાના વિવિધ ગામોમાં અમૃત કળશ યાત્રા યોજાઈ હતી. આ યાત્રા દરમિયાન શ્રી રમણભાઈ સોલંકી અને તેમની સાથે ઉપસ્થિત મહાનુભાવોએ અમૃત કળશ માટે ગ્રામજનો પાસેથી માટી-ચોખા એકત્રિત કર્યા હતા.

'મારી માટી, મારો દેશ' અભિયાન અંતર્ગત માતૃભૂમિને નમન અને વીરોને વંદન કરવાની ભાવના સાથે આજે બોરસદ તાલુકાના સીસ્વા, ઉમલાવ, સારોલ, ગાજણા, વાલવોડ, ભાદરણીયા, વાંછીયેલ અને ભાદરણ ગામમાં 'અમૃત કળશ' યાત્રા યોજાઈ હતી. ગામે-ગામથી તાલુકામથક



સુધીની અમૃત કળશ યાત્રામાં ગામની માટીને તાલુકા સ્તરે પહોંચાડી તાલુકામાં બધા ગામોની માટી એક કળશમાં ભેગી કરીને દિલ્હી ખાતે પહોંચાડવાના હેતુ સાથે આયોજિત આ યાત્રાનો એક હેતુ દેશની નવી પેઢી અને નાગરિકોમાં દેશભાવના જગાવવા માટેનો પણ છે.

આ 'અમૃત કળશ' યાત્રાનું બોરસદ તાલુકાના સીસ્વા, ઉમલાવ, સારોલ, ગાજણા, વાલવોડ, ભાદરણીયા, વાંછીયેલ અને ભાદરણ ગામોના સરપંચ, અગ્રણીઓ, પદાધિકારીઓ તેમજ ગામની મહિલાઓ તેમજ ગ્રામજનો દ્વારા સહર્ષ સ્વાગત કરવામાં આવ્યું હતું.

# બાઈકમાં દારૂની હેરાફેરી કરતા મધ્યપ્રદેશના બે શખ્સ ઝડપાયા

### પોલીસે બાઇક સહિત રૂપિયા ૫૧ હજારથી વધુના મુદ્દામાલ સાથે મધ્યપ્રદેશના બે શખ્સને ઝડપ્યા હતા

| પંચમહાલ, તા.૧૦ |

મોરવા હડફ પોલીસને ચેકિંગ દરમિયાન બાઈકની સીટ નીચે બનાવેલ ચોર ખાનામાંથી રૂપિયા ૨૬ હજારની કિંમતની ૨૧૭ બોટલ મળી આવી હતી. જો કે, ચાલકે પોલીસને જોઈ બાઈક મૂકી ભાગવાની કોશિષ કરી હતી, પરંતુ પોલીસે બાઈક સહિત રૂપિયા ૫૧ હજારથી વધુના મુદ્દામાલ સાથે મધ્યપ્રદેશના બે શખ્સને ઝડપ્યા હતા.

બુટલેગરો દારૂની હેરાફેરી માટે અવનવા કીમિયા અપનાવતા હોય છે. ત્યારે પંચમહાલમાં બાઈકમાં દારૂની હેરાફેરી કરતા શખ્સો ઝડપાયા છે. બાઈકની સીટ નીચે ચોરખાનું બનાવી દારૂ સંતાડયો હતો. મોરવા હડફ પોલીસે ચેકિંગ દરમિયાન બાઈક ચાલકને રોકતા ભાંડો ફૂટ્યો હતો. બાઈકની સીટ નીચે બનાવેલ ચોર ખાનામાંથી રૂપિયા ૨૬ હજારની કિંમતની ૨૧૭ બોટલ મળી આવી હતી.

જો કે, ચાલકે પોલીસને જોઈ બાઈક મૂકી ભાગવાની કોશિષ કરી હતી, પરંતુ પોલીસે બાઈક સહિત રૂપિયા ૫૧ હજારથી વધુના મુદ્દામાલ સાથે મધ્યપ્રદેશના બે શખ્સને ઝડપ્યા હતા.

# દાંડિયા રાસના આયોજકોને સી.પી.આર.ની તાલીમ અપાઈ



| રાજકોટ, તા.૧૦ |

નવરાત્રી દરમ્યાન ખેલૈયાઓને હૃદય રોગનો હુમલો આવે તો તેવા સમયે તાત્કાલિક સ્થળ પર જ તેમને સારવાર મળી રહે તે માટે કલેકટર શ્રી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ સજ્જ રહે તે માટે જરૂરી તમામ વ્યવસ્થા કરવામાં આવશે. આ સાથે દાંડિયા રાસના આયોજકો પણ ઈમરજન્સી સારવારમાં મદદ રૂપ બની શકે તે માટે આજ રોજ પી.ડી.યુ.મેડીકલ કોલેજ, રાજકોટ ખાતે નવરાત્રીમાં દાંડીયા રાસનું આયોજન કરનાર જુદા જુદા તમામ આયોજકો માટે દાંડીયા રાસ દરમ્યાન દાંડીયાના રસિકોને અચાનક હૃદયરોગના હુમલા સમયે દર્દીને તાત્કાલિક આપવાના થતાં CPR (CARDIO PULMONARY RESUSCITATION) અંગેની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમનું આયોજન જીલ્લા વહીવટી તંત્ર, રાજકોટ તથા



સિવિલ હોસ્પિટલના આર.એમ.ઓ.શ્રી ડૉ. આર. એસ. ત્રિવેદી તથા ડૉ.વંદના પરમારના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

આ તાલીમમાં પ્રાંત અધિકારીશ્રી સંદિપ વર્મા, મામલતદારશ્રી રૂદ્ર ગઢવી તથા આશરે ૫૫ જેટલા આયોજકો તથા તેમના સભ્યોએ હાજર રહી તાલીમ તેમજ માર્ગદર્શન મેળવ્યું હતું.

# ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના માળવાવ ગામે ઉમંગ પ્રાકૃતિક ફાર્મની મુલાકાત લેતાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત



| ભાવનગર, તા.૧૦ |

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત આજે ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાનાં માળવાવ ગામે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતના ઉમંગ પ્રાકૃતિક ફાર્મની મુલાકાત લીધી હતી.

રાજ્યપાલશ્રી ભાવનગર જિલ્લાના એક દિવસીય પ્રવાસે આવી પહોંચ્યા બાદ તેઓએ પ્રાકૃતિક ખેતી આધારિત ખેતી કરતાં ખેડૂત શ્રી પંકજભાઈ વલ્લભભાઈ ગાંગાણીનાં ખેતરમાં ગાય આધારિત ખેતીથી પકવેલ ઘઉં, મગ દેશી ગુલાબી લસણ, શિંગતેલ, મગફળી સહિતનાં પાકોનું નિરીક્ષણ કર્યું હતું અને દેશી ગાયના સંરક્ષણ અંગે માહિતીઓ મેળવી હતી.

રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતી થકી થતાં પાકોનું ઉત્પાદન માનવના શરીર માટે સ્વાસ્થ્યવર્ધક હોય છે તેમ જણાવી વધુને વધુ લોકો પ્રાકૃતિક ખેતી થકી થતાં પાકોનો ઉપયોગ કરે તેવું સુચન કર્યું હતું. આ તકે તેમની સાથે ધારાસભ્યશ્રી શિવાભાઈ ગોહિલ, જિલ્લા કલેકટરશ્રી આર.કે.મહેતા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો.પ્રશાંત જીલોવા, પોલીસ અધિક્ષકશ્રી ડો.હર્ષદ પટેલ, નાયબ કલેકટરશ્રી કુસુમબેન પ્રજાપતિ તથા પ્રગતિશીલ ખેડૂતો જોડાયાં હતાં.

# હરસિદ્ધિ ભવાની સખી મંડળ દ્વારા વડોદરા બસ ડેપોમાં ચણીયાચોલીનો સ્ટોલ ઊભો કરાયો

### બજાર ભાવ કરતાં ગ્રાહકને અહીં ૩ ગણો ફાયદો થાય છે : પ્રવિણાબેન પરમાર

| રાજેશ શર્મા આતરસુંબા, તા.૧૦ |

વડોદરા શહેરમાં આવનારા નવરાત્રી મહોત્સવ દરમ્યાન ગુજરાતી બહેનોનું ખાસ પહેરણ એટલે ચણીયા ચોલીની ઉત્સાહપૂર્વક વેચાણ અને ખરીદી ચાલી રહી છે ત્યારે વડોદરા શહેરના બસ ડેપો ખાતે વિવિધ સખી મંડળ દ્વારા નવરાત્રિને ધ્યાને રાખી વિવિધ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે. આ સ્ટોલમાં એક સ્ટોલ પદમલા ગામના હરસિદ્ધિ ભવાની સખી મંડળનું પણ છે જેમાં નાનકડાં બાળકોથી માંડીને મોટેરાંઓ માટે ચણીયા ચોલી તેમજ કેડિયાનું પચરંગી વેચાણ કરવામાં આવી રહ્યું છે. ધો.૧૦ પાસ એવા સખી મંડળના પ્રમુખ પ્રવિણાબેન પરમાર પોતાના ગામની જ ૧૦ બહેનો સાથે મળીને આ મંડળનું સંચાલન કરે છે. તેઓનું કહેવું છે કે રો મટીરીયલ અમદાવાદ અને સુરતથી લાવીને એને મઢવાનું કામ આ બધી બહેનો કરે છે. સંપૂર્ણ હેન્ડ વર્ક કરતી આ બહેનોને રોજગારી સાથે આર્થિક મદદ પણ



મળી રહે છે. આ કાર્ય થકી એક મહિનામાં ૩૦ હજાર જેટલી આવક ૧૦ હજારના નફા સાથે મળે છે એમ કહેતાં પ્રવીણાબેન જણાવે છે કે, વડોદરા શહેરના લોકો ગરબાપ્રિય છે જેની પસંદને ધ્યાનમાં રાખીને અમે અવનવી વેરાયટી અને ડિઝાઈનમાં ચોલી બનાવી છે ઉપરાંત ગ્રાહકોને એ બાબતનો પણ ફાયદો રહે કે તેઓને અહીં બજાર ભાવ કરતાં ૩ ગણો આર્થિક ફાયદો થાય છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. તમારી પત્ની સાથે પિકનિક પર જવા માટે ખૂબ જ સારો દિવસ. આ બાબત ન માત્ર તમારો મૂજ બદલશે બલ્કે તમારા વચ્ચેની ગેરસમજ ઉકેલવામા પણ મદદ કરશેં.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે પ્રશંસા કરીને તમને અન્યોની ખુશીનો આનંદ લો એવી શક્યતા છે. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધનથી લાભ થવાની શક્યતા છે. ઘરના સુશોભીકરણની સાથે બાળકોની જરૂરિયાતોનું પણ ધ્યાન રાખજો. સુવ્યવસ્થિત હોવા છતાં બાળકો વિનાનું ઘર આત્મા વિનાનું લાગે છે. બાળકો ઘરની ખુશીમાં ચાર ચાંદ લગાડે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. ધનનું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? તમને ખુશ કરે એવી બાબતો કરો, પણ અન્યોના કાર્યવ્યાપથી દૂર રહેવાનો પ્રયાસ કરજો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે-કોઈપણ નિર્ણય લેતા પહેલા તમામ સારાં નરસાં પાસાંને તકેદારીપૂર્વક ચકાસજો. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. ઘરને લગતી તમારી જવાબદારીઓ પૂરી કરવામાં બાળકો તમને મદદ કરશે. તેમની નવરાશના સમયમાં તેમને આવી પ્રવૃત્તિઓ કરવા માટે પ્રોત્સાહિત કરો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે મુશ્કેલીઓ પર નિવાસ કરવાની તથા તેને એનેકગણી વધારવાની તમારી ટેવ તમારા નૈતિક તંતુને નબળો પાડી શકે છે. રોકાણ કરવું જોઈએ પણ એ પૂર્વે યોગ્ય સલાહ લો. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. પ્રિયપાત્ર સાથે કૅન્ડલ લાઈટમાં ભોજન શૅર કરશો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાનનું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિક પણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ?

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. સાચા અને ઉદાર પ્રેમ માટે તમને વળતર મળવાની શક્યતા છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારા નકારાત્મક વિચારો માનસિક બીમારીનું સ્વરૂપ લઈ લે તે પૂર્વે જ તમારે તેમનો નાશ કરવો જોઈએ. તમને સંપૂર્ણ માનસિક સંતોષ આપે એવી કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઈને તમે તેમનાથી મુક્તિ પામી શકો છો. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. તમે ધાર્યા ન હોય એવા સ્થળેથી થનારો આર્થિક લાભ તમારા દિવસને ઝળકાવશે. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો.

# હવે તમામ કોંગ્રેસ શાસિત રાજ્યોમાં કરાશે જાતિ ગણતરી



। નવી દિલ્હી, તા.૧૦ ।

લોકસભાની ચૂંટણી પહેલાં રાહુલ ગાંધીનો નવો દાવ. ભાજપની પછાડવા રાહુલ ગાંધીએ ખેલ્યું જાતિ ગણતરીનું કાર્ડ. દિલ્લી ખાતે મળેલી કોંગ્રેસની વર્કિંગ કમિટીની બેઠક બાદ રાહુલ ગાંધીએ કરી મોટી જાહેરાત. હવે તમામ કોંગ્રેસ શાસિત રાજ્યોમાં જાતિ જનગણના કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, આગામી વર્ષે દેશમાં લોકસભાની ચૂંટણીઓ આવી રહી છે. ત્યારે અત્યાર સુધી કોંગ્રેસ વિવિધ મુદ્દાઓ પર ભાર મુકીને જન માનસ પર અસર છોડવાનો પ્રયાસ કરી રહી હતી. ત્યારે CWC એટલેકે, કોંગ્રેસ વર્કિંગ કમિટિની બેઠક બાદ આખરે કોંગ્રેસને લોકસભાનો મુદ્દો મળી ગયો છે. ખુદ રાહુલ ગાંધીએ આ અંગેની જાહેરાત કરી દીધી છે. લોકસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસે જાતિ ગણતરીના મુદ્દા પર આગળ વધવાનું નક્કી કર્યું છે. કોંગ્રેસની વર્કિંગ કમિટીની બેઠકમાં જાતિ જનગણના પર સર્વસંમતિ સધાઈ હતી. કાર્યકારી સમિતિની બેઠક બાદ રાહુલ ગાંધીએ કહ્યું કે સમિતિએ ઐતિહાસિક નિર્ણય લીધો છે. પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષે સ્પષ્ટ કર્યું કે કોંગ્રેસ શાસિત રાજ્યોમાં જાતિની વસ્તી ગણતરી કરવામાં આવશે. રાહુલ ગાંધીએ કહ્યું કે હવે દેશ જાતિ ગણતરી ઈચ્છે છે. રાહુલ ગાંધીએ કહ્યું કે વર્કિંગ કમિટીમાં જાતિ ગણતરીના મુદ્દા પર ૪ કલાક ચર્ચા થઈ.

રાહુલ ગાંધીએ આશા વ્યક્ત કરી હતી કે INDIA ગઠબંધનના સહયોગી આ માટે સહમત થશે. રાહુલ ગાંધીએ કહ્યું કે અમે જે વચન આપીએ છીએ તે પાળીએ છીએ. કોંગ્રેસ નેતાએ કહ્યું કે અમે જ્ઞાતિની વસ્તી ગણતરી માટે ભાજપ પર દબાણ બનાવીશું. રાહુલે કહ્યું કે જો તેઓ આમ નહીં કરે તો તેમણે પાછળ હટી જવું જોઈએ કારણ કે દેશ જાતિની વસ્તી ગણતરી ઈચ્છે છે.

# દરેક હુમલાના બદલામાં, અમે ઇઝરાયલી બંધકોમાંથી એકને જાહેરમાં ફાંસી આપીશું



। નવી દિલ્હી, તા.૧૦ ।

હમાસે ઈઝરાયેલને ચેતવણી આપી છે કે જો તે ગાઝા પટ્ટી પર હવાઈ હુમલા ચાલુ રાખશે તો તેને પરિણામ ભોગવવા પડશે. હમાસે ઈઝરાયેલને કહ્યું છે કે જો તે ગાઝામાં ઘરો પર અચાનક હુમલા કરવાનું ચાલુ રાખશે, તો તે દરેક હુમલા માટે એક ઈઝરાયેલી બંધકને જાહેરમાં ફાંસી આપશે. વાસ્તવમાં ઈઝરાયેલે ગાઝા વિસ્તારમાં ૩ લાખ રિઝર્વ ફોર્સ તૈનાત કરી છે.

૧૯૭૩માં યોમ કિમોર યુદ્ધ બાદ પ્રથમ વખત ઈઝરાયેલે આટલી મોટી સંખ્યામાં અનામત દળોને તૈનાત કર્યા છે. ઈઝરાયેલની ટીવી ચેનલો અનુસાર, હમાસના હુમલામાં માર્યા ગયેલા ઈઝરાયલી નાગરિકોની સંખ્યા ૯૦૦ પર પહોંચી ગઈ છે, જ્યારે બંને પક્ષોની સંયુક્ત રીતે સંખ્યા ૧૫૦૦ને પાર કરી ગઈ છે. ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ હમાસ દ્વારા કરાયેલા હુમલા અને ઈઝરાયેલના નાગરિકોને બંધક બનાવવા અંગે ભાષણ આપ્યું હતું. તેમણે ભાષણ દરમિયાન શપથ લીધા કે તેઓ હમાસ પાસેથી બાળકો અને અન્ય લોકોના મોતનો બદલો લેશે. તેણે કહ્યું, "આ દુષ્ટ દુશ્મન યુદ્ધ ઈચ્છતો હતો અને તેને યુદ્ધ મળશે." રાષ્ટ્રને પોતાના સંબોધનમાં ઈઝરાયેલના PMએ કહ્યું, "ઈઝરાયલ યુદ્ધની વચ્ચે ઉભું છે, પરંતુ અમે યુદ્ધ ઈચ્છતા ન હતા. યુદ્ધે અમને અસંસ્કારી બનવા મજબૂર કર્યા છે. અમે યુદ્ધ શરૂ કર્યું નથી, પરંતુ અમે તેનો અંત કરીશું. તેમણે કહ્યું, "અમે અમેરિકી રાષ્ટ્રપતિ બિડેનનો આભાર માનીએ છીએ. અમે દુનિયાભરના નેતાઓનો આભાર માનવા માંગીએ છીએ જેઓ આવા ખરાબ સમયમાં અમારી સાથે ઉભા છે. ઈઝરાયેલ માત્ર હમાસ સામે લડી રહ્યું નથી, પરંતુ તે તમામ દેશો સામે લડી રહ્યું છે. જે બર્બરતાને પ્રોત્સાહન આપે છે.

# યુદ્ધ વચ્ચે હમાસના સમર્થકોએ ઇઝરાયલના ધ્વજ સળગાવ્યા

। નવી દિલ્હી, તા.૧૦ ।

ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચે ૭ ઓક્ટોબરે શરૂ થયેલું યુદ્ધ ભયાનક તબક્કે પહોંચી ગયું છે. આ યુદ્ધની વચ્ચે ઓસ્ટ્રેલિયાનું ઓપેરા હાઉસ ઈઝરાયેલના ધ્વજના વાદળી અને સફેદ રંગમાં રંગાઈ ગયું હતું. પરંતુ પેલેસ્ટાઈન સમર્થકો આનાથી નારાજ થયા હતા. તેના વિરોધમાં મોટી સંખ્યામાં હમાસ સમર્થકો એકઠા થયા હતા અને ઈઝરાયેલના ઝંડાને સળગાવવાનો પ્રયાસ કર્યો હતો. ઈઝરાયેલના ધ્વજના રંગોમાં ઓપેરા હાઉસની રોશનીથી પેલેસ્ટિનિયનો ગુસ્સે થયા હતા. કહેવામાં આવી રહ્યું છે કે ઓપેરા હાઉસની બહાર લગભગ ૨૦૦૦ લોકો એકઠા થયા હતા. ઈઝરાયેલના ધ્વજને આગ લગાડવામાં આવી હતી. પોલીસે



પેલેસ્ટાઈનના સમર્થકોને રોકવા માટે સિડની ઓપેરા હાઉસની આસપાસ સ્ટીલ કોર્ડન ગોઠવી દીધું હતું. આ રેલીનું આયોજન પેલેસ્ટાઈન એક્શન ગ્રુપ સિડની દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. આ દરમિયાન કેટલાક પ્રદર્શનકારીઓએ માસ્ક પહેર્યા હતા. આ દરમિયાન પ્રદર્શનકારીઓ ઈઝરાયેલ વિરોધી અને યહૂદી વિરોધી નારા લગાવી રહ્યા હતા. ભીડમાં કેટલાક લોકો અલ્લાહુ અકબરના નારા પણ લગાવી રહ્યા હતા. કેટલાકે તો ઈઝરાયેલના ધ્વજને કચડી નાખતા પહેલા સળગાવવાનો પ્રયાસ કર્યો હતો.

અગાઉ ઓસ્ટ્રેલિયન પોલીસે સિડનીના યહૂદી સમુદાયને આ વિસ્તારથી દૂર રહેવા કહ્યું હતું. નોંધનીય છે કે ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચેના આ યુદ્ધમાં અત્યાર સુધીમાં લગભગ ૧૧૦૦ ઈઝરાયલી લોકોના મોત થયા છે. ઈઝરાયેલ અને હમાસના આતંકવાદીઓ વચ્ચે ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે. બંને તરફથી હુમલા ચાલુ છે. આ યુદ્ધ હમાસના આતંકવાદીઓ દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું, ત્યારબાદ ઈઝરાયેલે જોરદાર વળતો હુમલો કર્યો હતો. ઈઝરાયેલે હમાસના આતંકવાદીઓના ઘણા ઠેકાણાઓને નષ્ટ કર્યા હતા. આતંકવાદી સંગઠન હમાસે શનિવારે ગાઝા પટ્ટીથી ઈઝરાયેલ પર અચાનક હજારો રોકેટ છોડ્યા હતા. આ સિવાય હમાસના આતંકવાદીઓએ હવાઈ, જમીન અને દરિયાઈ સીમાથી ઘૂસીને નાગરિકો પર હુમલો કર્યો હતો. હમાસના આ હુમલાઓમાં લગભગ ૭૦૦ નાગરિકો માર્યા ગયા છે. આ હુમલામાં ચાર અમેરિકન નાગરિકોના પણ મોત થયા હતા. વ્હાઈટ હાઉસે કહ્યું હતુ કે આ હુમલામાં ઘણા અમેરિકન નાગરિકો માર્યા ગયા છે. આવી સ્થિતિમાં અમેરિકાએ ઈઝરાયેલને સમર્થન આપતા ઘણા મોટા પગલા લીધા છે. અન્ય દેશોને પણ આ સંઘર્ષથી દૂર રહેવા ચેતવણી આપી છે.



જમ્મુ યુનિવર્સિટીના પુંચ કેમ્પસના ફેકલ્ટી સભ્યો અને વિદ્યાર્થીઓ યુથ ફેસ્ટિવલ સંગમ ૨૦૨૩ના આયોજિત કોકૂન વર્કશોપ દરમિયાન તેમના દ્વારા ઉપયોગમાં લેવાતા અને ક્ષતિગ્રસ્ત કોકન્સમાંથી બનાવેલા આર્ટવર્ક બતાવી રહ્યા છે.


# ઈઝરાયેલે કહ્યું વીણી વીણીને પતાવી દઇશું, ચારે તરફ વિનાશ

## હમાસના લડવૈયાઓએ ઇઝરાયેલ તરફ ૫,૦૦૦ થી વધુ રોકેટ છોડ્યા પછી હજારો લોકો માર્યા ગયા અને ઘણાને ઘાયલ કર્યા હતા

। નવી દિલ્હી, તા.૧૦ ।

મંગળવારે ગાઝામાં હમાસના બંદૂકધારીઓ અને ઈઝરાયેલી સૈનિકો વચ્ચે ભીષણ લડાઈઓ તીવ્ર થતાં મૃત્યુઆંક ૧૬૦૦ને વટાવી ગયો છે. હમાસના લડવૈયાઓએ ઈઝરાયેલ તરફ ૫,૦૦૦ થી વધુ રોકેટ છોડ્યા પછી હજારો લોકો માર્યા ગયા અને ઘણાને ઘાયલ કર્યા હતા. ત્યાર પછી જેરુસલેમે ગાઝાને નાકાબંધી લાદીને સંપૂર્ણ રીતે બ્લોક કરી દેવાની જાહેરાત કરી છે.

આ દરમિયાન, હમાસના કાસમ બ્રિગેડ્સે ગાઝામાં નાગરિકો પરના દરેક ઈઝરાયલી હુમલા માટે એક ઈઝરાયેલી બંધકને ફાંસી આપવાની ધમકી આપી છે. શનિવારના રોજ થયેલા ઓચિંતા હુમલાએ ઈઝરાયલની સૈન્ય અને ગુપ્તચર એજન્સીઓને સંપૂર્ણપણે ચોંકાવી દીધી હતી, કારણ કે હમાસના સેંકડો બંદૂકધારીઓ સરહદની વાડમાં છીંડા પાડીને ઘૂસી આવ્યા હતા. ગાઝા



પટ્ટીમાં આરોગ્ય મંત્રાલયે સોમવારે જણાવ્યું હતું કે હમાસના ખતરનાક હુમલા બાદ ઈઝરાયેલના જવાબી હુમલામાં ૬૮૦ થી વધુ લોકો માર્યા ગયા છે. મંત્રાલયે કહ્યું કે ૩,૭૦૦ થી વધુ લોકો ઘાયલ થયા છે.

શનિવારના હુમલા પછી ઈઝરાયેલે ગાઝા પટ્ટી પર હુમલો કર્યો છે, સેંકડો લક્ષ્યો પર હુમલો કર્યો છે અને મોટાપાયે વિનાશ શરૂ કરી દીધો છે. ઈઝરાયેલ પર હમાસ દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ હવે ઈઝરાયેલની સેના તેના ટાર્ગેટ પર ઝડપી હવાઈ હુમલા કરી રહી છે. આ શ્રેણીમાં ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સે સોમવારે સાંજે આ ટાર્ગેટ પર હવાઈ હુમલાનો વીડિયો જાહેર કર્યો છે. સોશિયલ મીડિયા પર જાહેર કરાયેલા ૧૪ સેકન્ડના ફૂટેજમાં રહેણાંક કોલોની પર એક પછી એક અનેક મિસાઈલ હુમલાઓ જોઈ શકાય છે. ગાઝા પટ્ટીમાં ઓછામાં ઓછા છ વિસ્ફોટો પછી, ઘેરા બદામી ધુમાડાના વાદળોએ સમગ્ર વિસ્તારને આવરી લીધો. આ વિડિયોમાં કેમેરો પછી એક સમયે ઘરો અને એપાર્ટમેન્ટ બ્લોક્સ હતા તેવા કોંક્રિટના ધુમાડાવાળા ગોળા બતાવવા માટે પેન અને ઝૂમ કરે છે. એવું લાગે છે કે આ સમગ્ર વિસ્તાર સંપૂર્ણપણે સમતળ થઈ ગયો છે. આ સમયગાળા દરમિયાન ત્યાં કોઈ હિલચાલ થઈ રહી નથી. બીજી બાજુ, હમાસે સોમવારે કહ્યું કે તેણે ઈઝરાયેલના હવાઈ હુમલાના જવાબમાં ઈઝરાયેલના દક્ષિણી શહેરો અશ્દોદ અને અશ્કેલોન તરફ ૧૨૦ રોકેટ છોડ્યા.

# લંડનમાં ઇઝરાયલ અને પેલેસ્ટાઇનના સમર્થકો વચ્ચે અથડામણ થઈ



। નવી દિલ્હી, તા.૧૦ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે છેલ્લા ચાર દિવસથી યુદ્ધ ચાલી રહ્યું છે. વિશ્વભરમાં યુદ્ધ બાદથી સતત દેખાવો થઈ રહ્યા છે. કોઈ ઈઝરાયેલનું સમર્થન કરી રહ્યું છે તો કોઈ પેલેસ્ટાઈનના સમર્થનમાં ઊભું છે. બ્રિટનમાં પણ યુદ્ધ બાદ બે જૂથો સામ સામે આવ્યા હતા. સોમવારે મોડી રાત્રે પેલેસ્ટાઈન અને ઈઝરાયલના સમર્થકો વચ્ચે અથડામણ થઈ હતી. આ ઘટના રાજધાની લંડનના હાઈ સ્ટ્રીટ કેન્સિંગ્ટન ટ્યુબ સ્ટેશન પર બની હતી. વિદેશી મીડિયાના અહેવાલો અનુસાર, લંડનમાં વિવિધ સ્થળોએ પેલેસ્ટાઈન અને ઈઝરાયેલના સમર્થનમાં પ્રદર્શન થઈ રહ્યા છે. કેટલીક જગ્યાએ પ્રદર્શનો હિંસક બની રહ્યા છે. સોમવારે સાંજે લગભગ છ વાગ્યે લંડનમાં ઈઝરાયેલી દૂતાવાસની બહાર મોટી ભીડ વધવા લાગી હતી. હજારો દેખાવકારો પેલેસ્ટાઈનના ધ્વજ લઈને ઈઝરાયેલ વિરુદ્ધ ધાર્મિક સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા. તો ત્યાં જ કેટલાક લોકોએ ઈઝરાયલ એમ્બેસી તરફ ફટાકડા ફોડવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન ઈઝરાયેલ સમર્થકો અને પેલેસ્ટાઈન સમર્થકો વચ્ચે અથડામણ થઈ હતી. પોલીસનું કહેવું છે કે અથડામણની માહિતી મળતાં જ અમે ત્યાં પહોંચી ગયા. અમે બંને જૂથના લોકોને અલગ કર્યા હતા. અમારી પ્રાથમિકતા વિસ્તારમાં શાંતિ જાળવવાની અને બને તેટલી વહેલી તકે તણાવનો અંત લાવવાની છે. મેટ્રોપોલિટન પોલીસે એક નિવેદન જાહેર કરીને કહ્યું કે બંને પક્ષો વચ્ચેની અથડામણ હવે સમાપ્ત થઈ ગઈ છે. ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનકે હમાસનું સમર્થન કરનારા લોકોને આતંકવાદી ગણાવ્યા છે.

## વિશેષ

### જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં મિલેટ્સ મેળો યોજાયો

# લોકો ફરી સ્વાસ્થ્યપ્રદ ખોરાક તરફ વળે તે માટે આંતરરાષ્ટ્રીય મીલેટ્સ ઉજવી રહ્યા છીએ : જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર

સ્વાદની લ્હાયમાં મનુષ્યે સ્વાસ્થ્ય ગુમાવ્યું છે. તેમ કહેવું ખોટું નહીં ગણાય. વધતી જતી બીમારીઓ પણ તેની સાબિતી આપે છે, આ સ્થિતિમાં લોકો ફરી બાજરી, જુવાર, સાંબો જેવા તૃણધાન્ય (મિલેટ્સ) તરફ વળે અને ખેડૂતો પણ જાડા તૃણધાન્ય પાકોનું વાવેતર વધારે તેવા આશય સાથે જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમરની અધ્યક્ષતામાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે તાલુકા કક્ષાના મીલેટ્સ મેળો યોજાયો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ-૨૦૨૩ને સમગ્ર વિશ્વ આંતરરાષ્ટ્રીય મીલેટસ્ વર્ષ તરીકે પણ ઉજવી રહ્યું છે.

ખેતીવાડી ખાતું અને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ મેળામાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હરેશભાઈ ઠુંમરે જણાવ્યું કે, બિનસ્વાસ્થ્યપ્રદ ખાન-પાનના કારણે લોકોનું સ્વાસ્થ્ય કથળ્યું છે. ત્યારે આ સ્થિતિમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના પ્રયાસોથી લોકો ફરી સ્વાસ્થ્યપ્રદ ખોરાક તરફ વળે તે માટે સમગ્ર વિશ્વ આંતરરાષ્ટ્રીય મીલેટ્સ ઉજવી રહ્યું છે. આ સાથે તેમણે રોગોથી બચવા પ્રણાલીત બાજરો, જુવાર જેવા તૃણધાન્ય અપનાવવા માટે હિમાયત કરી હતી. વ્યસન ત્યજવા અને તંદુરસ્ત રહેવા માટે તમાકુના માવા છોડી, દૂધમાંથી બનતા માવોની વાનગીઓ ખાવી જોઈએ તેમ જણાવતા તેમણે કહ્યુંકે, કૃષિ-ઋષિની સંસ્કૃતિને જીવંત રાખવા માટે સારા ખેડૂત બનવું પડશે. તેમ તેમણે ઉમેર્યું હતું. અંતમાં લોકો - ખેડૂતો અને પ્રજાકીય કાર્યો કરવા માટેની ઉત્સુકતા પણ વ્યક્ત કરી હતી. આ પ્રસંગે કૃષિ યુનિવર્સિટીના








કુલપતિ શ્રી વી.પી. ચોવટીયાએ જણાવ્યું કે, આપણો જૂનો ખોરાક એવો બાજરા, જુવાર ભૂલી જવાથી પોષણ ઘટવાની સાથે રોગોનું પ્રમાણ વધ્યું છે. આ સાથે આપણે તૃણધાન્ય પાકોના વાવેતરને પણ અવગણીયુ છે. ત્યારે હવે આંતરરાષ્ટ્રીય મીલેટ્સ યરની ઉજવણીથી લોકોમાં તૃણધાન્ય માટે જાગૃતિ આવી રહી છે ત્યારે મિલેટ્સના પોષણક્ષમ ભાવો પણ મળશે. વળી આ તૃણધાન્ય ઓછા ખાતર-પાણીથી થઈ શકે છે. આમ, તૃણધાન્યાની નિકાસ પણ વધશે તેનો ખેડૂતોને લાભ પણ મળશે. વધુમાં તેમણે મગફળી અને કપાસના પાકના સંવર્ધન માટે ખેડૂત ઉપયોગી સૂચનો કર્યા હતા નાયબ ખેતી નિયામક શ્રી એમ.એમ. કાસુન્દ્રાએ જમીન વારસામાં મળી, તેવી તંદુરસ્ત રહી નથી. આપણે જમીનને સુધારવી પડશે. તેની તંદુરસ્તી અને ફળદ્રુપતા વધારવા માટે પ્રાકૃતિક ખેતી શ્રેષ્ઠ વિકલ્પ તેમ તેમણે જણાવ્યું હતું. આ પ્રસંગે જાણીતા લોકસાહિત્યકાર શ્રી લાખણશીભાઈ ગઢવીએ લોકજીવન, લગ્નગીતો, કહેવતો, પૌરાણિક કથાઓ વગેરેમાં બાજરો, જુવાર વગેરે જેવા તૃણધાન્યના ઉલ્લેખોને ટાંકીને બરછટ અનાજ લોકોના આહાર-વિહારમાં કેટલું ઉપયોગી છે. તેને આગવી શૈલીમાં પ્રસ્તુત કર્યું. આ કાર્યક્રમના વિધિવત પ્રારંભ પૂર્વે કૃષિ યુનિવર્સિટીની બેકરી શાળાના બેકરી શાળામાં ફરજરત પ્રો. દિપ્તીબેન એસ. ઠાકરે આહારમાં મીલેટ્સનું મહત્વ અને તેના પોષક તત્વો વિશે વિગતવાર જાણકારી આપી હતી. પ્રગતિશીલ અને પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત શ્રી હિતેશભાઈ દોમડીયા એ પણ પ્રાકૃતિક ખેતી અને લાભોની વિસ્તૃત જાણકારી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધિ શ્રી મદદનીશ ખેતી નિયામક શ્રી એન.બી.ચૌહાણ કરી હતી. આ તકે ખેતીવાડી, બાગાયત,આત્મા, સખી મંડળ, પશુપાલન, વન વિભાગ, એસ.એસ.કે., બાજરા સંશોધન કેન્દ્ર, જી.એન. એફ.સી., આયુર્વેદિક, પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતનો સ્ટોલ આવા જુદા - જુદા ૧૩ જેટલા સ્ટોલ રાખવામાં આવ્યાં હતા. જેના મારફતે ખેડૂતોએ જુદી-જુદી યોજનાઓ વગેરેની જાણકારી મેળવી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રી મુકેશભાઈ કણસાગરા, તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી મંજુલાબેન ઠુંમર, જિલ્લા-તાલુકા પંચાયતના ચેરમેનશ્રી-સદસ્યશ્રીઓ, સાવજ ડેરીના ચેરમેન શ્રી દિનેશભાઈ ખટારીયા, સંશોધન નિયામક શ્રી માદરીયા, વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. એન.બી. જાદવ, જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી જે.ડી. ગોંડલિયા, નાયબ ખેતી નિયામક(તા. )શ્રી ડી.જી.રાઠોડ, નાયબ ખેતી નિયામક (વિ.) શ્રી એસ. એમ. ગધેસરિયા સહિતના અધિકારી પદાધિકારી અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતા.

## ન્યૂઝ બ્રિફ

### ભરૂચ-અંકલેશ્વરને જોડતો બ્રિજ સ્યુસાઇડ પોઇન્ટ બન્યો

| ભરૂચ, તા.૧૦ |

ભરૂચ અને અંકલેશ્વરને જોડતો નર્મદા મૈયા બ્રિજ લોકો માટે સુસાઈડ પોઈન્ટ બન્યો હોવાની સ્થિતિ બની છે. વાત જાણે એમ છે કે, આ નર્મદા મૈયા બ્રિજ પરથી છેલ્લા ૨૦ દિવસમાં ચાર જેટલા લોકોએ પડતું મૂક્યું હોવાની ઘટના સામે આવી છે. જેમાં એક યુવતીનો સ્થાનિક માછીમારો અને સ્મશાન સંચાલક ધર્મેશ સોલંકી દ્વારા બચાવ કરવામાં આવ્યો હતો. જોકે ૪ લોકો પૈકી હજુ પણ ૨ લોકોના મૃતદેહ હજી સુધી મળ્યા નથી. ભરૂચ અને અંકલેશ્વરને જોડતો નર્મદા મૈયા બ્રિજ ૨૦૨૧ માં લોકોની અવરજવર માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ૨૦૨૧થી લઈને ૨૦૨૩ સુધીમાં આ બ્રિજ ઉપરથી ૨૫ થી ૩૦ જેટલા લોકોએ નર્મદા નદીમાં છલાંગ લગાવીને મોતને વહાલું કર્યુ હતું. જેમાં કેટલાક લોકોના જીવ ગયા હતા અને કેટલાક લોકોનો બચાવ પણ થયો હતો જ્યારે કેટલાક લોકોની હજી સુધી ડેડબોડી પણ મળી નથી.

### સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રા સબજેલમાંથી કેદીએ વીડિયો વાયરલ કર્યો

| સુરેન્દ્રનગર, તા.૧૦ |

સુરેન્દ્રનગર જિલ્લાની જેલમાં લાલિયાવાડી ચાલતી હોય તેનો પુરાવો આપતો વીડિયો સોશિયલ મીડિયામાં હાલ ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે. ત્યારે ઈન્સ્ટાગ્રામની આ રિલથી જેલ પ્રશાસન તંત્ર અને અધિકારીઓની ગંભીર બેદરકારી ખુલ્લી પડી ગઈ છે. ધ્રાંગધ્રા સબજેલમાં રહેલા પાટડીના કેદીએ જેલમાંથી વીડિયો વાયરલ કરતા ચકચાર મચી ગઈ છે. મળતી માહિતી પ્રમાણે, ધ્રાંગધ્રા સબજેલમાં રાખવામાં આવેલા પાટડીના કેદીએ ઈન્સ્ટાગ્રામમાં રિલ બનાવી વાયરલ કરી છે. હાલ આ રિલ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર વાયરલ થઈ ગઈ છે.

**દાહોદ અને સુરેન્દ્રનગરની ઘટના** | અકસ્માતની જાણ થતા ગરબાડા પોલીસ ઘટના સ્થળે પહોંચીને વધુ કાર્યવાહી હાથ ધરી

# રાજ્યમાં બે ગમખ્વાર અકસ્માતે નવ લોકોનાં જીવ લીધા

## ટ્રક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો, જેમાં ૨ મહિલા અને ૧ પુરુષનું મોત નિપજ્યું છે, જ્યારે અકસ્માતમાં 3 લોકો ઘાયલ થતાં હોસ્પિટલ ખસેડાયા છે

| અમદાવાદ, તા.૧૦ |

સુરેન્દ્રનગર: રાજ્યમાં એક જ દિવસમાં બે ગોઝારા અકસ્માતની ઘટના બની છે. જેમાં ૯ લોકોનાં મોત નિપજ્યા છે. દાહોદ અને સુરેન્દ્રનગરમાં આજે મંગળવારે ગમખ્વાર અકસ્માત સર્જાયા હતા. આ બે અલગ-અલગ અકસ્માતમાં કુલ નવ લોકોના મોત થયા છે. દાહોદના ગરબાડામાં અલીરાજપુર હાઈવે પર રિક્ષા અને ટ્રક વચ્ચે અકસ્માતમાં છ લોકોનાં મોત નીપજ્યા છે અને એક વ્યક્તિ ઘાયલ છે.



જ્યારે સુરેન્દ્રનગરમાં સર્જાયેલા અકસ્માતમાં ૩ લોકોના મોત થયા છે, જ્યારે ૩ લોકો ઘાયલ થયા છે. લખતરના ઝમર ગામના પાટિયા પાસેનો અકસ્માત સર્જાયો હતો, જેમાં ૩નાં મોત થયા છે અને ૩ ઘાયલ થયા છે. અહીં ટ્રક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો, જેમાં ૨ મહિલા અને ૧ પુરુષનું મોત નિપજ્યું છે. જ્યારે અકસ્માતમાં ૩ લોકો ઘાયલ થતાં હોસ્પિટલ ખસેડાયા છે. સદાદ ગામથી લખતર જતાં પરિવારને અકસ્માત નડ્યો હતો. અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. જ્યારે પોલીસે ઘટના સ્થળે પહોંચી ટ્રાફિકને પૂર્વવત કરવાના પ્રયાસો હાથ ધર્યા હતા. દાહોદના ગરબાડામાં અલીરાજપુર હાઈવે પર રિક્ષા અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જેમાં છ લોકોનાં મોત નીપજ્યા છે. જ્યારે એક વ્યક્તિ ઘાયલ છે. અકસ્માતની જાણ થતા ગરબાડા પોલીસ ઘટના સ્થળે પહોંચીને વધુ કાર્યવાહી હાથ ધરી છે. હાલ ઈજાગ્રસ્તને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જ્યારે મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે લઈ જવાયા છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, ગરબાડાના અલીરાજપુર હાઈવે પરનાપાટિયાઝોલતળાવપાસેરિક્ષાઅનેટ્રકવચ્ચે અકસ્માત થયો હતો. જેમાં એકસાથે છ લોકોના મોત નીપજ્યા છે જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ છે. આ મૃતકોમાં એક જ પરિવારના બે લોકો અને અન્ય ચાર લોકોના મોત નીપજતા અરેરાટી વ્યાપી ગઈ છે. એક રિક્ષામાં થોડા રૂપિયા વધારે મેળવવાની લહાયમાં ગેરકાયદેસર રીતે લોકોને વધારે સંખ્યામાં બેસાડવામાં આવે છે. આ રિક્ષામાં પણ વધારે લોકોને બેસાડ્યા હોવાનું માનવામાં આવી રહ્યુ છે.

**ઇન્ડિયા ગેટ બાસમતી રાઈસએ**

# ‘અમદાવાદ’માં જનજાગૃતિ અને શિક્ષણ પહેલ ‘બાસમતી રાઈસનો કોમ્પ્રોમાઈસ’નું આયોજન કર્યું



| અમદાવાદ, તા.૧૦ |

KRBL લિમિટેડના ઈન્ડિયા ગેટ બાસમતી રાઈસ, વિશ્વની નંબર ૧ બાસમતી ચોખાની બ્રાન્ડે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઑફ ઈન્ડિયા (FSSAI)ના નેજા હેઠળ ઈટ રાઈટ ઈન્ડિયા પહેલ સાથે અમદાવાદ ખાતે જનજાગૃતિ અને શિક્ષણ પહેલ ‘બાસમતી રાઈસ નો કોમ્પ્રોમાઈસ’ નું આયોજન કર્યું હતું.

ડૉ. એચ.જી. કોશિયા, ફૂડ સેફ્ટી કમિશનર, ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન, ગુજરાત; કોક્લેવમાં મુખ્ય વક્તવ્ય આપ્યું હતું અને ભેળસેળના જોખમને રોકવા અને ખેડૂતોને વધુ તકો પૂરી પાડવાની દિશામાં એક પગલું આગળ વધારનારી પહેલની પ્રશંસા કરી હતી. નિયમો એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ છે કે ગ્રાહકોને તેઓ જે ગુણવત્તા માટે ચૂકવણી કરે છે તે ગુણવત્તા તેઓ પ્રાપ્ત કરે.

૧લી ઓગસ્ટ ૨૦૨૩ ના રોજથી નિયમો અમલમાં આવ્યા છે, ઈન્ડિયા ગેટ બાસમતી ચોખાએ આ પહેલ દ્વારા આરોગ્યપ્રદ આહારની આદતોને પ્રોત્સાહન આપવા, સંતુલિત પોષણને પ્રોત્સાહિત કરવા અને સમગ્ર ભારતમાં ગ્રાહકોમાં ખાદ્ય સુરક્ષાની જાગરૂકતા વધારવામાં આગેવાની લીધી છે તાજેતરમાં બાસમતી ચોખા માટે ઓળખના ધોરણો પર FSSAI નિયમો બહાર પાડ્યા તે અંતર્ગત વ્યાપક જાગૃતિ ફેલાવવામાં આવી છે. KRBL દ્વારા FSSAI ગુજરાતના મદદનીશ નિયામક સુકન્યા પોદ્દુગાલા; સુશ્રી અનિંદિતા મહેતા, ચીફ જનરલ મેનેજર અને લેબ ડાયરેક્ટર, કન્ઝ્યુમર એજ્યુકેશન એન્ડ રિસર્ચ સેન્ટર, ગુજરાત, શેફ સૂર્ય નારાયણ, હયાત રીજન્સી, અમદાવાદ અને આયુષ ગુપ્તા, બિઝનેસ હેડ - ઈન્ડિયા માર્કેટ, KRBL લિમિટેડ પોદ્દુગાલાની હાજરીમાં અમદાવાદમાં ‘બાસમતી રાઈસ નો કોમ્પ્રોમાઈઝ’ કોક્લેવનું આયોજન કરવામાં આવ્યું હતું

“બાસમતી રાઈસ નો કોમ્પ્રોમાઈસ” પહેલને બિરદાવતા, ડૉ. એચ.જી. કોશિયા, કમિશ્નર ઑફ ફૂડ સેફ્ટી, ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન, ગુજરાત જણાવ્યું હતું કે, જો આપણે આજથી ૬૦-૭૦ વર્ષ પાછળ જોઈએ તો, ભારતમાં અનાજની અછત હતી, અને પૂરતું ખાવા નહતું મળતું. લોકો અનાજ બચાવવા માટે ભોજન છોડી દેતા હતા. કૃષિમાં અદ્યતન ટેકનોલોજીને લીધે, ભારત હવે અનાજ અને અન્ય ખાદ્ય ઉત્પાદનોના ઉત્પાદનમાં સરપ્લસ છે.

**કેન્દ્રિય નીતિ આયોગના સભ્ય રમેશ ચંદજીની સ્ટેચ્યુ ઓફ યુનિટીની યાદગાર મુલાકાત**

# સરદાર સાહેબની આ વિરાટ પ્રતિમા યુવાપેઢીને એક સૂત્રમાં બાંધીને નવા રાષ્ટ્રના નિર્માણમાં સિંહફાળો આપવા પ્રેરિત કરશે રમેશ ચંદજી

## સરદાર સરોવર ડેમ, શૂલપાણેશ્વર મહાદેવ મંદિર અને જંગલ સફારી પાર્કની રોમાંચક સફર માણતા નીતિ આયોગના સભ્ય રમેશ ચંદજી

| દીપક જગતાપ રાજપીપળા, તા.૧૦ |

કેન્દ્રિય નીતિ આયોગના સભ્ય રમેશજી ચંદજી તેમના ધર્મ પત્ની સાથે વૈશ્વિક પ્રવાસન સ્થળ સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગરની ખાસ મુલાકાતે પધાર્યા હતા. સરદાર સાહેબની વિશ્વની સૌથી વિરાટતમ પ્રતિમાને પ્રથમ નજરે જોતાંજ રમેશ ચંદજીએ અખંડ ભારતના નિર્માતા સરદાર વલ્લભભાઈ પટેલની ભવ્યતા નિહાળીને ધન્યતા અનુભવી હતી.

રમેશ ચંદજીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં પ્રસ્થાન કરીને સરદાર સાહેબના પ્રાસંગિક તથા ઐતિહાસિક જીવન કવનની ઝાંખી કરાવતા તસ્વીરી પ્રદર્શન અને શોર્ટ ફિલ્મ નિહાળી હતી. ઉપરાંત, રમેશજીએ સરદાર સાહેબની પ્રતિમાના હદયસ્થાનેથી વિંધ્યાચલ-સાતપૂડા ગિરિમાળાનું પ્રાકૃતિક સૌંદર્ય નિહાળીવાનું સૌભાગ્ય મળતા જીવનની યાદગાર ક્ષણ ગણાવી હતી. અહીં એસ.ઓ.યુ.ના ગાઈડ પ્રતાપભાઈ તડવીએ માહિતી પુરી પાડી હતી. સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત બાદ સરદાર વલ્લભભાઈ પટેલ ઝૂઓલોજીકલ પાર્ક (જંગલ સફારી)ની મુલાકાત રમેશ ચંદજી માટે ખુબ જ રોમાંચક રહી હતી. દેશ-વિદેશના પક્ષી-પ્રાણીઓ સહિત ઈન્ડીયન બર્ડ એવીયરીમાં ડુમખલ પોપટને નિહાળીને તેઓએ આનંદ વ્યક્ત કર્યો હતો. ચંદજીએ જંગલ સફારીના વિવિધ વિભાગોની મુલાકાત સહિત વન્ય જીવોના ખોરાક, સુવિધાઓ તેમજ કર્મયોગી દ્વારા લેવામાં આવતી ખાસ કાળજી અંગે ગાઈડ પાસેથી ઝીણવટપૂર્ણ માહિતી મેળવી હતી.

સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત બાદ નર્મદા ડેમ સાઈટ અને શૂલપાણેશ્વર મહાદેવ મંદિરમાં દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. રમેશ ચંદજીએ પોતાના પ્રતિભાવમાં જણાવ્યું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની આ વિશાળ



પ્રતિમા એકતાનું પ્રતિક છે, જે દેશવાસીઓ અને ખાસ કરીને યુવાપેઢીને એક સૂત્રમાં બાંધીને નવા રાષ્ટ્રના નિર્માણમાં ફાળો આપવા પ્રેરિત કરશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે આવેલા રમેશ ચંદજી સાથે નાયબ કલેકટર પ્રોટોકોલ એન.એફ.વસાવા અને જિલ્લા આયોજન વિભાગના કર્મચારીઓ જોડાયા હતાં.

**ગુજરાતના ગીરના પૂર્વ ભાગમાં આંબરડી સફારી પાર્ક ખાતે**

# એશિયાઇ સિંહના સંરક્ષણ, જન જાગૃતિ અને પ્રવાસન ઉત્તેજન અર્થે ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા વિકાસ કાર્ય નિર્માણાધિન



| અમરેલી, તા.૧૦ |

એશિયાઈ સિંહના અંતિમ આવાસ સ્થાન એવા ગુજરાતના બૃહદ ગીરના પૂર્વ ભાગમાં આંબરડી સફારી પાર્ક ધારી, જિલ્લો અમરેલી ખાતે એશિયાઈ સિંહના સંરક્ષણ, જન જાગૃતિ અને પ્રવાસન ઉત્તેજન અર્થે ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા વિકાસ કાર્ય નિર્માણાધિન છે.

સમગ્ર ભારત વર્ષના ગૌરવ સમાન સિંહ અંતિમ સિંહ ગણતરીમાં ૬૭૪નો આંક આંબી ગયા જે સૌના માટે ગૌરવની વાત છે એવા એશિયાઈ સિંહની ડણક બૃહદ ગીરને દીપાવે છે. શોર્ય, બલિષ્ઠતા અને રાજસ્વ પ્રતિક એવા એશિયાઈ સિંહના પરિવારનું ગૌરવ શિલ્પ પાસાદાર શૈલીમાં રજૂ થયું છે. જે એશીયાઈ સિંહ પરિવારના ચરિત્રને બલિષ્ઠતા પૂર્વક રજૂ કરે છે. એશિયાઈ સિંહ પરિવારનું શિલ્પ ૧૬૫ ફૂટની લંબાઈ અને ૬૮ ફૂટ પહોળાઈનો બેઝ ધરાવે છે. જ્યારે સિંહ અને સિંહણના શિલ્પોના પૂંછડીથી પૂંછડીની લંબાઈ ૯૨ ફૂટ છે. જેમાં સિંહ શિલ્પની ઊંચાઈ ૩૧ ફૂટ છે તેના નાકથી પૂંછડી સુધીની લંબાઈ ૬૦ ફૂટ છે. જ્યારે સિંહણનું શિલ્પ ૨૧ ફૂટ ઊંચું છે અને તેની લંબાઈ ૪૬ ફૂટ છે.

બે બચ્ચાંના શિલ્પોમાં એક બચ્ચાની ઊંચાઈ ૯.૬ ફૂટ છે જેના નાકથી પૂંછડીની લંબાઈ ૧૬.૫ ફૂટ અને બીજા બચ્ચાની ઊંચાઈ ૮.૬ ફૂટ અને નાકથી પૂંછડીની લંબાઈ ૨૨ ફૂટ છે. આ પ્રભાવશાળી શિલ્પ ફેરોસીમેન્ટ સામગ્રીનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યું છે. આ શિલ્પ ને શિલ્પકાર આનંદ ટીકે અને શિલ્પકાર મયુર વાકાણી તથા ટીમ અમિત ફાઈબર ડેકોર દ્વારા બનાવામાં આવ્યું છે

**જામનગરમાંથી મોટા પ્રમાણમાં દારૂ પકડવાનો મામલો**

# દારૂ પ્રકરણમાં જામનગર પંચકોશી બી ડિવિઝનના PSI સસ્પેન્ડ કરાયા

## પોલીસે રૂપિયા ૨૨.૬૯ લાખની કિંમતનો પેટી દારૂનો જથ્થો જપ્તકર્યો છે જેને લઈને સ્થાનિક પોલીસની કામગીરી સામે સવાલો ઉઠ્યા હતા

| જામનગર, તા.૧૦ |

જામનગર ખાતે આવેલ દરેડ ગામના વિસ્તારમાંથી સ્થાનિક પોલીસને ઊંઘતી રાખી સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે દારૂનો જંગી જથ્થો ઝડપી લીધો હતો. રાજસ્થાની ગેંગ દ્વારા ગોડાઉન ભાડે રાખી દારૂનું વેચાણ કરાતું હતું. પોલીસે રૂપિયા ૨૨.૬૯ લાખની કિંમતનો પેટી દારૂનો જથ્થો જપ્ત કર્યો છે. જેને લઈને સ્થાનિક પોલીસની કામગીરી સામે સવાલો ઉઠ્યા હતા.

રેન્જ આઈ જી અશોક કુમાર ચોંકી ઉઠ્યા હતા અને તમણે કડક કાર્યવાહી કરી જ્યાંથી ૫૪૦૦ બોટલ દારૂ પકડાયો તે વિસ્તારના PSI એમ. એ. મોરીને સસ્પેન્ડ કરી દીધા છે. જેને લઈને પોલીસ આલમમાં ચર્ચા જાગી છે. કેસની વિગત એવી હતી કે સ્ટેટ મોનિટરિંગ સેલ-ગાંધીનગરની ટીમ થોડા દિવસો અગાઉ રાજકોટમાંથી ૧૨૦ પેટી દારુનો જથ્થા સાથે એક રાજસ્થાનીને ઝડપી લીધો હતો. જેની તપાસમાં જામનગર પંથકમાં વધુ દારૂ સંતાડયો હોવાનું સામે આવ્યું હતું. વધુમાં રામનારાયણ અર્જુનસિંહ કે જે મૂળ રાજસ્થાનના બાડમેર જિલ્લાનો છે, અને હાલ સત્યમ પાર્ક એચ.આર. રોડ દરેડ-જામનગર કે જે દરેડ વિસ્તારમાં ગોડાઉન ભાડેથી રાખી અને તેમાં દારૂનો મસમોટો જથ્થો સંતાડી રાખ્યો છે.તેવી વિગતો બહાર આવતા જ ગત શનિવારે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ પહોંચી હતી.

જ્યા તપાસમાં જામનગરના દરેડ વિસ્તારમાં ભવાની ફાર્મ નજીકના ૧૬૦ નંબરના પ્લોટ માં આવેલા એક્ ગોદામમાંથી જુદી જુદી બ્રાન્ડની રૂપિયા ૨૨,૬૯,૮૦૦ ની કિંમતનો ૫,૪૦૦ બોટલ દારૂનો જથ્થો ઝડપાયો હતો. તપાસમાં રાજસ્થાનથી આવેલ દારૂ રાજસ્થાનના વતની અનિલ સાહૂ બિશ્નોઈ (ચિતલગાઢ દારૂનો ધંધો ચલાવનાર અને કટીંગ કરનાર મુખ્ય આરોપી), ગોગી જબરામ બિશ્નોઈ (રહે. રાજસ્થાનના સાચોર જિલ્લાના ચિત્તલ, દારૂની પ્રવૃત્તિ ચલાવનાર અને કટીંગ કરનાર મુખ્ય આરોપી) વધુમાં તેની સાથે મુકેશકુમાર સુખરામ હરલાલ ગોદારા કે જે મૂળ રાજસ્થાનના સાચોર જિલ્લાના સરવાના ગામનો વતની છે, અને તે દરેડમાં ભાડાના ગોડાઉનમાં દારૂનો જથ્થો સંગ્રહ કરી અને ડીલેવરીની કામગીરી કરે છે.

# ભોપાલ ડિવિઝનમાં નોન-ઇન્ટરલોકિંગ કામના કારણે અમદાવાદ ડિવિઝનની કેટલીક ટ્રેનો ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડશે

| અમદાવાદ, તા.૧૦ |

પશ્ચિમ મધ્ય રેલવેના ભોપાલ ડિવિઝન પર બુદની-બરખેડા સેક્શનમાં ત્રીજી લાઈન કમિશનિંગ સંબંધમાં નોન-ઈન્ટરલોકિંગ કામને કારણે, અમદાવાદ ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનો ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે. જેની વિગતો નીચે મુજબ છે:

૧. ૧૫ થી ૨૭ ઓક્ટોબર ૨૦૨૩ સુધી અમદાવાદથી દોડતી ટ્રેન નંબર ૧૯૪૮૩ અમદાવાદ બરૌની એક્સપ્રેસ તેના નિર્ધારિત રૂટ ઉધના-જલગાંવ-ખંડવા-ઈટારસી-ભોપાલ-નિશાતપુરા ને બદલે પરિવર્તિત માર્ગ વાયા આણંદ-છાયાપુરી-નાગદા-સંત હિરદારામ નગર-નિશાતપુર ના માર્ગ પર થી દોડશે.

૨. ૧૫ થી ૨૭ ઓક્ટોબર ૨૦૨૩ સુધી બરોની થી દોડતી ટ્રેન સંખ્યા ૧૯૪૮૪ બરોની અમદાબાદ એક્સપ્રેસ તેના નિર્ધારિત માર્ગ નિશાતપુરા- ભોપાલ- ઈટારસિ- ખંડવા- જલગાંવ- ઉધના ને બદલે પરિવર્તિત માર્ગ વાયા નિશાતપુરા-સંત હિરદારામ નગર- નાગદા-છાયાપુરી-આણંદ ના માર્ગ પર થી દોડશે .

૩. ૨૬ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ અમદાવાદ થી ઉપડતી ટ્રેન સંખ્યા ૧૯૪૩૫ અમદાવાદ-આસનસોલ સાપ્તાહિક એક્સપ્રેસ તેના નિર્ધારિત માર્ગ ઉધના- જલગાંવ- ખંડવા- ઈટારસી- ભોપાલ-નિશાતપુરા ને બદલે પરિવર્તિત માર્ગ વાયા આણંદ-છાયાપુરી-નાગદા-સંત હિરદારામ નગર-નિશાતપુરા ના માર્ગ પર થી દોડશે.

૪. ૧૫ થી ૨૭ ઓક્ટોબર ૨૦૨૩ સુધી જબલપુરથી દોડતી ટ્રેન નંબર ૧૧૪૬૪ જબલપુર-સોમનાથ એક્સપ્રેસ તેના નિર્ધારિત માર્ગ જબલપુર-ઈટારસી-ભોપાલને બદલે પરિવર્તિત માર્ગ વાયા જબલપુર-કટની મુદ્વારા-બીના-ભોપાલ ના માર્ગ પર થી દોડશે.

૫. ૧૭ થી ૨૭ ઓક્ટોબર ૨૦૨૩ સુધી, વેરાવળથી દોડતી ટ્રેન નંબર ૧૧૪૬૩ સોમનાથ-જબલપુર એક્સપ્રેસ તેના નિર્ધારિત રૂટ ભોપાલ-ઈટારસી-જબલપુરને બદલે પરિવર્તિત માર્ગ વાયા ભોપાલ- બીના-કટની મુદ્વારા- જબલપુરના માર્ગ પર થી દોડશે.

સ્ટોપેજ, રૂટ, સમય અને ટ્રેનની રચના અંગેની વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
CNN CHANNEL NINE NETWORK GUJARAT
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર “ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત” દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

# ડેન્ગ્યુનો આતંક : 3 દિવસમાં ૨ દર્દીઓ મોતને ભેટ્યાં

| અમદાવાદ, તા.૧૦ |

અમદાવાદ શહેરમાં ડેન્ગ્યુનો કહેર વધ્યો છે. ત્યારે ૮ દિવસમાં ડેન્ગ્યુનાં ૧૧૦ પોઝિટિવ કેસ નોંધાયા હતા. અમદાવાદમાં ડેન્ગ્યુનાં કારણે વધુ એક વ્યક્તિનું મૃત્યંથિયું છે. ત્રણ દિવસમાં ડેન્ગ્યુથી ૨ દર્દીઓનાં મૃત્યું થયા છે. ત્યારે ૧૦ દિવસની ડેન્ગ્યુની સારવાર બાદ હોસ્પિટલમાં મૃત્યું નિપજ્યું હતું. વરસાદ બાદ શહેરમાં ડેન્ગ્યુ, મેલેરિયા તેમજ ચિકનગુનિયાનાં કેસમાં વધારો નોંધાયો છે. વરસાદ બાદ શહેરમાં અનેક જગ્યાએ ગંદકીનાં કારણે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. જેને લઈ કોર્પોરેશન દ્વારા શહેરમાં ફોંગિંગની અને દવા છંટકાવની કામગીરી શરૂ કરી છે. આ બાબતે એએમસીનાં આરોગ્ય અધિકારી ડૉ. ભાવિન સોલંકીએ જણાવ્યું હતું કે, હેલ્થ વિભાગ દ્વારા મચ્છરજન્ય કેસ બાબતે સાદા મેલેરિયાનાં ૧૨ કેસ, ડેન્ગ્યુનાં ૧૧૦ કેસ અને ચિકનગુનિયાનાં ૫ કેસ નોધાવા પામ્યા છે. કોર્પોરેશન દ્વારા મચ્છરજન્ય કેસ અટકાવવા માટે ઈન્ટરડોમીસ્ટીક એક્ટિવીટી અને ફોગિંગની એક્ટીવીટી મુખ્ય કામગીરી કરવામાં આવી રહી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨